RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 30-09-2026 I VOL : 12 I Issue : 195 I Page : 8 I Price : 1.00/-


સુવિચાર

મૌન ઘણી વાર શબ્દો કરતાં વધારે જવાબ આપે છે.


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008



3 
ડભોઈના સહયોગ માર્કેટમાં ગંદકીના ગંજ : પાલિકા ભાડું વસૂલવામાં...

4 
પી.એમ. શ્રી કેન્દ્રીય વિદ્યાલય આબુ પર્વત ખાતે ઉદયપુર સંકુલ સ્તરીય...

6 

સૂરજ બડજાત્યાની 'યે પ્રેમ મોલ લિયા'માં નવરાત્રીનો રંગ, હિમેશ રેશમિયાનું...

7 
વન-ડે વર્લ્ડ કપ 2027નું શેડ્યૂલ 1 ઓક્ટોબરે જાહેર થશે


## એક નજર...

### આયેશા ખાને ડીપ-નેક બોડીકોન ડ્રેસમાં લગાવી આગ



અભિનેત્રી આયેશા ખાને તાજેતરમાં જ સોશિયલ મીડિયા પર પોતાની કેટલીક ગ્લેમરસ તસવીરો શેર કરી છે. બોડીકોન ડ્રેસમાં તે કહેર વર્તાવતી જોવા મળી.

આયેશા ખાને પોતાના ઈન્સ્ટાગ્રામ પર કેટલીક તસવીરો શેર કરી છે, જેમાં તેનો ગ્લેમરસ લુક જોઈને ચાહકો નજર હટાવી શકતા નથી.

## NEWS TRACK

### 'POKના લોકોને ભારત આવવું છે': 115 દિવસના આક્રોશ પછી આરપારની લડાઈ

પીઓકે (પાકિસ્તાનના કબજાવાળા કાશ્મીર)માં આઝાદીના અવાજો વધુ તેજ બની ગયા છે. LOCથી લગભગ 7 કિમી દૂર આવેલા મંધોલમાં 25 હજાર લોકોની ભીડ આંદોલન પર બેઠી છે. પાકિસ્તાની સેનાના વડા આસિમ મુનીર અને પાકિસ્તાનના પીએમ શહબાઝ શરીફ વિરુદ્ધ નારા ગુંજી રહ્યા છે. જોઈન્ટ અવામી લીગ (જેએએલ)ના નેતાઓ હવે આરપારની લડાઈ માટે કમર કસી ચૂક્યા છે. તેમણે સ્પષ્ટ જાહેરાત કરી છે કે પાકિસ્તાન સરકારે પૂંછ અને મેંધરનો રસ્તો ખોલવો પડશે. આ રસ્તો ભારત તરફ જાય છે. પ્રદર્શનકારીઓનું કહેવું છે કે અમે ભારત સાથે જોડાવા માંગીએ છીએ. પાકિસ્તાની સરકારે પ્રદર્શનોને કારણે પીઓકેની સપ્લાય લાઈન કાપી નાખી છે. લોકો પાસે લોટ અને અન્ય ખાદ્ય સામગ્રી નથી. 5 જૂનથી પીઓકેમાં ચાલી રહેલા આંદોલનના 115મા દિવસે સોમવારે મંધોલ વિસ્તારમાં ભારે ગતિવિધિ જોવા મળી. પીઓકેના મુઝફ્ફરાબાદથી હવે લોકો એલઓસી પાસે એકત્ર થવા લાગ્યા છે. જેએએલના નેતાઓની અપીલ પર દરરોજ એલઓસી પર ભીડ વધી રહી છે.

### મ્યાનમારે રાખાઈન રાજ્યમાં એરસ્ટ્રાઈક કરી, 49નાં મોત: સેનાએ બજાર નજીક બોમ્બ ફેંક્યા

મ્યાનમારની સેનાએ સોમવારે પશ્ચિમી રાખાઈન રાજ્યમાં એક બજાર પાસે હવાઈ હુમલો કર્યો. તેમાં ઓછામાં ઓછા 49 લોકોનાં મોત નીપજ્યાં છે અને 58 લોકો ઘાયલ થયા છે. આ વિસ્તાર શક્તિશાળી બળવાખોર સંગઠન અરાકાન આર્મીના કબજામાં છે. હુમલા સમયે બજારમાં દુકાનદારો અને ગ્રાહકોની ભીડ હતી. અરાકાન આર્મીએ હુમલામાં લોકોનાં મોત થયાની માહિતી આપી છે. અરાકાન આર્મી અનુસાર, સેનાના લડાકુ વિમાને બજાર પાસે બે બોમ્બ ફેંક્યા હતા. ઘાયલોમાંથી 22ની સ્થિતિ ગંભીર છે. જોકે, મ્યાનમારની સેનાએ હુમલા અંગે કોઈ નિવેદન આપ્યું નથી. અરાકાન આર્મીએ મંગળવારે વહેલી સવારે જારી કરેલા નિવેદનમાં જણાવ્યું કે તે હુમલા માટે જવાબદાર લોકો અને સંગઠનો વિરુદ્ધ ટૂંક સમયમાં વળતી કાર્યવાહી કરશે. સંગઠને આરોપ લગાવ્યો કે જાણીજોઈને કરવામાં આવેલા હવાઈ હુમલાઓમાં મોટી સંખ્યામાં નિર્દોષ લોકોનાં મોત થયાં છે. મ્યાનમારની સેનાએ હુમલા અંગે તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી નથી.

## કોંગ્રેસની ચૂંટણી પંચ-સરકાર વિરુદ્ધની રણનીતિ અંગે બેઠક

# PM મોદી જ CEC જ્ઞાનેશ કુમારનું રાજીનામું લેશે, CWCની બેઠકમાં રાહુલ ગાંધીનો દાવો

નવી દિલ્હી

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ મંગળવારે મુખ્ય ચૂંટણી કમિશનર વિવાદ પર મોટું નિવેદન આપ્યું છે. કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, મુખ્ય ચૂંટણી કમિશનરે પદ છોડવું જ પડશે અને તેમનું રાજીનામું વડાપ્રધાન પોતે કરાવશે. આ દરમિયાન તેમણે બેઠકમાં 3 મહત્ત્વના પ્રસ્તાવો રજૂ કર્યા




હતા અને ચૂંટણી પ્રક્રિયામાં કથિત ગોટાળા સામે દેશવ્યાપી આંદોલનની જાહેરાત કરી હતી. CWCની બેઠકમાં રાહુલ ગાંધીએ કહ્યું કે, 'તમને લોકો(નેતાઓ)ને મારામાં વિશ્વાસ નથી. તમે વિશ્વાસ નથી કરતા પરંતુ હું તમને કહું છું, હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીઅને ગૃહમંત્રી અમિત શાહ પાસે બેઠક માટે ગયો ત્યારે તેમણે કહ્યું કે અમે પણ એ જ કરી રહ્યા છીએ, જે ઈન્દિરા ગાંધી કરતાં હતાં. બેઠકમાં તેમણે એમ પણ કહ્યું કે તેમને ખબર છે અને તેમણે પોતે મને કહ્યું કે, અમે જઈશું ત્યારે તમે આવશો. જો તેઓ એવો વિશ્વાસ રાખતા હોય કે અમે સત્તામાં આવીશું, તો તમે પણ મારા પર ભરોસો રાખો. ઈન્ડિયા ગઠબંધનની બેઠક બાદ અમે નક્કી કરીશું કે રામલીલા મેદાનમાં રેલી કરવી કે રાજ્યોમાં. રામલીલા મેદાનમાં મોટી રેલી યોજવાનો પ્રસ્તાવ અમે મૂકીશું.'

## ફૂડ પ્રોડક્ટ પર લખવું પડશે કે તેમાં આર્ટિફિશિયલ સ્વીટનર છે

### સુપ્રીમ કોર્ટે FSSAIને કહ્યું- નિયમો ઝડપથી લાગુ કરો

નવી દિલ્હી

ચિપ્સ અને કોલ્ડ્રિંક જેવા ખાવા-પીવાના ઉત્પાદનોમાં જો આર્ટિફિશિયલ સ્વીટનર એટલે કે કેલરી વિનાની મીઠાશ હોય, તો કંપનીએ પેકેટની આગળની બાજુએ ચેતવણી આપવી પડશે. તેમાં લખવું પડશે - 'CONTAIN NON CALORIC SWEETENER એટલે કે તેમાં આર્ટિફિશિયલ સ્વીટનર ઉમેરવામાં આવ્યું છે.' અગાઉ આ માહિતી પેકેટની પાછળની બાજુએ નાના અક્ષરોમાં આપવામાં આવતી હતી.




ફૂડ સેફ્ટી ઓથોરિટી FSSAIએ સોમવારે આ પ્રસ્તાવ સુપ્રીમ કોર્ટમાં રજૂ કર્યો. FSSAIએ કોર્ટને જણાવ્યું કે મીઠું-ખાંડ અથવા સેચ્યુરેટેડ ફેટની મર્યાદા વધુ હશે તો પેકેટની આગળની બાજુએ ષટકોણ લાલ નિશાન લગાવવાનો નિયમ સિંગલ ફેઝમાં લાગુ કરવામાં આવશે. અગાઉ તે 2 ફેઝમાં લાગુ થવાનો હતો. જણાવી દઈએ કે આર્ટિફિશિયલ સ્વીટનરનું વધુ પ્રમાણમાં સેવન કરવાથી ડાયાબિટીસ અને હાર્ટ એટેક જેવી ગંભીર બીમારીઓનું જોખમ વધી જાય છે.

## જ્ઞાનેશ કુમાર સરકારના હાથનું રમકડું બન્યા: ખડગે

નવી દિલ્હી

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા મંગળવારે કોંગ્રેસ વર્કિંગ કમિટી(CWC)ની બેઠકમાં ચૂંટણી પંચ અને કેન્દ્રની મોદી સરકાર સામે ગંભીર આરોપો મૂકવામાં આવ્યા છે. તેમણે દેશના લોકતંત્ર અને બંધારણની રક્ષા કરવાની જવાબદારી કોંગ્રેસના શિરે હોવાનું જણાવીને સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આરોપ લગાવ્યો છે કે, 'છેલ્લા 12 વર્ષમાં મોદી સરકાર દ્વારા દેશના મજબૂત લોકતાંત્રિક પાયાને યોજનાબદ્ધ રીતે નબળો પાડવામાં આવ્યો છે. કાવતરાના ભાગરૂપે મતદાર યાદી(વૉટર લિસ્ટ)માંથી લોકોના નામ હટાવવામાં આવી રહ્યા છે અને મુખ્ય ચૂંટણી કમિશનર(CEC) મોદી સરકારના ઈશારે કામ કરી રહ્યા છે.' ખડગેએ મુખ્ય ચૂંટણી કમિશનરને તાત્કાલિક પદ પરથી હટાવવાની તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે નૈતિકતાના આધારે રાજીનામાની માગણી કરી છે.

## સુપ્રીમ કોર્ટે કહ્યું- 2700 રૂપિયાની કેન્સરની દવાની MRP ₹27 હજાર

### ખાનગી હોસ્પિટલો ઉદ્યોગની જેમ કામ કરી રહી છે; કેન્દ્રને પૂછ્યું- 16%થી વધુ માર્જિન શા માટે

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે મંગળવારે કેન્દ્ર સરકારને પૂછ્યું કે દવાઓની MRP રિટેલ કિંમત કરતાં 16%થી વધુ શા માટે હોવી જોઈએ. કોર્ટે સવાલ કર્યો કે તમામ દવાઓ પર મહત્તમ 16% માર્જિનની મર્યાદા કેમ નક્કી કરી શકાય નહીં. દવાઓ માટે અલગ-અલગ નિયમો શા માટે છે.

કોર્ટે કેન્સરની એક દવાનું ઉદાહરણ આપ્યું, જેની રિટેલ કિંમત આશરે 2,700 હતી, પરંતુ MRP 27 હજાર હતી. કોર્ટે પૂછ્યું કે જો દર્દી સરકારી યોજનામાં સારવાર કરાવી રહ્યો હોય તો આટલી વધેલી કિંમતનું ચુકવણી કોણ કરે છે. તેનો બોજો સરકારી તિજોરી અને કરદાતાઓ પર જ પડે છે.

કોર્ટે કહ્યું કે ખાનગી હોસ્પિટલો ઉદ્યોગની જેમ કામ કરી રહી છે. તેઓ દર્દીઓને પોતાની ફાર્મસીમાંથી જ દવા ખરીદવા માટે મજબૂર કરે છે. કોર્ટે હોસ્પિટલોના નફા અને દવાઓની કિંમત નક્કી કરવા માટે એક સમાન નિયમની જરૂરિયાત અંગે પણ સવાલ ઉઠાવ્યો. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે દવાઓની કિંમત, જેનરિક દવાઓના પ્રિસ્ક્રિપ્શન અને મેડિકલ ડિવાઈસના નિયંત્રણ સાથે જોડાયેલી અરજીઓ પર સુનાવણી કરી.

# મહારાષ્ટ્રના નંદુરબારમાં કાયદો-વ્યવસ્થાની સરેઆમ ધજાગરા, નવાપુર ખાતે ધમધમી રહ્યો છે દેશનો સૌથી મોટો ગેરકાયદે જુગારનો મહા-અડ્ડો!

## "લાખોની હપ્તા વસૂલી, ખુલ્લેઆમ ડ્રગ્સ-દારૂની મહેફિલો અને કરોડોનો જુગાર" - શું પપ્પુ ગોસ્વામી, રઈસ શેખ અને સુરજ જયસ્વાલ આગળ લાચાર બની ગઈ છે મહારાષ્ટ્ર પોલીસ?

નંદુરબાર (મહારાષ્ટ્ર)

મહારાષ્ટ્રની કાયદો-વ્યવસ્થા અને પોલીસ પ્રશાસનની સાખને સીધો પડકાર ફેંકતો એક અત્યંત સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. રાજ્યના નંદુરબાર જિલ્લાના નવાપુર પોલીસ સ્ટેશનની હદમાં અપરાધીઓના હોંસલા એટલા બુલંદ થઈ ગયા છે કે ત્યાં ખાખી વર્દીની મિલીભગતથી ખુલ્લેઆમ કરોડો રૂપિયાનું ગેરકાયદે જુગારનું સામ્રાજ્ય ચલાવવામાં આવી રહ્યું છે. એકતા હોટલ પાસે શેડ બનાવીને, જાન તલાવ હનુમાન મંદિર પાસે તથા જિંદલ પેટ્રોલ પંપ પાછળ બનેલા બંગલોમાં મોટા પાયે ત્રણ પત્તી અને 'ઘોડી'નો ગેરકાયદેસર જુગાર બેરોકટોક ધમધમી રહ્યો છે.

'પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર'ના આ વિશેષ ફ્રન્ટ પેજ ખુલાસામાં અમે ફાશ કરી રહ્યા છીએ તે ભયાનક સિન્ડિકેટનો, જેના આગળ આખું સ્થાનિક પોલીસ પ્રશાસન નતમસ્તક નજરે પડી રહ્યું છે.

### ગુજરાત, નાશિક, દમણ અને મધ્યપ્રદેશથી આવે છે મોટા-મોટા બુકીઓ અને ગેંગસ્ટરો!

સૂત્રો પાસેથી પ્રાપ્ત અત્યંત ચોંકાવનારી માહિતી મુજબ, આ ગેરકાયદે જુગારના અડ્ડા પર દરરોજ રાત્રે ગુજરાત, નાશિક, દમણ અને મધ્યપ્રદેશથી અંદાજે ૧૨૦ થી ૧૫૦ લક્ઝરી ગાડીઓ આવે છે. દેશના નામચીન બુકીઓ, અપરાધીઓ અને ગેંગસ્ટરો આ અડ્ડા પર પોતાની કિસ્મત આજમાવવા પહોંચે છે, જ્યાં દરરોજ કરોડો રૂપિયાની હાર-જીતનો ખેલ રમાય છે.

હદ તો ત્યારે થઈ જાય છે જ્યારે આ જુગારના અડ્ડા પર આવનારા શોખીનો માટે માત્ર જુગાર જ નહીં, પરંતુ દારૂ, યુવતીઓ અને ડ્રગ્સ જેવી ગેરકાયદે ચીજવસ્તુઓ પણ ધડથી પીરસવામાં આવે છે. જે માંગો તે હાજર - આ તર્જ પર ચાલી રહેલા આ સિન્ડિકેટે નવાપુરને અપરાધનું ગઢ બનાવી દીધું છે.

### સ્થાનિક પોલીસ અને એસપી કચેરી સામે ગંભીર સવાલો: શું પૈસાના વજનથી દબાઈ ગયા છે અધિકારીઓ?

સૌથી મોટો અને ગંભીર સવાલ એ ઉભો થાય છે કે શું નવાપુર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટરને આટલી બધી બહારની ગાડીઓ અને ચાલી રહેલા આ ગેરકાયદે કારોબારની ભનક નથી? શું ક્યારેય પોલીસે આ શંકાસ્પદ ગાડીઓની ચકાસણી કરી છે?

આરોપો લાગી રહ્યા છે કે દર મહિને લાખો રૂપિયાની હપ્તા વસૂલીનો ખેલ ચાલી રહ્યો છે, જેના કારણે સ્થાનિક પોલીસ સંપૂર્ણપણે આંખ આડા કાન કરીને બેઠી છે. પરિસ્થિતિ એટલી હદે બગડી ચૂકી છે જ્યારે જવાબદાર પોલીસ (SP) ને આ ગોરખધંધાની સૂચના આપવામાં આવે છે, ત્યારે તેઓ રાત્રે ફોન ઉપાડવાની તસ્દી પણ લેતા નથી, પરંતુ ઊલટાનું સૂચના આપનાર નાગરિકો અને વ્હિસલબ્લોઅરને જ ધમકાવવાનું કામ કરે છે!

રેજ આઈજી (Range IG) ના સ્તરેથી પણ કોઈ નક્કર કાર્યવાહી ન થવાને કારણે સામાન્ય જનતામાં આ ચર્ચા આમ બની ગઈ છે કે શું નવાપુરના પીઆઈ અને જિલ્લા પોલીસ અધિક્ષક, પપ્પુ ગોસ્વામી, રઈસ શેખ અને સુરજ જયસ્વાલ જેવા જુગારીઓ સામે સંપૂર્ણપણે લાચાર બની ચૂક્યા છે? શું નંદુરબાર પોલીસે પોતાની ચૂડીઓ પહેરી લીધી છે?

### મુખ્યમંત્રી અને ડીજીપી સમક્ષ સીધી માંગ: તાત્કાલિક થાય સર્જિકલ સ્ટ્રાઈક રેડ!

રાજ્યના મુખ્યમંત્રી અને મહારાષ્ટ્રના ડીજીપી (DGP) ને સીધો પડકાર ફેંકતા આ સિન્ડિકેટના ગુર્ગાઓ ખુલ્લેઆમ ડિંગો હાંકે છે કે 'અમારા અહીં કોઈના બાપની તાકાત નથી જે રેડ મારી શકે!'

હવે સમય આવી ગયો છે કે રાજ્યનું શીર્ષ પ્રશાસન આ ખુલ્લા પડકારને સંજ્ઞાનમાં લે. જો મહારાષ્ટ્રના ડીજીપી દ્વારા આ ઠેકાણા પર અચાનક અને મોટી રેડ (છાપો) પાડવામાં આવે, તો દર્દીઓ અનેક ખતરનાક ક્રિમિનલો, ડ્રગ્સ તસ્કરો અને દેશભરના કુખ્યાત બુકીઓ રંગેહાથ ઝડપાઈ શકે છે.

'પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર'ની આ હૂંકાર હવે સિસ્ટમને હલાવવા માટે પૂરતી છે. શું ભ્રષ્ટ અધિકારીઓ પર ગાજ પડશે અને આ જુગાર માફિયાઓ પર બુલડોઝર ચાલશે? કે પછી કાયદો યુદ્ધ જ પૈસાના વજન નીચે દમ તોડતો રહેશે? આખા રાજ્યની નજર હવે મંત્રાલય અને ડીજીપી કચેરીના આગામી એક્શન પર ટકેલી છે!


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# વડોદરા ગોલ્ડન ચોકડી પર થાર ગાડીવાળાની દાદાગીરી ફ્લોપ : 18 લાખના મુદ્દામાલ સાથે બુટલેગર જેર!

**વડોદરા**

વડોદરા શહેરની હદમાં આવેલા વ્યસ્ત અને સંવેદનશીલ ગણાતા ગોલ્ડન ચોકડી વિસ્તારમાંથી કાયદો અને વ્યવસ્થાને ઠેંગ બતાવતી એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. ટ્રાફિક નિયમોના ભંગ બદલ ગાડી રોકવા પર પોલીસ પર જ રોફ જમાવનાર એક થાર ચાલકની દાદાગીરી ભારે પડી છે. હરણી પોલીસ અને ટ્રાફિક પોલીસની સંયુક્ત કાર્યવાહીમાં મહિન્દ્રા થાર ગાડીમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો, મોબાઈલ અને અંદાજિત 5 લાખ રૂપિયાની રોકડ રકમ સહિત કુલ 18 લાખ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરીને મુખ્ય આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરાના ગોલ્ડન ચોકડી વિસ્તારમાં ટ્રાફિક પોલીસ પોતાની ડ્યુટી બજાવી રહી હતી. તે દરમિયાન શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલી એક હાઈ-પ્રોફાઈલ મહિન્દ્રા થાર ગાડીને ટ્રાફિક જવાનોએ રોકવાનો પ્રયાસ કર્યો હતો.

ગાડી થોભતાની સાથે જ થાર ચાલકે કાયદાનો ડર રાખ્યા વગર સ્થળ પર હાજર ટ્રાફિક પોલીસ કર્મચારીઓ સાથે ઉદ્ધતાઈપૂર્વક વર્તન કરી ભારે દાદાગીરી શરૂ કરી દીધી હતી. ચાલકનો આ અતિશય રોફ જોઈને પોલીસને શંકા પ્રબળ બની હતી. આ મામલે ક્ષણનો પણ વિલંબ કર્યા વગર ટ્રાફિક પોલીસે તુરંત જ હરણી પોલીસ સ્ટેશનને આ અંગેની ચોક્કસ માહિતી આપી દીધી હતી. માહિતી મળતાની સાથે જ હરણી પોલીસ સ્ટેશનની ટીમ પળભરમાં ગોલ્ડન ચોકડી ખાતે દોડી આવી હતી. પોલીસે કડક પૂછપરછ અને ગાડીની તલાશી લેવાનું શરૂ કર્યું હતું.

# 60 વર્ષ જૂની વીજલાઈનનું વળતર ક્યાં? ખેડૂતોનો વિરોધ, GETCOની રિપેરિંગ કામગીરી અટકાવી

**રાજકોટ**

રાજકોટ જિલ્લાના જેતપુરના પીઠડીયા અને વીરપુર પંથકના ખેડૂતોએ 66 KV વીજ લાઈનના રિપેરિંગ મુદ્દે ખેડૂતોનો વિરોધ સામે આવ્યો છે, જેતપુર-મેવાસા વીજ લાઈનનો કંડકટર તૂટી જતા GETCOના કર્મચારીઓ રિપેરિંગ માટે પહોંચ્યા હતા, પરંતુ ખેડૂતોએ કામગીરી અટકાવી દીધી હતી. ખેડૂતોનો આક્ષેપ છે કે આશરે 60 વર્ષ જૂની લાઈન માટે આજદિન સુધી યોગ્ય વળતર મળ્યું નથી,ખેડૂતો હવે ડુંગળી-રોટલો ખાઈને વિરોધ નોંધાવી રહ્યા છે,

પીઠડીયા અને વીરપુર પંથકના ખેડૂતોનો 66 KV વીજ લાઈન મુદ્દે ખેડૂતોનો વિરોધ સામે આવ્યો છે,ખેડૂતોના ખેતરોમાંથી પસાર થતી જેતપુર-મેવાસા લાઈનનો કંડકટર તૂટી જતા GETCOના કર્મચારીઓ રિપેરિંગ માટે પહોંચ્યા હતા. જોકે, ખેડૂતોએ કામગીરી અટકાવી ખેતરમાં જ બેનર સાથે ધરણા શરૂ કર્યા હતા. ખેડૂતોનું કહેવું છે કે તેમની પાસે ખાવા માટે પણ કંઈ વધ્યું નથી, જેના કારણે ડુંગળી-રોટલો ખાઈને અનોખો વિરોધ નોંધાવ્યો છે. ખેડૂતોની રજૂઆત છે કે લાઈન નાખવામાં આવી તેને આશરે 60 વર્ષ થયા છે અને અનેક વખત રજૂઆત કરવા છતાં વળતરનો પ્રશ્ન ઉકેલાયો નથી.લાઈન નાખતી વખતે ખેડૂતોની મંજૂરી લેવામાં આવી નહોતી અને 60 વર્ષ જૂની લાઈનનું કોઈ વળતર મળ્યું નથી.

# ગુજરાતમાં મેલેરિયા-ડેન્ગ્યુ નિયંત્રણમાં:42 હોસ્પિટલમાં 1.35 લાખ સેમ્પલની તપાસ; મચ્છરોના બ્રિડિંગ સાઈટ નાબૂદ કરવા તંત્રને કડક સૂચના

**ગાંધીનગર**

રાજ્યમાં મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાની સ્થિતિને લઈને આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં સઘન સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં તમામ જિલ્લા તથા મહાનગરપાલિકા વિસ્તારોમાં વાહકજન્ય રોગોની સ્થિતિ, સર્વેલન્સ, નિદાન અને સારવારની વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી. આરોગ્યમંત્રીના જણાવ્યા મુજબ, ગત વર્ષની સરખામણીએ 2026માં રાજ્યમાં મેલેરિયાના કેસોમાં 22% અને ડેન્ગ્યુના કેસોમાં 39.6%નો ઘટાડો નોંધાયો છે. રાજ્યની મેડિકલ કોલેજો સાથે સંલગ્ન 42 હોસ્પિટલોના નિદાન કેન્દ્રોમાં ડેન્ગ્યુના શંકાસ્પદ 1.35 લાખથી વધુ સીરમ સેમ્પલની તપાસ કરવામાં આવી છે, જેમાંથી 2,099 કેસ પોઝિટિવ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યું છે. બેઠક દરમિયાન 'હાઉસ ટુ હાઉસ' સર્વેલન્સની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી. આરોગ્યમંત્રી પાનશેરીયાએ અધિક મુખ્ય સચિવ આરોગ્ય રાજીવ ટોપનોને તમામ કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારીઓ અને મ્યુનિસિપલ કમિશનરો સાથે બેઠક યોજવા સૂચના આપી હતી. શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ડેન્ગ્યુના મચ્છરો અને તેમના પ્રજનન સ્થળો (બ્રિડિંગ સાઈટ્સ)નો નાશ કરવા સઘન ઝુંબેશ હાથ ધરવા કડક નિર્દેશ આપવામાં આવ્યા હતા.

# ફિક્સ પગાર નીતિ નાબૂદ કરવા કર્મચારી મહામંડળની સરકારને રજૂઆત

**ગાંધીનગર**

ગુજરાતમાં સરકારી નોકરીમાં સીધી ભરતીથી પસંદગી પામતા કર્મચારીઓને શરૂઆતના પાંચ વર્ષ માટે ફિક્સ પગાર પર સેવા લેવાની નીતિ ફરી વિવાદમાં આવી છે. ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી, નાણામંત્રી સહિત સરકારના સંબંધિત હોદ્દેદારોને રજૂઆત કરી આ નીતિ રદ કરવાની માગ કરી છે. મહામંડળના જણાવ્યા મુજબ ફિક્સ પગારની નીતિ માત્ર શરૂઆતના પગાર વધારા પૂરતી મર્યાદિત નથી. તેના કારણે કર્મચારીની સમગ્ર સરકારી કારકિર્દી દરમિયાન પગાર વૃદ્ધિ, બઢતી, પ્રવર્તમાન તથા ઉચ્ચત્તર પગારધોરણ, રજા, સામાજિક સુરક્ષા અને નિવૃત્તિ લાભો પર અસર પડે છે.

રજૂઆતમાં જણાવાયું છે કે ઊંચી શૈક્ષણિક લાયકાત અને સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળ થયા બાદ યુવાનો સરકારી સેવામાં જોડાય છે. પરંતુ શરૂઆતના પાંચ વર્ષ ફિક્સ પગાર પર સેવા આપવાની ફરજ પડતાં તેમના આર્થિક જીવન પર અસર થાય છે. પરિવારની જવાબદારીઓ, બાળકોના શિક્ષણ અને મોંઘવારી વચ્ચે આ સમયગાળો યુવાનો માટે મુશ્કેલ બને છે.

### સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં સુપ્રીમ કોર્ટનો સપાટો

# 92 સાક્ષીઓ ફરી જવા પર સર્વોચ્ચ અદાલતે વ્યક્ત કરી ગંભીર ચિંતા..!!!

## 22 આરોપીઓને નિર્દોષ છોડવાના હાઈકોર્ટના ચુકાદા સામે સુપ્રીમ કોર્ટે ઇસ્યૂ કરી નોટિસ, 21 પોલીસકર્મીઓ સામે લટકતી તલવાર : "92 સાક્ષીઓ હોસ્ટાઇલ થવા એ કોઇ સામાન્ય બાબત નથી"–જસ્ટિસ બાગચીની લાલ આંખે કાનૂની જગતમાં મચાવ્યો ખળભળાટ

**અમદાવાદ**

ગુજરાતના રાજકારણ અને પોલીસ બેડાને વર્ષો સુધી હચમચાવી નાખનાર અત્યંત ચર્ચાસ્પદ અને વિવાદાસ્પદ એવા સોહરાબુદ્દીન શેખ નકલી એન્કાઉન્ટર કેસમાં હવે એક નવો અને સૌથી મોટો ધડાકો થયો છે. આ કેસમાં ટ્રાયલ દરમિયાન એકસાથે ૯૨ જેટલા સાક્ષીઓ ફરી જઈને (હોસ્ટાઈલ થઈને) પોતાના નિવેદનો બદલી નાખવાની ઘટનાને સુપ્રીમ કોર્ટે અત્યંત ગંભીરતાથી લીધી છે. સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ શબ્દોમાં ટકોર કરી છે કે આટલી મોટી સંખ્યામાં સાક્ષીઓનું ફરી જવું એ ન્યાય પ્રક્રિયા માટે ગંભીર ચિંતાનો વિષય છે અને આ મામલાની ઊંડાણપૂર્વક ચકાસણી કરવામાં આવશે.

પીટીઆઈ (PTI) ના અહેવાલ અનુસાર, સોહરાબુદ્દીન શેખ એન્કાઉન્ટર કેસમાં ૨૨ આરોપીઓને નિર્દોષ જાહેર કરવાના બોમ્બે હાઈકોર્ટના અગાઉના ચુકાદાને પડકારતી અરજી પર સુપ્રીમ કોર્ટે સુનાવણી હાથ ધરી છે. આ ૨૨ આરોપીઓ પૈકી ૨૧ તો પોલીસ કર્મચારીઓ જ છે, જેમના પર કાયદાના રક્ષક બનીને કાયદો હાથમાં લેવાના ગંભીર આરોપો હતા.

કોણે કરી અરજી? સોહરાબુદ્દીન શેખના ભાઈ નાયબુદ્દીન શેખ દ્વારા હાઈકોર્ટના સાતમી મેના ચુકાદાને પડકારતી સ્પેશિયલ લીવ પીટીશન દાખલ કરવામાં આવી હતી.

કોની બેન્ચ સમક્ષ સુનાવણી? ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જમાલ્યા બાગચી તથા જસ્ટિસ વી મોહનની ખાસ બેન્ચે આ મામલે ગંભીર નોંધ લઈને નોટિસ ઈસ્યૂ કરી છે.

'શું આ યોગ્ય અને ન્યાયી કાર્યવાહી હતી?' –





જસ્ટિસ બાગચીના સળગતા સવાલો

સુપ્રીમ કોર્ટની બેન્ચે સુનાવણી દરમિયાન જે ટિપ્પણીઓ કરી છે તેણે આ કેસની ફાઈલો ફરીથી ખોલી નાખી છે. 'લાઈવ લૉ'ના અહેવાલ મુજબ, જસ્ટિસ જોયમાલ્યા બાગચીએ સ્પષ્ટ શબ્દોમાં ટાંક્યું હતું કે:

'આ કેસમાં ૯૨ સાક્ષીઓ હોસ્ટાઈલ થયા તે બહુ ગંભીર ચિંતાનો વિષય છે. ભલે આ સમવર્તી તારણ (concurrent findings) હોય, પરંતુ ન્યાયિક કાર્યવાહી ખરેખર યોગ્ય અને ન્યાયી રીતે થઈ હતી કે કેમ, તે હવે અમારે તપાસવું જ પડશે.'

સુપ્રીમ કોર્ટના આ કડક વલણથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે ન્યાયતંત્ર હવે આ કેસમાં થયેલી કાનૂની રમત અને સાક્ષીઓને તોડી પાડવાના ખેલની ઝીણવટભરી તપાસ કરવાના મૂડમાં છે.

શું હતો સમગ્ર ઈતિહાસ? ૨૦૦૫ થી ૨૦૦૬નો લોહિયાળ પ્રકરણ

સોહરાબુદ્દીન એન્કાઉન્ટર (૨૦૦૫): વર્ષ ૨૦૦૫માં ગુજરાત અને રાજસ્થાન પોલીસે એક સંયુક્ત ઓપરેશન (જૉઈન્ટ ઑપરેશન) હાથ ધરીને રાજસ્થાનના સોહરાબુદ્દીન શેખનું અમદાવાદ ખાતે એન્કાઉન્ટર કર્યું હતું. આ એન્કાઉન્ટર સાચું છે કે ખોટું, તે અંગે શરૂઆતથી જ વિવાદોના વંટોળ ઊભા થયા હતા.

કૌસરબીની હત્યા અને તુલસી પ્રજાપતિનું એન્કાઉન્ટર (૨૦૦૬): પોલીસ તપાસમાં બહાર આવ્યું કે માત્ર સોહરાબુદ્દીન જ નહીં, પરંતુ તેના પત્ની કૌસરબીની પણ હત્યા કરી દેવામાં આવી હતી. એટલું જ નહીં, આ કેસના મુખ્ય સાક્ષી અથવા સાગરિત ગણાતા તુલસીરામ પ્રજાપતિનું પણ વર્ષ ૨૦૦૬માં પોલીસ એન્કાઉન્ટરમાં રહસ્યમય સંજોગોમાં મોત નીપજ્યું હતું, જેના પર પણ ગુજરાત પોલીસ સામે ખૂની આક્ષેપો થયા હતા.

વર્ષો સુધી ચાલેલા આ લાંબા કાનૂની સંઘર્ષમાં જ્યારે નીચલી અને હાઈકોર્ટે મોટાભાગના આરોપીઓને શંકાનો લાભ આપીને છોડી દીધા હતા, ત્યારે હવે સુપ્રીમ કોર્ટના આ પગલાથી ફરી એકવાર આ કેસમાં ન્યાય મેળવવા માટેની આશા જાગી છે. આગામી દિવસોમાં આ મામલે કાનૂની જગતમાં મોટા ધડાકા થવાની પૂરી સંભાવના છે.

'જે કેસમાં ખાખી વર્દી અને પુરાવાઓની મિલીભગતે કાયદાને ઘૂંટણિયે પાડવાના પ્રયાસો કર્યા, તે જ કેસની ફાઈલો હવે દેશની સર્વોચ્ચ અદાલતે ખોલી નાખતા ગુનેગારોની ઊંઘ હરામ થઈ ગઈ છે!'

### સરકાર બનાવનારી પબ્લિક આજે બેહાલ

# "અન્નદાતાના આંસુ શું સિંહાસન ડામાડોળ નહીં કરે?" સરકાર સામે સીધા પ્રહાર કરતો અગ્નિપથ જેવો સવાલ!

"મત લેતી વખતે ભગવાન અને સત્તા મળ્યા પછી અજાણ્યા?" - સિસ્ટમને હચમચાવી નાખતી ખેડૂતોના દર્દની અને સવાલોની ખુંખાર સફર!

**ગાંધીનગર**

જ્યારે-જ્યારે દેશ કે રાજ્યમાં ચૂંટણીના રણશિંગા ફૂંકાય છે, ત્યારે નેતાઓ મોટી મોટી હોટલો અને એસી રૂમમાંથી બહાર નીકળીને ગામડાની ધૂળવાળી સડકો પર આવે છે. હાથ જોડીને, ગળે મળીને અને પગે લાગીને એ જ નેતાઓ અન્નદાતા ખેડૂતોને પોતાના ભગવાન ગણાવે છે. પરંતુ, વાસ્તવિકતા એ છે કે જ્યારે ચૂંટણી પૂરી થઈ જાય અને સિંહાસન મળી જાય, ત્યારે એ જ અન્નદાતા રસ્તા પર રઝળતો થઈ જાય છે અને સિસ્ટમ તેના અવાજ પર બહેરાશનો સ્વાંગ રચીને બેસી જાય છે. આજે સૌથી મોટો અને સીધો સવાલ એ ઉભો થાય છે કે - શું સરકાર ખરેખર જનતા અને ખેડૂતોનો અવાજ સાંભળે છે? કે પછી સત્તાના નશામાં ચૂર થયેલી સરકારો માટે પ્રજા માત્ર પાંચ વર્ષમાં એકવાર ઉપયોગી થતી ચીજ બનીને રહી ગઈ છે? દેશનો અન્નદાતા જે રાત-દિવસ કાળઝાળ ગરમી, કડકડતી ઠંડી કે મૂશળધાર વરસાદમાં પરસેવો પાડીને આખી દુનિયાનું પેટ ભરે છે, તે જ ખેડૂત આજે પોતાની મહેનતનો સાચો ભાવ મેળવવા માટે પણ કચેરીઓના ઉંબરે ઠોકરો ખાવા મજબૂર છે. પાક વીમો, ટેકાના ભાવ, સિંચાઈનું પાણી, મોંઘા ખાતર-બિયારણ અને વીજળીના અધધ ભાવ જેવા અસંખ્ય પ્રશ્નો આજે ખેડૂતના ગળાનો ફાંસો બની ગયા છે. સરકાર ભલે વિકાસના મોટા-મોટા બણગા ફૂંકતી હોય, પરંતુ જમીની હકીકત એ છે કે ગામડાનો ખેડૂત દેવાના ડુંગર નીચે દબાઈને આજે પાયમાલ થઈ રહ્યો છે. શું સરકાર એટલી બધી સંવેદનહીન બની ગઈ છે કે તેને ખેડૂતોના ખાલી થતા ખાતાં અને આંખોના વહેતા આસું નથી દેખાતા? જ્યારે-જ્યારે ખેડૂતો કે સામાન્ય જનતા પોતાના હક માટે અવાજ ઉઠાવવા રસ્તા પર ઉતરે છે, ત્યારે આખી સરકારી મશીનરી તેમને દબાવવા, કુચલવા કે તેમની અવાજને રફેદ કરવા માટે કામે લાગી જાય છે. લોકશાહીમાં જે જનતાને 'માલિક' કહેવામાં આવે છે, તેને આજની સિસ્ટમ ગુલામ સમજીને વર્તી રહી છે. નેતાઓની મોટી ગાડીઓ અને કાફલાઓ પાછળ કરોડો રૂપિયા ઉડાવવામાં આવે છે, પરંતુ જગતના તાતને તેના હકનું વળતર આપતી વખતે તિજોરી ખાલી હોવાના બહાના બતાવવામાં આવે છે.

આ અન્યાયી અને બેજવાબદાર વ્યવસ્થા હવે વધુ સમય ચલાવી શકાય તેમ નથી. ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે-જ્યારે અન્નદાતા અને સામાન્ય જનતાનો રોષ ફાટી નીકળ્યો છે, ત્યારે-ત્યારે મોટા-મોટા રાજા-મહારાજાઓ અને અહંકારી સત્તાવાળાઓના સિંહાસન ડોલી ગયા છે. સરકાર ભલે ગમે તેટલી તાકાતવર હોય, પરંતુ યાદ રાખવું પડશે કે 'સરકાર બનાવનારી તાકાત જો પબ્લિક અને ખેડૂત પાસે છે, તો તેને ઉથલાવી દેવાની તાકાત પણ તેમના જ હાથમાં છે.'

### સુરત ટેક્સટાઈલ માર્કેટમાં વહીવટી તંત્રની ઘોર લાપરવાહી

# પાર્કિંગની જગ્યાએ ધમધમી રહ્યા છે ગેરકાયદે કાપડના ગોડાઉન!!!

**સુરત**

ડાયમંડ અને ટેક્સટાઈલ નગરી તરીકે દેશ-વિદેશમાં ડંકો વગાડનાર સુરત શહેરમાંથી ભ્રષ્ટાચાર અને વહીવટી તંત્રની બેજવાબદારીનો એક અત્યંત ચોંકાવનારો મામલો સામે આવી રહ્યો છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા સામાન્ય નાગરિકોની સુવિધા માટે અને ટ્રાફિકની વિકટ સમસ્યાના નિવારણાર્થે લાખો-કરોડો રૂપિયાના જનતાના ટેક્સના ખર્ચે જે 'મલ્ટીલેવલ પાર્કિંગ'નું નિર્માણ કરવામાં આવ્યું હતું, તેની હાલત આજે અત્યંત દયનીય અને શરમજનક બની ગઈ છે. જે જગ્યા વાહનો પાર્ક કરવા માટે ફાળવવામાં આવી હતી, તે જ પાર્કિંગની જગ્યા પર આજે બેરોકટોક કાપડના ગોડાઉન અને ગેરકાયદે કબ્જાઓ ધમધમી રહ્યા છે!

આ ગંભીર અને ગેરકાયદેસર પ્રવૃત્તિ અંગે આજથી બરાબર પાંચ દિવસ અગાઉ જ જવાબદાર વહીવટી અધિકારીઓને રૂબરૂ મળીને પુરાવા સાથે લેખિત-મૌખિક રજૂઆત કરવામાં આવી હતી. તે સમયે અધિકારીઓ દ્વારા માત્ર ગોબે-ગોબે આશ્વાસન આપવામાં આવ્યું હતું કે, "હું આ બાબત જોવડાવું છું..."

પરંતુ કમનસીબી એ છે કે પાંચ દિવસનો લાંબો સમય વીતી ગયા બાદ જ્યારે ફરીથી તે જ પાર્કિંગ સ્થળની ઝીણવટભરી મુલાકાત લેવામાં આવી, ત્યારે પરિસ્થિતિ જમીની સ્તરે બિલકુલ બદલાયેલી જોવા મળી ન હતી; અગાઉ જે રીતે ગોડાઉન ધમધમતા હતા, તેવા જ દ્રશ્યો આજે પણ યથાવત જોવા મળ્યા હતા!

### 8થી 10 લાખ નવા શ્રમિકો જોડાશે

# 1 ઓક્ટોબરથી ગુજરાતના 31 જિલ્લામાં ESICનો વિસ્તાર : 1.20 કરોડ લોકોને મળશે આરોગ્ય સુરક્ષા

**ગાંધીનગર**

ગુજરાતમાં શ્રમિકો અને તેમના પરિવારોને સામાજિક સુરક્ષા અને આરોગ્ય સેવાઓ આપતી ESIC યોજનાનો 1 ઓક્ટોબર, 2026થી રાજ્યના તમામ 31 જિલ્લાઓમાં વિસ્તૃત અમલ થશે. શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળિયાએ ગાંધીનગર ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું કે સામાજિક સુરક્ષા સંહિતા, 2020 હેઠળ કેન્દ્ર સરકારના 25 સપ્ટેમ્બર, 2026ના જાહેરનામા બાદ રાજ્યના 16 આંશિક અમલીકૃત અને 15 બિનઅમલીકૃત જિલ્લાઓમાં પણ ESICનો અમલ થશે.

હાલ ગુજરાતમાં 21,68,270 કામદારો ESIC હેઠળ નોંધાયેલા છે અને તેમના પરિવારજનો સહિત આશરે 84 લાખ લાભાર્થીઓને આરોગ્ય તથા સામાજિક સુરક્ષાનો લાભ મળી રહ્યો છે. રાજ્યના બાકીના વિસ્તારોમાં યોજના લાગુ થતાં અંદાજે 8થી 10 લાખ નવા શ્રમિકો જોડાશે. પરિણામે ESIC



હેઠળ નોંધાયેલા કામદારોની સંખ્યા આશરે 32 લાખ થશે અને શ્રમિકો તથા તેમના પરિવારજનો સહિત કુલ 1.20 કરોડ નાગરિકોને યોજનાનો લાભ મળવાની શક્યતા છે.

ESIC હેઠળ પાત્ર શ્રમિકો અને તેમના પરિવારજનોને કેશલેસ સારવાર ઉપરાંત માંદગી દરમિયાન રોકડ સહાય, પ્રસૂતિ લાભ અને અપંગતા સહાય સહિતની સામાજિક સુરક્ષા સેવાઓ મળશે.

હાલ રાજ્યમાં 103 ESIC ડિસ્પેન્સરી અને 11 ESIC/ ESIS હોસ્પિટલ કાર્યરત છે. શ્રમિકોને પ્રાથમિક સારવાર મળી રહે તે માટે 234 CHC અને PHC પણ એમ્પેનલ કરવામાં આવ્યા છે. રાજ્યમાં ESICની આરોગ્ય સુવિધાઓ વધારવા માટે સાણંદમાં 350 બેડની હોસ્પિટલ અને કલોલ-ગાંધીનગરમાં 150 બેડની હોસ્પિટલનું કામ પ્રગતિ હેઠળ છે. હાલોલ-પંચમહાલ અને સાવલી-વડોદરા ખાતે 100-100 બેડની હોસ્પિટલ માટે જમીન ફાળવણીની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે.

### CCTVની નજર નીચે ભક્તો પાસેથી રૂપિયા પડાવનાર વસૂલાતખોરો બેફામ!

# અંબાજીના ભાદરવી મહામેળામાં આસ્થાની આડમાં ખંડણી જેવો ખેલ

## તંત્ર દ્વારા નિ:શુલ્ક લગેજ સેવાના દાવાઓ પોકળ સાબિત: ભક્તો પાસેથી 50 અને 100 રૂપિયા ઉઘરાવતા વીડિયો વાયરલ : 'કેમેરા' છે છતાં આંખ આડા કાન કે પછી મિલીભગત? જવાબદાર અધિકારીઓની ભૂમિકા સામે ઊભા થયા સળગતા સવાલો

**અંબાજી**

મા અંબાના ધામમાં ભાદરવી પૂનમના મહામેળા દરમિયાન લાખો શ્રદ્ધાળુઓ પોતાની આસ્થા સાથે શીશ ઝુકાવવા પહોંચ્યા હતા. યાત્રિકોની સગવડ માટે સરકારી તંત્ર દ્વારા 'નિ:શુલ્ક લગેજ સેવા' (સામાન સાચવવાની મફ વ્યવસ્થા) ના મોટા-મોટા બણગા ફૂંકવામાં આવ્યા હતા. પરંતુ, આસ્થાના આ મહાસાગરમાં તંત્રના દાવાઓની પોલ ખોલતો એક અત્યંત શરમજનક અને લૂંટનો કિસ્સો સામે આવ્યો છે. મેળામાં દર્શનાર્થીઓ પાસેથી લગેજ કાઉન્ટર પર જ ૫૦ અને ૧૦૦ જેવી રકમ બળજબરીપૂર્વક વસૂલવામાં આવી હોવાના વીડિયો સોશિયલ મીડિયા પર આગની જેમ વાયરલ થઈ રહ્યા છે. સૌથી મોટો અને ગંભીર આક્ષેપ એ છે કે કોઈપણ પ્રકારની ગેરરીતિ કે ભ્રષ્ટાચાર ન થાય તે માટે આ લગેજ કાઉન્ટરો અને તેની આસપાસના વિસ્તારોમાં ખાસ CCTV કેમેરા ગોઠવવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા દાવો કરવામાં આવતો હતો કે દરેક ગતિવિધિ પર કેમેરાની બાજ નજર રહેશે. પરંતુ વાસ્તવિકતા એ છે કે CCTV કેમેરાની




હાજરી અને ખુદ જવાબદાર અધિકારીઓની આ ખુલ્લેઆમ ઉઘરાણી ચાલી રહી હતી. જો સેવા સંપૂર્ણપણે ફ્રી (નિ:શુલ્ક) હતી, તો પછી શ્રદ્ધાળુઓની મજબૂરીનો લાભ લઈને તેમના પાસેથી આ નાણાં કયા હકથી ખંખેરવામાં આવ્યા? શું આ કેમેરા માત્ર દેખાડા માટે જ લગાવવામાં આવ્યા હતા કે પછી તંત્રના કાન અને આંખો પણ આ વસૂલાતમાં સામેલ છે? આ વીડિયો સામે આવ્યા બાદ અંબાજી આવતા લાખો શ્રદ્ધાળુઓમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. લોકો હવે તંત્ર સમક્ષ સીધા સવાલો પૂછી રહ્યા છે. શું જવાબદાર અધિકારીઓને આ ખાનગી વસૂલાતની કોઈ જાણ જ નહોતી? જો ખબર હતી, તો અત્યાર સુધી મૂંગા મોંએ તમાશો કેમ જોવામાં આવ્યો?

પાક્કો ગુજરાત
બુધવાર | 30 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

### સરથાણા-વાલકના રૂ.37.62 કરોડના રોડ પર બ્રેક?

# કામરેજ ચોકડીથી વાલક પાટિયા સુધીના માર્ગ માટે ટેન્ડર બહાર પડ્યું, હવે પ્રોજેક્ટની ગતિ સામે સવાલો; વિકાસના કામમાં રાજકીય ખેંચતાણની ચર્ચા

સુરત મહાનગરપાલિકાના સત્તાવાર પ્રોજેક્ટ રેકોર્ડમાં પણ વાલક સિટી લિમિટથી કામરેજ ચાર રસ્તા સુધીના માર્ગ સાથે સંકળાયેલા અગાઉના BRTS પ્રોજેક્ટનો ઉલ્લેખ જોવા મળે છે

**સુરત**

સુરત શહેરના પૂર્વ ઝોનમાં આવેલા કામરેજથી વાલક સુધીના મહત્વપૂર્ણ માર્ગને એક આધુનિક અને આઈકોનિક રોડ તરીકે વિકસાવવાની દિશામાં ચાલી રહેલા પ્રયાસો પર રાજકીય ગ્રહણ લાગી ગયું છે. સુરતના આ મુખ્ય પ્રવેશદ્વાર પરથી રોજ લાખો વાહનો પસાર થાય છે અને આસપાસના અનેક મોટા વિસ્તારો જોડાયેલા છે. આ માર્ગના વિકાસ માટે લાંબા સમયથી લોકમાગણી ઉઠી રહી હતી, કારણ કે ટ્રાફિકની અવ્યવસ્થા અને ખાડાઓના કારણે અહીંના નાગરિકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ માર્ગના વિકાસ થકી સમગ્ર વિસ્તારનું ચિત્ર બદલાઈ શકે તેમ હતું, પરંતુ સ્થાનિક તંત્ર અને સત્તાધીશોની ઉદાસીનતાના કારણે આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ માત્ર કાગળ પર જ અટવાઈ ગયો છે. ચૂંટણીના દિવસોના તે દિવસો આજે પણ વરાછા અને સરથાણાના મતદારોને યાદ છે, જ્યારે ભાજપના નેતાઓ અને ઉમેદવારો મંચ પરથી મોટા-મોટા દાવા કરતા હતા. તે સમયે પ્રચાર દરમિયાન ખુલ્લેઆમ એવું કહેવામાં આવતું હતું કે ધારાસભ્યો ભાજપના હોવા છતાં વરાછા કે સરથાણાનો પૂરતો વિકાસ થઈ રહ્યો નથી, કારણ કે પાલિકામાં પૂરતી પકડ નથી. તે વખતે જનતાને ભાવનાત્મક અપીલ કરવામાં આવી હતી કે જો મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપના કોર્પોરેટરોને ભરી-ભરીને જીતાડવામાં આવશે, તો વિકાસના તમામ દ્વાર ખુલી જશે અને રસ્તાઓથી લઈને ગટર લાઈનો સુધીના પ્રશ્નો ચપટીમાં ઉકેલાઈ જશે. જનતાએ પણ નેતાઓની આ અપીલ પર વિશ્વાસ મૂકીને પોતાના મતાધિકારની તાકાત બતાવી અને કોર્પોરેટરોને જીતાડીને ગદ્દી પર બેસાડ્યા. પરંતુ જનતાનો આ વિશ્વાસ હવે સત્તાધારી પક્ષના અહંકાર તળે કચડાઈ રહ્યો છે. જ્યારે લાંબી કાગળની કાર્યવાહી બાદ આખા રોડને અંદાજે ૩૭ કરોડ રૂપિયાના માતબર ખર્ચે અત્યાધુનિક સુવિધાઓ સાથે આઈકોનિક રોડ તરીકે ડેવલોપ કરવાની ફાઈલ આખરે મંજૂરીના અંતિમ તબક્કામાં પહોંચી અને મ્યુનિસિપલ તંત્ર આ કામ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર થઈ ગયું, ત્યારે અચાનક રાજકીય મોરચે હલચલ મચી ગઈ. સરથાણા અને વાલક જેવા વિકસતા વિસ્તારોમાં જો આ સ્તરનું મોટું અને ભવ્ય વિકાસ કામ થાય, તો તેના શ્રેયની રાજકીય રમત બગડી જશે તેવા ડરે સત્તાધારી પક્ષના કેટલાક અંદરખાનાના આગેવાનોના પેટમાં તેલ રેડાયું છે. પરિણામે, જનહિતના આ અતિ મહત્વપૂર્ણ પ્રોજેક્ટની ફાઈલને કોઈપણ નક્કર કારણ વગર અચાનક મોકૂફ રાખી દેવામાં આવી છે. આ વિસ્તારના વિકાસ પ્રત્યેની આ ઉલટી ગંગા દર્શાવે છે કે આ નેતાઓ માટે જનતાનું હિત કે સુખાકારી ક્યારેય પ્રાથમિકતા રહી નથી. તેમના માટે પોતાના અંગત રાજકીય સમીકરણો, જૂથવાદ અને પક્ષીય અહમ જ સર્વોપરી છે. સરથાણા વિસ્તારમાં જો કોઈ સારો પ્રોજેક્ટ આવે અને તેનો લાભ હજારો નાગરિકોને મળે, તો તે કેટલાક સ્થાનિક તાકાતવરોને આંખમાં કણાની જેમ ખૂંચી રહ્યું છે. પ્રજાના પરસેવાની કમાણીમાંથી ટેક્સ તરીકે જમા થતા નાણાંમાંથી આ કામ થવાનું હતું, છતાં તેને જાણી જોઈને બાનમાં લેવામાં આવ્યું છે. આ સમગ્ર કમનસીબ પ્રકરણમાં સૌથી વધુ શરમજનક અને અફસોસજનક પાસું એ છે કે આ જ વિસ્તારમાંથી ચૂંટાઈને આવેલા ભાજપના એક પણ સ્થાનિક કોર્પોરેટર, ધારાસભ્ય કે પ્રભાવશાળી મંત્રી આ અન્યાય સામે અવાજ ઉઠાવવાની હિંમત દાખવી શક્યા નથી.

### ગુજરાતના રાજકારણમાં મોટો ધડાકો

## બાપુની ઘરવાપસીના એંધાણ, રણદીપ સુરજેવાલા સાથેના સંપર્કે ભાજપની ઊંઘ હરામ કરી!

**ગાંધીનગર**

ગુજરાતના રાજકારણમાં ફરી એકવાર ભૂકંપ સર્જાય તેવા એંધાણ દેખાઈ રહ્યા છે. રાજ્યના દિગ્ગજ અને મ્હાંસપેશીઓવાળા રાજકારણી ગણાતા શંકરસિંહ વાઘેલા એટલે કે બાપુ ફરી એકવાર પોતાના જૂના પક્ષ કોંગ્રેસમાં વાપસી કરે તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે. રાજકીય ગલીઓમાં ચાલતી ચર્ચા મુજબ, કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રભારી રણદીપ સુરજેવાલા પોતે બાપુના સતત સંપર્કમાં છે અને આ અંદરખાને ચાલી રહેલી રમત ગુજરાતના રાજકીય સમીકરણોને સાવ ઉલટાવી નાખવા માટે પૂરતી છે. ચૂંટણીના ટાંકણે બાપુની આ સંભવિત 'ઘરવાપસી' સત્તાધારી પક્ષ ભાજપ માટે ચિંતાનો મોટો વિષય બની ગઈ છે. બાપુનો રાજકીય ઈતિહાસ અને ગુજરાતના ખૂણે-ખૂણે રહેલી તેમની મજબૂત પકડથી કોઈ અજાણ નથી. જમીની સ્તરના નેતા તરીકેની તેમની છાપ અને કડક નિર્ણયો લેવાની ક્ષમતા હંમેશાં ચર્ચામાં રહી છે. જ્યારે પણ ગુજરાતમાં ભાજપ સામે કોઈ મજબૂત રાજકીય વિકલ્પ કે તોફાન ઊભુ કરવાનું હોય, ત્યારે શંકરસિંહ વાઘેલાનું નામ મોખરે આવે છે. હાલમાં જ્યારે કોંગ્રેસ રાજ્યમાં પોતાની ખોવાયેલી જમીન પાછી મેળવવા માટે એડીચોટીનું જોર લગાવી રહી છે, ત્યારે રણદીપ સુરજેવાલા દ્વારા બાપુ સાથેના સંપર્કાને વેગ આપવો એ એક ખૂબ જ સોચી-સમજી રણનીતિનો હિસ્સો છે.

## રાજકોટમાં બનાવટી નોટો છાપવાનું મિશન ફ્લોપ: એસઓજી અને ડીસીબી પોલીસે પકડ્યો નકલી નોટોનો કારોબાર!

**રાજકોટ**

રાજકોટ શહેરમાં આર્થિક વ્યવહારોને હચમચાવી નાખતું એક મોટું કાળું કારસ્તાન પોલીસની સતર્કતાના કારણે પકડાઈ ગયું છે. એસઓજી (SOG) અને ડીસીબી (DCB) પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને રાજકોટમાં ઘરમાં જ બનાવટી ચલણી નોટો છાપવાની ગેરકાયદેસર પ્રવૃત્તિનો પર્દાફાશ કર્યો છે. ચોક્કસ બાતમીના આધારે શહેરના શ્યામ હિરણ પાર્ક વિસ્તારમાં આવેલા એક મકાન પર દરોડો પાડીને પોલીસે કિશન ભૂપેન્દ્રભાઈ સોલંકી (ઉં.વ. 30) નામના શખ્સને રંગેહાથ દબોચી લીધો છે. પોલીસ દ્વારા આરોપીના રહેણાંક મકાન પર સપાટો બોલાવવામાં આવતા જે દ્રશ્યો સામે આવ્યા તેણે સૌકોઈને ચોંકાવી દીધા. આરોપી પોતાના ઘરમાં જ હાઈ-ટેક સાધનોની મદદથી અસલી જેવી લાગતી નકલી નોટો છાપવાનું મોટું કાવતરું ચલાવી રહ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન મકાનમાંથી મળી આવેલો મુદ્દામાલ ચોંકાવનારો છે. રૂપિયા 100ની 216 નકલી નોટો અને રૂપિયા 500ની 3 નકલી નોટો મળીને કુલ 219 બનાવટી નોટો કબ્જે કરાઈ છે. સીપીયુ (CPU), મોનિટર, પ્રિન્ટર-સ્કેનર, બીજું એક વધારાનું પ્રિન્ટર, લેમિનેટર હીટર મશીન. નોટો છાપવા માટે ખાસ વપરાતું બટર પેપર, નોટની પ્રિન્ટવાળા કાગળો અને મોબાઈલ ફોન. પોલીસે જપ્ત કરેલા આ તમામ સાધનો અને નકલી નોટોની કુલ કિંમત આશરે રૂપિયા 65,500 આંકવામાં આવી છે. પોલીસની પૂછપરછ અને રેકર્ડ ચકાસણીમાં બહાર આવ્યું છે કે પકડાયેલા આરોપી કિશન સોલંકી સામે અગાઉ પણ કાયદો તોડવાના ગુના નોંધાયેલા છે. તેની વિરુદ્ધ અગાઉ પ્રોહિબિશન (દારૂના ગુના) અને જી.પી. એક્ટ હેઠળના ગુના નોંધાઈ ચૂક્યા છે, જે સાબિત કરે છે કે આ શખ્સ અગાઉથી જ ગુનાહિત માનસિકતા ધરાવે છે.

### કાયદો માત્ર ગરીબ જનતા માટે જ છે શું? : ગાંધીધામના રેલવે કાર્યક્રમમાં

## 20ની ચા, 30 રૂપિયાની કોફી અને 50 રૂપિયાના નાસ્તાના બોક્સના 175 રૂપિયા ચૂકવીને કરોડોની લૂંટ ચલાવનાર ભ્રષ્ટ અધિકારીઓ બેફામ!

**ગાંધીધામ**

દેશમાં કાયદાના પાઠ ભણાવનારા અને સામાન્ય પ્રજા પર નિયમોનો કોરડો વીંઝનારા રેલવે વિભાગના અધિકારીઓ પોતે જ પોતાના જ નિયમોની કેવી રીતે ધજાગરા ઉડાડે છે, તેનો એક અત્યંત ચોંકાવનારો અને કૌભાંડ સમાન મામલો સામે આવ્યો છે. તાજેતરમાં ગત ૩૧ માર્ચ ૨૦૨૬ના રોજ ગાંધીધામ ખાતે યોજાયેલા રેલવે વિભાગના એક સત્તાવાર કાર્યક્રમમાં ચા-પાણીથી લઈને નાસ્તાના બોક્સના બિલમાં જે અસહ્ય લૂંટ ચલાવવામાં આવી છે, તેણે રેલવે વહીવટીતંત્રની પોલ ખોલી નાખી છે. સામાન્ય જનતા કે મુસાફરો પાસેથી રેલવેના કડક નિયમોના નામે દંડ વસૂલનારા આ અધિકારીઓએ સરકારી તિજોરીને ચૂનો લગાવવામાં કોઈ કસર છોડી નથી.




ઘટનાની વિગતો એવી છે કે ગાંધીધામના આ કાર્યક્રમમાં ચા અને કોફીના બિલ જે હિસાબે બનાવવામાં આવ્યા અને ચૂકવવામાં આવ્યા, તેને જોઈને કોઈપણ સામાન્ય માણસનું મગજ જઈ જાય. રેલવે બોર્ડના વાણિજ્ય વિભાગના સ્પષ્ટ અને કડક નિયમો મુજબ રેલવે સ્ટેશનો કે ટ્રેનોમાં મુસાફરોને માત્ર ૫ રૂપિયામાં ચા અને ૧૦ રૂપિયામાં કોફી મળવી જોઈએ. પરંતુ ગાંધીધામના આ સરકારી કાર્યક્રમમાં કાગળ પર ૨૦ રૂપિયાના હિસાબે ચા અને ૩૦ રૂપિયાના હિસાબે કોફીના બિલ બનાવીને તેનું મસમોટું ચૂકવણું પણ કરી દેવામાં આવ્યું. જે અધિકારીઓ દેશભરમાં રેલવેના નિયમોનું પાલન કરાવવાની જવાબદારી સંભાળે છે, તેઓ જ ખુલ્લેઆમ રેલવેના પોતાના નિયમોને ઘોળીને પી ગયા છે અને સરકારી નાણાંનો બેફામ દુરુપયોગ કર્યો છે.

આ તો માત્ર એક શરૂઆત હતી, અસલી કૌભાંડ તો નાસ્તાના બોક્સમાં આચરવામાં આવ્યું છે. તે જ કાર્યક્રમમાં મહેમાનો અને અધિકારીઓ માટે નાસ્તાના બોક્સ મંગાવવામાં આવ્યા હતા. આ બોક્સની અંદર માત્ર ચાર નંગ ચિપ્સ, ચાર નંગ નમકીન કાજુ, ત્રણ નંગ નમકીન બાદામ, એક મીઠી બિસ્કીટ, એક નમકીન બિસ્કીટ અને ફ્રૂટીનું એક નાનું પેકેટ મૂકવામાં આવ્યું હતું. બજારની સામાન્ય કિંમત મુજબ પણ ગણતરી કરવામાં આવે, તો આ છૂટક વસ્તુઓની કુલ કિંમત કોઈપણ સંજોગોમાં ૫૦ રૂપિયાથી વધુ થાય તેમ નથી.

## ખેડાના લવાલ ગામે મહિપતસિંહ ફાઉન્ડેશનના માલિકના પુત્ર પર હુમલો!

માથામાં પાઇપ ઝીંકી દીધા ઘા, સામસામે હલ્લાબોલથી સમગ્ર પંથકમાં સનસનાટી : મામલો ગરમાતા ગામમાં પોલીસ છાવણીમાં ફેરવાયું, બંને પક્ષો સામે કાયદેસરનો ગાળિયો કસ્યો

**ખેડા**

સોશિયલ મીડિયા પર મોકલવામાં આવેલી એક સામાન્ય 'ફ્રેન્ડ રિક્વેસ્ટ' કેવી રીતે લોહિયાળ સંઘર્ષ અને ખૂની ખેલમાં પરિણમી શકે છે, તેનું તાજું અને ચોંકાવનારૂ ઉદાહરણ ખેડા જિલ્લાના માતર તાલુકાના લવાલ ગામમાંથી સામે આવ્યું છે. સોશિયલ મીડિયાની તિરાડે બે જૂથો વચ્ચે એવી આગ લગાવી કે મહિપતસિંહ ફાઉન્ડેશનના માલિકના યુવાન પુત્ર પર ૭ શખ્સોએ ઘાતકી હુમલો કરી દીધો. આ ઘટના બાદ ગામમાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ છે અને પરિસ્થિતિ તંગ બનતા પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, લવાલ ગામે ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલવાના મામલે શરૂ થયેલી બોલાચાલી અને અદાવતે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. વાત એટલી હદે વધી ગઈ કે, મહિપતસિંહ ફાઉન્ડેશનના માલિકના



દીકરાને ટાર્ગેટ કરીને ૭ જેટલા શખ્સો ભેગા મળીને તૂટી પડ્યા હતા. આશરો લઈને આવેલા હુમલાખોરોએ યુવકના માથાના ભાગે લોખંડની પાઈપ અને ઘાતક હથિયારોથી બેરહેમીપૂર્વક પ્રહાર કર્યા હતા. યુવક પર થયેલા આ જીવલેણ હુમલાના કારણે સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો છે. લોહીલુહાણ હાલતમાં યુવકને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની સ્થિતિ અત્યંત ગંભીર હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

### વડોદરામાં વહીવટી તંત્રની મોટી નિષ્ફળતા

## દૂષિત પાણી અને ગટરના પ્રશ્ને સ્થાનિક નેતા અને જનતાનો પાલિકા પર આક્રોશ!

**વડોદરા**

સાંસ્કૃતિક નગરી તરીકે ઓળખાતા વડોદરા શહેરમાંથી આજે એક અત્યંત ચોંકાવનારા અને ગંભીર સમાચાર સામે આવી રહ્યા છે. શહેરના વિવિધ વિસ્તારોમાં પીવાના પાણીની લાઈનોમાં દૂષિત પાણી અને ગટરની વિકટ સમસ્યાઓને લઈને સ્થાનિક રહીશો અને જનપ્રતિનિધિઓમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. આજે સ્થાનિક નેતા અને મોટી સંખ્યામાં રોષે ભરાયેલા વિસ્તારના રહીશો સીધા મહાનગરપાલિકા કચેરી ખાતે ધસી આવ્યા હતા અને તંત્રની ઘોર નિષ્ક્રિયતા સામે મીડિયા સમક્ષ આકરા પ્રહારો કર્યા હતા.



સ્થાનિક વિસ્તારોમાંથી ઉમટી પડેલી ભીડ અને નાગરિકોના આક્રોશ વચ્ચે આગેવાનોએ પાલિકાના અધિકારીઓની કામસામગી સામે સવાલો ઉઠાવતા જણાવ્યું હતું કે વડોદરાના અનેક વિસ્તારોમાં પ્રજાને શુદ્ધ પાણીને બદલે ગંદુ અને રોગચાળો ફેલાવતું દૂષિત પાણી મળી રહ્યું છે. સ્થળ પર હાજર રહીશો અને નેતાઓએ આક્રમક અંદાજમાં જણાવ્યું હતું કે પાલિકાની લાપરવાહીના કારણે આજે પ્રજા નરક જેવી જિંદગી જીવવા મજબૂર બની છે. ભારતવાડી હોય, યમુના મિલની ચાલી હોય, લલિતાની ચાલી હોય કે પછી નાગેશ્વર મંદિરનો આસપાસનો વિસ્તાર હોય – તમામ જગ્યાએથી એક જ સરખી ફરિયાદો આવી રહી છે કે નળમાં આવતું પાણી પીવાલાયક તો દૂરની વાત છે, પરંતુ વાપરવા લાયક પણ નથી રહ્યું. તેઓએ રોષ વ્યક્ત કરતા કહ્યું હતું કે મહાનગરપાલિકાની પ્રાથમિક અને મૂળભૂત ફરજ છે કે તે શહેરના નાગરિકોને પૂરતા પ્રેશરથી શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડે, જેથી સામાન્ય પ્રજાએ હેરાન ન થવું પડે. છેલ્લા બે-ચાર મહિનાથી આ ગંભીર મુદ્દે સતત રજૂઆતો કરવા છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી. આંદોલન દરમિયાન સ્થાનિક નેતાએ ભાવુક અને લડાયક અંદાજમાં કહ્યું હતું કે, 'અમારા વિસ્તારમાં મોટો વર્ગ ગરીબ અને મહેનતકશ લોકોનો છે, જેઓ ઘરકામ કરીને કે લારી ચલાવીને પોતાનું ગુજરાન ચલાવે છે.

## કલોલમાં યુવકના ખાતામાંથી 95 હજાર ડેબિટ કરી લીધા:પહેલા 81 હજાર ટ્રાન્સફર કર્યા'ને બાદમાં પૈસા ચાઉં કર્યા

**ગાંધીનગર**

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં ટેકનોલોજીના દુરુપયોગથી સામાન્ય નાગરિકોને ટાર્ગેટ બનાવવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. કલોલના યુવકના મોબાઈલ ઓટો અપડેટ થતા સાયબર ઠગોએ તબકકાવાર 81 હજારની રકમ ખાતામાં ટ્રાન્સફર કરીને ગુગલ પે મારફતે 95 હજાર ડેબિટ કરી લઈ ઠગાઈ આચરવામાં આવતા કલોલ શહેર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કલોલની નવનીત એજ્યુકેશન કંપનીમાં નોકરી કરતા અને મૂળ પાટણના રાધનપુરના હીરાપુરા ગામના વતની ભાવેશપુરી બાબુપુરી ગૌસ્વામી ગત 24 સપ્ટેમ્બરના રોજ નોકરીની જગ્યાએ હાજર હતા. આ દરમિયાન તેમણે પોતાનો મોબાઈલ ફોન ચાર્જિંગમાં મૂક્યો હતો. ત્યારે અચાનક તેમનો ફોન ઓટો અપડેટ થવા લાગ્યો હતો. બાદમાં જોતજોતાંમાં ફોન હેક થઈ ગયાનું તેમને માલુમ પડ્યું હતું. જ્યારે તેમણે ફોન ચાલુ કરીને મેસેજ તપાસ્યા ત્યારે તેમને ખબર પડી કે આઈ.સી. આઈ.સી.આઈ. બેંકની સારંગપુર અમદાવાદ બ્રાન્ચમાં આવેલા તેમના બચત ખાતા સાથે ચેડા થયા છે.

## ડભોઈના સહયોગ માર્કેટમાં ગંદકીના ગંજ : પાલિકા ભાડું વસૂલવામાં વ્યસ્ત, સફાઈના નામે મીંડું!

200થી વધુ વેપારીઓ અને રોજના 1500થી વધુ ગ્રાહકો દુર્ગંધ, કચરા અને ગંદકી વચ્ચે શાકભાજી ખરીદવા મજબૂર

**ડભોઈ**

ડભોઈ શહેરના હાર્દ સમાન વિસ્તારમાં આવેલી અને ડભોઈ નગરપાલિકા દ્વારા સંચાલિત સહયોગ માર્કેટની હાલત જોઈને સવાલ થાય છે કે આ શાકભાજી માર્કેટ છે કે કચરાનો અડ્ડો? એક તરફ નગરપાલિકા વેપારીઓ પાસેથી નિયમિત ભાડું વસૂલ કરી રહી છે, તો બીજી તરફ માર્કેટમાં સફાઈ અને પ્રાથમિક સુવિધાઓના નામે જાણે મીંડું મૂકી દેવામાં આવ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. માર્કેટમાં 200થી વધુ દુકાનો આવેલી છે અને દરરોજ આશરે 1500થી વધુ ગ્રાહકો અહીં શાકભાજી તથા અન્ય સામાનની ખરીદી માટે આવે છે. પરંતુ આટલી મોટી સંખ્યામાં લોકોની અવરજવર ધરાવતા માર્કેટમાં સફાઈ વ્યવસ્થાની હાલત અત્યંત



ખરાબ હોવાના આક્ષેપો સામે આવ્યા છે.

સહયોગ માર્કેટ અને તેની આસપાસના વિસ્તારમાં ઠેર-ઠેર કચરો, સડેલા શાકભાજી અને ગંદકીના ઢગલા જોવા મળી રહ્યા હોવાની ફરિયાદો છે.

વરસાદી ભેજ અને સડતા શાકભાજીના કારણે આસપાસના વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે. પરિણામે વેપારીઓને આખો દિવસ ગંદકી અને દુર્ગંધ વચ્ચે બેસીને ધંધો કરવાની ફરજ પડે છે, જ્યારે ગ્રાહકોને પણ નાક પર રૂમાલ રાખીને માર્કેટમાંથી પસાર થવાની સ્થિતિ સર્જાઈ રહી છે.

સૌથી મોટો સવાલ એ છે કે જે જગ્યાએ લોકો ખાવા-પીવાની વસ્તુઓની ખરીદી કરવા આવે છે, ત્યાં સ્વચ્છતાની આવી સ્થિતિ કેવી રીતે સ્વીકારી શકાય?

સ્થાનિક વેપારીઓ અને રહીશોનો આક્ષેપ છે કે માર્કેટમાં અગાઉ મૂકવામાં આવેલી અનેક કચરાપેટીઓ હાલ જોવા મળતી નથી.

કચરો નાખવા માટે પૂરતી વ્યવસ્થા ન હોય તો લોકો કચરો ક્યાં નાખે? પરિણામે ખુલ્લી જગ્યાઓમાં કચરો એકઠો થતો જાય છે અને થોડા સમય બાદ એ જ કચરો સડીને દુર્ગંધનું કારણ બને છે.

### મહુવામાં અંધશ્રદ્ધાનો ઘાતકી ખેલ ખુલ્લો પડ્યો

## પિતૃતર્પણ વિધિમાં વૃદ્ધા પર ડાકણનો ખોટો આરોપ મૂકનાર વિજ્ઞાન જાથાના સકંજામાં!!

**મહુવા (ભાવનગર)**

ભાવનગર જિલ્લાના મહુવા શહેરમાંથી અંધશ્રદ્ધા અને વહેમની અતિશય હદ વટાવતી એક અત્યંત શરમજનક અને સનસનાટીભર્યા સમાચાર સામે આવી રહ્યા છે. પિતૃતર્પણ અને શાંતિયજ્ઞ જેવી પવિત્ર ધાર્મિક વિધિ ચાલી રહી હતી તે દરમિયાન એક યુવકે ભયાનક અંધશ્રદ્ધાનો સહારો લઈને ઘરની જ એક નિર્દોષ વૃદ્ધા મહિલા કમુબેન પર ડાકણ, ચુડેલ અને ભારે નજર હોવાનો અત્યંત ઘાતક અને ખોટો



આરોપ મૂકી દીધો હતો. આ હીન કૃત્યના કારણે માત્ર પરિવારમાં જ નહીં પરંતુ સમગ્ર સમાજમાં અશાંતિ અને ડાઘ લાગવાની સ્થિતિ સર્જાઈ હતી. આ અંધશ્રદ્ધાના કાળાળા કારનામાથી કંટાળીને અને ન્યાય મેળવવા માટે પીડિત પરિવારે તાત્કાલિક રાજકોટ સ્થિત પ્રખ્યાત 'ભારત જન વિજ્ઞાન જાથા' નો સંપર્ક સાધ્યો હતો. મામલાની ગંભીરતા જોઈને વિજ્ઞાન જાથાની ટીમ તાત્કાલિક મહુવા દોડી ગઈ હતી અને સ્થાનિક મહુવા પોલીસના સચોટ સહયોગથી આ મામલે કડક તપાસ શરૂ કરી દીધી હતી. વિજ્ઞાન જાથાના રાજ્ય ચેરમેન અને નિડર એડવોકેટ જયંત પંડ્યાના વડપણ હેઠળ એક વિશેષ ટીમ સીધી આરોપી યુવકના ઘરે પહોંચી હતી અને તેને પડકારીને ડાકણ હોવાના તમામ પુરાવાઓ માંગ્યા હતા.

જ્યારે વિજ્ઞાન જાથાની ટીમ અને પોલીસે આરોપીની કડક પૂછપરછ શરૂ કરી, ત્યારે અમનની માતા અને અન્ય મહિલાઓ શરૂઆતમાં આરોપો સાચા હોવાનો દાવો કરતી રહી હતી. પરંતુ જ્યારે કાયદાકીય કડકાઈ અને પુરાવાઓની વાત આવી, ત્યારે તેમની પાસે ડાકણ કે ચુડેલ હોવા અંગેનો એક પણ ઘોસ કે મજબૂત પુરાવો રજૂ થયો ન હતો.

## વડોદરાના છાણી વિસ્તારમાં અશાંત ધારાને લાગુ કરવાની માંગ સાથે જનતાનો રોષ ફાટી નીકળ્યો!!

72 સોસાયટીઓના હજારો રહીશોએ કલેક્ટર કચેરી સુધી મહારેલી કાઢી રામધૂન અને હનુમાન ચાલીસાના પાઠ કર્યા!

**વડોદરા**

વડોદરા શહેરના છાણી ટીપી-૧૩ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ઊભી થયેલી સંવેદનશીલ પરિસ્થિતિ અને સામાજિક તાણાવાણાને જાળવી રાખવા માટે સ્થાનિક રહીશો હવે આરપારની લડાઈના મૂડમાં આવી ગયા છે. આ વિસ્તારને સત્વરે 'નિર્દિષ્ટ વિસ્તાર' એટલે કે અશાંત ધારા હેઠળ આવરી લેવાની અત્યંત મહત્વપૂર્ણ અને લોકહિતની માંગણી સાથે આજે હજારોની સંખ્યામાં સ્થાનિક રહીશો રસ્તા પર ઉતરી આવ્યા હતા. ટીપી-૧૩ સનાતની સંઘર્ષ સમિતિના નેતૃત્વ હેઠળ આસપાસની અંદાજે ૭૨ જેટલી સોસાયટીઓના હજારો નાગરિકોએ અકોટા ડી-માર્ટથી લઈને




કલેક્ટર કચેરી સુધી એક વિશાળ અને શક્તિશાળી મહારેલીનું આયોજન કર્યું હતું. રેલી દરમિયાન વિસ્તારના રહીશોમાં વહીવટી તંત્ર અને સરકારની ઉદાસીનતા સામે ભારે રોષ જોવા મળ્યો હતો. હાથમાં બેનરો અને સૂત્રોચ્ચાર સાથે નીકળેલી આ રેલી જ્યારે કલેક્ટર કચેરીના પ્રાંગણમાં પહોંચી, ત્યારે ત્યાંનું વાતાવરણ એકદમ ગરમાઈ ગયું હતું. અનોખી અને શાંતિપૂર્ણ પરંતુ એટલી જ ઉગ્ર પદ્ધતિથી વિરોધ પ્રદર્શિત કરતા હજારો રહીશો કલેક્ટર કચેરીના પ્રાંગણમાં જ બેસી ગયા હતા અને જોરશોરથી રામધૂન તથા હનુમાન ચાલીસાના પાઠ શરૂ કરી દીધા હતા. સરકાર અને વહીવટી તંત્રના બહેરા કાને અવાજ પહોંચાડવા માટે પ્રજાએ કરેલો આ ધાર્મિક અને પ્રતીકાત્મક વિરોધ હાલ સમગ્ર વડોદરા શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે. પ્રદર્શન બાદ સ્થાનિક અગ્રણીઓ અને રહીશો દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું, જેમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે જો વહેલી તકે છાણી ટીપી-૧૩ વિસ્તારને અશાંત ધારા હેઠળ નોટિફાઈ કરવામાં નહીં આવે, તો આ આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

## તંત્રી લેખ...

# લોકશાહીનો ઘાત અને સિસ્ટમની ગુલામી: અશોક લવાસાનું બલિદાન કે રાજીવ કુમારનું 'ઈનામી' ચેરમેનપદ?

**- અસંમતિ નોંધાવનાર પ્રમાણિક અધિકારીઓને પ્રશાસનિક ત્રાસ અને સરકારી તાબેદારો પર વરસેલા કરોડોના આશીર્વાદ!**

**- કાયદાના રક્ષણની આડમાં ચાલતું 'રાક્ષસી રાજ': બંધારણ અને નૈતિકતાના ચીંથરેહાલ ઉડાડતી સત્તાની ભૂખ**

દેશની લોકશાહીના પાયા સમાન ગણાતી સંસ્થાઓ આજે સત્તાના જોરે કેવી રીતે ઘૂંટણિયે બેસાડી દેવામાં આવી છે, તેનું જીવંત અને કાળજું કંપાવતું ઉદાહરણ આપણી સામે છે. વર્ષ ૨૦૧૯ માં તત્કાલીન ચૂંટણી કમિશનર અશોક લવાસા દ્વારા આપવામાં આવેલી 'ડિસેન્ટ નોટ' (અસંમતિ નોંધ) આ દેશના રાજકીય ઈતિહાસનો એક એવો કાળો અધ્યાય છે, જે સાબિત કરે છે કે જો કોઈ અધિકારી બંધારણ પ્રત્યે વફાદાર રહેવાની ભૂલ કરે, તો સત્તાધારીઓ તેનું જીવન કેવી રીતે નર્ક બનાવી દે છે.

અશોક લવાસા પર ત્રાસનો સપાટો: પ્રામાણિકતાની સજા કેવી રીતે અપાય?

જ્યારે અશોક લવાસાએ ચૂંટણી દરમિયાન વિરોધાભાસી મુદ્દાઓ પર પોતાની અસંમતિ દર્શાવી, ત્યારે સરકારી તંત્રએ પોતાની તાકાતનો દુરુપયોગ કરવામાં કોઈ કસર છોડી નહોતી:




પરિવાર પર હુમલો: લવાસાની પત્ની સામે ૨૦ વર્ષ જૂનો દબાયેલો કેસ અચાનક ખોલીને તપાસ એજન્સીઓને પાછળ લગાવી દેવામાં આવી.

સગા-સંબંધીઓ પણ નિશાને: તેમની બહેનના ઘરે આવકવેરા (Income Tax) ની રેડ પડાવવામાં આવી અને તેમના યુવાન દીકરાને એક ખાનગી કંપનીની નોકરીમાંથી બળજબરીપૂર્વક કાઢી મૂકવામાં આવ્યો.

છેવટે નિષ્કાસન: એટલું જ નહીં, સતત માનસિક દબાણ વધારીને તેમને ફરજ મુક્ત થવા માટે મજબૂર કરવામાં આવ્યા.

આ ભયાનક ઉદાહરણ નજર સમક્ષ હોય ત્યારે સવાલ એ થાય કે બાકીના ચૂંટણી કમિશનરો ચૂપ કેમ રહે? ચીફ ઈલેક્શન કમિશનર સિવાયના અન્ય કમિશનરોને હટાવવા માટે માત્ર ચીફ ઈલેક્શન કમિશનરની ભલામણ જ કાફી હોય છે, જ્યાં સરકાર જ્યારે ચાહે ત્યારે પદ પરથી રવાના કરી શકે છે. આ તલવાર હંમેશાં ગળા પર લટકતી રહેતી હોવાથી કોઈ અવાજ ઉઠાવવાની હિંમત કરી શકતું નથી.

ચાપલૂસીનું ભવ્ય ઈનામ: રાજીવ કુમાર બન્યા HDFC બેંકના ચેરમેન!

એક તરફ અશોક લવાસા જેવા કમરતોડ ત્રાસનો ભોગ બને છે, તો બીજી તરફ સત્તાની હા માં હા ભણનારાઓને કેવા શાહી પુરસ્કારો મળે છે તેનું જીવંત ઉદાહરણ રાજીવ કુમાર છે.

વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૫ સુધી ચીફ ઈલેક્શન કમિશનર તરીકે સરકારના દરેક ઈશારે નાચનારા અને આંખો આડા કાન કરનારા રાજીવ કુમારને પોતાની સેવાઓનું 'ભારે ફળ' મળ્યું છે. નિવૃત્તિ બાદ તેમને સીધા દેશની સૌથી મોટી ખાનગી બેંકો પૈકીની એક એવી HDFC બેંકના ચેરમેન તરીકે નિયુક્ત કરી દેવામાં આવ્યા! આ ઘટના સાબિત કરે છે કે સિસ્ટમમાં વફાદારી કોની પ્રતિ હોવી જોઈએ–જનતાની કે સત્તાના સિંહાસનની?

૨૦૨૩ નો કાળો કાયદો: અપરાધોને કાયદાકીય કવચ અને 'રાક્ષસી રાજ'

વર્ષ ૨૦૨૩ માં એક એવો કાયદો અસ્તિત્વમાં લાવવામાં આવ્યો, જે ચૂંટણી કમિશનરોને પદ પર રહીને ગેરબંધારણીય કાર્યો કરવા છતાં નોકરી દરમિયાન અને નિવૃત્તિ પછી પણ કોર્ટ કેસોથી સંપૂર્ણ સુરક્ષા આપે છે. આ કાયદો માત્ર બંધારણનું જ નહીં, પરંતુ માનવસમાજના નૈતિક મૂલ્યોનું પણ ખુલ્લું અપમાન છે.

જો કોઈ વ્યક્તિ નિયમોને વેચાઈને, દેશના કાયદાની ધજાગરા ઉડાવીને પણ સત્તાધીશોના અંગત હિત સાધે અને તેમ છતાં કાયદાના સળિયા પાછળ જવાથી બચી જાય, તો આને લોકશાહી નહીં પરંતુ 'રાવણનું રાક્ષસી રાજ' જ કહી શકાય. આ પ્રકારના અનૈતિક કાર્યોનો બચાવ કરનારાઓ અંધભક્તો નથી, પરંતુ એવા ચરિત્રો છે જેઓ ખુલ્લેઆમ લોકશાહીના ચીંથરા ઉડતા જોવા માંગે છે. હિંદુ રાષ્ટ્ર કે હિંદુ રાજનીતિના નામે ચાલતા આ તમામ કૃત્યો આવનારી પેઢીઓ માટે અને આપણા ગૌરવવંતા ઈતિહાસ માટે એક કલંક સમાન સાબિત થશે.

'જ્યારે કાયદો અને બંધારણ રક્ષકો જ ભક્ષક બની જાય, ત્યારે ન્યાયની આશ લગાવવી એ માત્ર મૂર્ખતા છે. લોકશાહીના આ ચીરાયેલા ઈતિહાસને જનતા ક્યારેય માફ નહીં કરે!'

**- ગ્રુપ એડિટર પવન માકન**

## નિયમો અને દંડની આ ઉલટી ગંગા કેમ? ટ્રાફિક દંડ વીજળી બિલમાં જોડવાની વાત કરનાર તંત્ર પહેલા પોતાની ન્યાયિક ધીમી ગતિ પર દંડ કેમ ન વસૂલે?

દેશની સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ દ્વારા તાજેતરમાં એક એવું નિવેદન સામે આવ્યું છે કે જો લોકો ટ્રાફિકના દંડ સમયસર ન ચૂકવતા હોય, તો તે દંડની રકમ સીધી તેમના વીજળી બિલમાં ઉમેરી દેવી જોઈએ, જેથી ફરજિયાતપણે વીજળી બિલ સાથે દંડની રકમ પણ વસૂલાઈ શકે. આ નિવેદન સામે આવ્યા બાદ દેશભરમાં અને સામાન્ય જનતામાં જોરદાર ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. સામાન્ય જનતા સવાલ કરી રહી છે કે શું સરકાર અને ન્યાયતંત્ર પાસે નાગરિકો પાસેથી પૈસા કઢાવવાના જ શોર્ટકટ બચ્યા છે? આ નિવેદનને લઈને પ્રજામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, કારણ કે જો દંડ વસૂલવાની આટલી જ ચિંતા હોય, તો શું સામાન્ય પ્રજાને સમયસર ન્યાય આપવાની જવાબદારીમાં તંત્ર નિષ્ફળ જાય ત્યારે તેના પર કોઈ દંડ કેમ નથી લાગતો? સામાન્ય નાગરિકો અને સોશિયલ મીડિયા પર ઉઠતા અવાજો હવે સીધા અને સચોટ સવાલો પૂછી રહ્યા છે કે આ નિયમમાં કોઈને કોઈ વાંધો ન હોત, જો ન્યાયતંત્ર પોતે પણ પોતાની જવાબદારીઓ માટે એટલું જ કડક બનત. પ્રજા તરફથી ખૂબ જ તાર્કિક અને મજબૂત શરતો મૂકવામાં આવી રહી છે, જેને સરકાર અને ન્યાયતંત્ર બંનેએ ગંભીરતાથી લેવી પડશે. પ્રથમ શરત એ છે કે જો ટ્રાફિક દંડ વીજળી બિલમાં ઉમેરવાનો નિયમ પ્રજાને લાગુ પડતો હોય, તો આજથી જ ન્યાયતંત્ર પર પણ આ જ નિયમ લાગુ થવો જોઈએ.

# ગમતી વ્યક્તિને Special Feel કરાવવું જરૂરી છે?

# સંબંધોનું ઊંડાણ અને સાચો અર્થ

માનવજીવનનો સૌથી સુંદર, નાજુક અને મૂલ્યવાન હિસ્સો એટલે આપણા સંબંધો. પ્રેમ હોય, ગાઢ મિત્રતા હોય કે લોહીનો કોઈ ખાસ સંબંધ આપણા હૃદયની સૌથી નજીક રહેતી વ્યક્તિ જીવનને અર્થ આપે છે. પરંતુ સમય જતાં મોટાભાગના સંબંધો એક વણલખ્યા પ્રશ્ન સામે આવીને અટકી જાય છે 'શું આપણે જેને પ્રેમ કરીએ છીએ તેને ખાસ (Special) હોવાનો અહેસાસ વારંવાર કરાવવો ખરેખર જરૂરી છે?

જવાબ સ્પષ્ટ છે હા, સંબંધને માત્ર જીવતો રાખવા માટે જ નહીં, પણ તેને સદાબહાર અને જીવંત રાખવા માટે તે અત્યંત અનિવાર્ય છે.

લાગણીઓ મનમાં સંઘરી રાખવાથી સંબંધો નથી ટકતા એને સાચી કાળજી અને શબ્દો દ્વારા વ્યક્ત કરવી પણ એટલી જ જરૂરી છે.

મૌનની ગેરસમજ અણકહ્યો પ્રેમ ક્યારેક ઉપેક્ષા બની જાય છે આપણે ઘણીવાર એક સહજ ભૂલ કરી બેસીએ છીએ અને માની લઈએ છીએ કે એ તો જાણે જ છે ને કે હું એને કેટલો પ્રેમ કરું છું, એમાં રોજ રોજ કહેવાની શું જરૂર?

પરંતુ સંબંધોમાં મોટાભાગની તિરાડો અહીંથી જ શરૂ થાય છે. દરેક વ્યક્તિ મન વાંચી શકતી નથી. મનમાં ભલે ગમે તેટલો પ્રેમ કે આદર હોય, પણ જો તે સામેવાળી વ્યક્તિ સુધી પહોંચે નહીં, તો ધીમે ધીમે એ મૌન ઉપેક્ષા જેવું લાગવા માંડે છે. તમે કોઈને ખૂબ માનતા હોવ, તેની સફળતાથી ખુશ થતા હોવ કે તેની ચિંતા કરતા હોવ તો તેને કહી દો

"તારા હોવાથી મારું જીવન વધુ સુંદર છે."

"તારી મહેનત મને ખૂબ પ્રેરણા આપે છે."

"ગમે તેવી પરિસ્થિતિ હશે, હું તારી સાથે છું."

આવા સાદા અને નિખાલસ શબ્દો સંબંધમાં અતૂટ સુરક્ષા અને આત્મીયતા ઊભી કરે છે. કોઈને સ્પેશિયલ ફીલ કરાવવાનો અર્થ એ ક્યારેય નથી કે તમારે કોઈને સતત રાજી રાખવા માટે ખુદની ઓળખ ભૂલી જવી, કે પછી મોંઘીદાટ ભેટ-સોગાદો અને આડંબરી સરપ્રાઈઝ પાછળ દોડવું.

ખાસ હોવાનો સાચો અહેસાસ એટલે ધ્યાનપૂર્વક સાંભળવું દિવસના અંતે મોબાઈલ એક બાજુ મૂકીને માત્ર ૧૫ મિનિટ તેની આંખોમાં જોઈને તેના આખા દિવસની વાતો સાંભળવી.મહેનત અને અસ્તિત્વની કદર કરવી તેની નાની નાની સફળતામાં સાથે હરખાવું અને થાકેલી ક્ષણોમાં ધીમેથી પૂછવું, "બધું બરાબર છે ને?"

સામાન્ય દિવસોની યાદ માત્ર તહેવારો કે જરૂર પડે ત્યારે જ નહીં, પણ અણધાર્યા સમયે એક નાનો મેસેજ કરવો "જમી લીધું ને?" કે "બસ, અમસ્તી જ તારી યાદ આવી."

તેને ભાવતી એક કપ ચા બનાવી આપવી કે તેની મનપસંદ વાનગી યાદ રાખીને મંગાવવી.ક્યારેક હૃદયથી કહેવાયેલું એક વાક્ય "તારી સાથે વાત કરું ત્યારે મારો બધો થાક ઊતરી જાય છે"દુનિયાની કોઈપણ કિંમતી ભેટ કરતાં મોટો જાદુ કરી જાય છે.

કોઈને ખાસ બનાવવા માટે મોટી વસ્તુઓની જરૂર નથી હોતી સાચી લાગણીથી કરેલી નાની નાની કાળજી જ



હૃદય જીતવા પૂરતી હોય છે.

આજના દોડધામભર્યા યુગની સૌથી કિંમતી ભેટ

આજના સમયમાં લોકો પાસે ધન-દોલત કરતાં પણ સૌથી મોટી અછત સમયની છે. એટલા માટે જ્યારે કોઈ વ્યક્તિ પોતાની વ્યસ્તતા, કામનું દબાણ અને થાક વચ્ચેથી તમારા માટે સમય ફાળવે છે, ત્યારે એ સાબિત કરે છે કે તમે તેની પ્રાથમિકતા છો.

કોઈ આખો દિવસ તમારી સાથે વાત કરે એ જરૂરી નથી; દિવસમાં માત્ર પાંચ મિનિટની નિખાલસ અને સાચી વાતચીત પણ આખા દિવસનો બોજ હળવો કરી દે છે.

ચાલો સ્પેશિયલ ફીલ અને ખુશામત વચ્ચેનો ભેદ પારખીયે

આ તફાવત સમજવો સંબંધની પરિપક્વતા માટે ખૂબ મહત્વનો છે

ખુશામત કહે છે "તમે જે કરો છો એ બધું જ સાચું છે." (આ સ્વાર્થ કે ખોટો દેખાડો છે).

સાચી લાગણી કહે છે: "હું દરેક પરિસ્થિતિમાં તમારી સાથે છું, પણ જ્યાં તમે ભૂલ કરશો ત્યાં સાચી દિશા બતાવવાની હિંમત પણ હું જ રાખીશ.

ગમતી વ્યક્તિને ખાસ અનુભવ કરાવવો એટલે અંધ સમર્થન નહીં, પરંતુ પારદર્શકતા અને સન્માનભરી કાળજી છે.

જે તમારી દરેક ભૂલમાં પણ હા પાડે એ તમારો શુભચિંતક ન હોઈ શકે; પણ જે તમારી ભૂલ વખતે સાચી દિશા બતાવીને પડખે ઊભો રહે, એ જ સાચો પોતાનો છે.' કોઈને પ્રેમ આપવો અને સ્પેશિયલ ફીલ કરાવવું અતિ સુંદર બાબત છે, પરંતુ પોતાનું માન અને સ્વાભિમાન ગુમાવીને નહીં. સંબંધ એ બે પૈડાંનો રથ છે. કાળજી, માન અને પ્રયાસ હંમેશાં બંને તરફથી હોવા જોઈએ. જો તમે સતત કોઈને ખુશ રાખવા માટે તમારી લાગણીઓ કચડતા હોવ, દરેક વખતે પહેલ તમારે જ કરવી પડતી હોય અને સામેથી માત્ર ઉપેક્ષા કે અવગણના મળતી હોય તો ત્યાં અટકીને વિચારવું જરૂરી છે. જ્યાં એક જ વ્યક્તિ સતત આપે અને બીજી વ્યક્તિ માત્ર સ્વીકારે, ત્યાં સમય જતાં લાગણીઓ થાકી જાય છે અને સંબંધ મરી પરવારે છે.

સાચો સંબંધ એ નથી જેમાં એક વ્યક્તિએ પોતાનું અસ્તિત્વ સાબિત કરવા રોજ ઝઝૂમવું પડે; સાચો સંબંધ એ છે જેમાં બંને વ્યક્તિ એકબીજાની કિંમત સહજતાથી સમજે.

મોટાભાગના સંબંધો અચાનક થયેલા ઝઘડાથી નથી તૂટતા; એ તૂટે છે નાની નાની બાબતોની સતત થતી અવગણનાથી.શરૂઆતમાં જે સંબંધમાં રોજ પૂછાતું હતું "ઘરે પહોંચી ગયા?", "તબિયત કેવી છે?", "જમ્યા કે નહીં?" સમય જતાં એ જ પ્રશ્નો બંધ થઈ જાય છે. સંબંધમાં સમસ્યા પ્રેમ ખૂટી જવાથી નથી થતી, પણ પ્રેમ અને કાળજી વ્યક્ત કરવાનું બંધ થવાથી થાય છે.

સંબંધો છોડ જેવા હોય છે; જો તેને રોજ કાળજી, સમજણ અને લાગણીનું પાણી ન પિવાય, તો એ સમય જતાં સુકાઈ જાય છે.

અંતે વાત એટલી જ...

આ દુનિયામાં પ્રત્યેક વ્યક્તિને ક્યારેક ને ક્યારેક એવું અનુભવવું ગમે છે કે

"કોઈક છે જેને મારી ખુશી, મારા દુઃખ અને મારી હાજરીથી સાચે જ ફરક પડે છે." ગમતી વ્યક્તિને ખાસ હોવાનો અહેસાસ કરાવવો એ કોઈ મોટો ઉપકાર કે સામાજિક ઔપચારિકતા નથી, પરંતુ તેમને એ જણાવવાનો સૌથી સુંદર રસ્તો છે કે આપણા જીવનમાં તેમનું સ્થાન અજોડ છે.ભેટ કરતાં ભાવના મોટી છે,

શબ્દ કરતાં સમજણ મોટી છે,માત્ર સમય આપવા કરતાં માનસિક હાજરી મોટી છે, અને દેખાડા કરતાં હૃદયપૂર્વકની સાચી કાળજી સૌથી મોટી છે.

'જે વ્યક્તિ તમારા જીવનમાં ખરેખર ખાસ છે, તેને એ વાતનો અહેસાસ કરાવવામાં ક્યારેય મોડું ન કરો; કારણ કે લાગણીઓ મનમાં દબાવી રાખવાથી નહીં, પણ યોગ્ય સમયે વહાવી દેવાથી જ સંબંધો અમર બને છે.'

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

## ભલભલા ડોન્સની ઊંઘ હરામ કરનાર ખુંખાર ગેંગસ્ટર: સળિયા પાછળથી પણ કાળો કહેર વર્તાવતો લોરેન્સ બિશ્નોઈ કોણ છે?

**"જેલની દીવાલો કે કડક સુરક્ષા પણ જેનો વાળ પણ વાંકી શકતી નથી" - કરોડોની સિન્ડિકેટ ચલાવતા અંડરવર્લ્ડના આ નવા કિંગપિનની દહેશતથી ધ્રૂજે છે મોટા-મોટા દિગ્ગજો!**

અમદાવાદ

ભારતીય અપરાધ જગત (રવર્લ્ડ) ના ઈતિહાસમાં જ્યારે પણ કોઈ ખૂંખાર અને ધાકડ ગેંગસ્ટરની વાત આવે છે, ત્યારે આજની તારીખમાં એક જ નામ સૌથી ટોચ પર ગુંજે છે - લોરેન્સ બિશ્નોઈ. જેલની ચાર દીવાલોની કેદમાં વર્ષોથી બંધ હોવા છતાં જેની એક જ ધમકી દેશભરમાં સનસનાટી મચાવી દે છે, તે લોરેન્સ બિશ્નોઈ આજે માત્ર એક અપરાધી નથી રહ્યો, પરંતુ ભારતની સુરક્ષા માટે એક સૌથી મોટો પઝલ અને અંડરવર્લ્ડની દુનિયામાં એક ખતરનાક બ્રાન્ડ બની ગયો છે.

આજે 'પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર'ના વાચકો માટે આ સિન્ડિકેટના કાળા સામ્રાજ્ય અને તેના ખતરનાક ઈતિહાસનો ચિત્ત હચમચાવી નાખતો અહેવાલ રજૂ કરીએ છીએ.

કોલેજ કેમ્પસથી શરૂ થયેલી અપરાધની સફર

પંજાબના ફાઝિલ્કા જિલ્લાના એક સમૃદ્ધ ખેડૂત પરિવારમાં જન્મેલા લોરેન્સ બિશ્નોઈનું સાચું નામ બલ છે. પિતા પોલીસ વિભાગમાં નોકરી કરતા હતા




અને પરિવાર ઈચ્છતો હતો કે તે ભણી-ગણીને મોટો અધિકારી બને. ચંદીગઢની પ્રખ્યાત Panjab Universityમાં કાયદા (LLB) નો અભ્યાસ કરતી વખતે તે વિદ્યાર્થી રાજકારણના રંગે રંગાયો.

યુનિવર્સિટીની ચૂંટણીઓમાં જીત મેળવવાની ઘેલછા અને આધિપત્ય જમાવવાની હોડમાં તે નાના-મોટા અપરાધોથી લઈને હથિયારોના રસ્તે ચડી ગયો. અહીં જ તેની મુલાકાત ગોલ્ડી બ્રાર જેવા કુખ્યાત ગુનેગારો સાથે થઈ અને ધીમે-ધીમે તેણે એક અતિ આધુનિક શૂટર્સ અને ક્રિમિનલ્સની સિંહ જેવી ફોજ તૈયાર કરી દીધી. આજે આ ગેંગ પંજાબ, હરિયાણા, રાજસ્થાન, દિલ્હી સહિત ગુજરાત અને દેશના અનેક રાજ્યોમાં ફેલાયેલી છે.

બોલિવૂડથી લઈને હાઈ-પ્રોફાઈલ હત્યાઓ: દેશભરમાં હાહાકાર

લોરેન્સ બિશ્નોઈ ગેંગનું નામ સૌથી પહેલીવાર ત્યારે રાષ્ટ્રીય સ્તરે ચમક્યું જ્યારે તેણે પંજાબી મ્યુઝિક ઈન્ડસ્ટ્રીના સુપરસ્ટાર અને યુવા ગાયક સિદ્ધુ મૂસેવાલા ની દિનદહાડે બુલેટ અને ઓટોમેટિક હથિયારોથી ચાળણી કરી નાખી. આ હત્યાની જવાબદારી ખુદ કેનેડા બેઠેલા તેના સાથી ગોલ્ડી બ્રારે લીધી હતી, પરંતુ આ આખા મર્ડરનો માસ્ટરમાઈન્ડ લોરેન્સ જ હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. માત્ર પંજાબ કે ગાયકો જ નહીં, પરંતુ બોલિવૂડના સુપરસ્ટાર સલમાન ખાન સાથેનો તેનો જૂનો અદાવતનો ઈતિહાસ જગજાહેર છે. કાળિયાર શિકાર મામલાને લઈને બિશ્નોઈ સમાજની ધાર્મિક લાગણીઓ જોડાયેલી હોવાથી લોરેન્સે જાહેરમાં સલમાન ખાનને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તાજેતરમાં જ મુંબઈમાં થયેલા પ્રખ્યાત રાજકારણી બાબા સિદ્દીકીની હત્યા પાછળ પણ આ જ ગેંગનું નામ સામે આવતા સમગ્ર દેશમાં ખળભળાટ મચી ગયો હતો. આ ઘટનાઓ સાબિત કરે છે કે લોરેન્સના શૂટર્સ દેશના કોઈપણ ખૂણે શિકાર કરવા સક્ષમ છે.

જેલની સલાખો પાછળથી પણ આખો સામ્રાજ્ય ચલાવતો 'શાનદાર' માફિયા

સૌથી મોટો ચોંકાવનારો સવાલ એ છે કે ગુજરાતની અત્યંત સુરક્ષિત સાબરમતી સેન્ટ્રલ જેલ હોય કે તિહાર જેલ - કડક સુરક્ષા વ્યવસ્થા અને જામર્સ વચ્ચે પણ લોરેન્સ બિશ્નોઈ સ્માર્ટફોન, હાઈ-ટેક કોલિંગ એપ્સ અને વફાદાર ગુલામોની ફોજ દ્વારા પોતાની આખી ક્રાઈમ સિન્ડિકેટ કેવી રીતે ચલાવી લે છે?

કાયદા અને સુરક્ષા એજન્સીઓ સામે મોટો પડકાર

આજના સમયમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગ એ ભારતીય પોલીસ અને ઈન્ટેલિજન્સ એજન્સીઓ (NIA) માટે માથાનો દુખાવો બની ગઈ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે આતંકવાદી સંસ્થાઓ અને ગેંગસ્ટરોનું જે નેટવર્ક ખૂલ્યું છે, તેમાં આ યુવા ગેંગસ્ટર સૌથી મોટો ખતરો સાબિત થઈ રહ્યો છે.

ગુજરાત પોલીસ અને સુરક્ષા એજન્સીઓની સતર્કતા વચ્ચે સાબરમતી જેલમાં બંધ આ માફિયાની હિલચાલ પર અત્યારે દેશભરની નજર છે. શું કાયદો આ ખુંખાર અપરાધિક સામ્રાજ્યની કમર તોડી શકશે? કે પછી લોરેન્સની આ ખોફનાક કહાની હજુ કોઈ નવા લોહિયાળ અધ્યાય લખશે? તે તો આવનારો સમય જ બતાવશે, પરંતુ એટલું ચોક્કસ છે કે લોરેન્સ બિશ્નોઈનું નામ ભારતના ક્રાઈમ રેકોર્ડમાં સૌથી કાળા અક્ષરોથી કંડારાઈ ચૂક્યું છે.

# પી.એમ. શ્રી કેન્દ્રીય વિદ્યાલય આબુ પર્વત ખાતે ઉદયપુર સંકુલ સ્તરીય 'નિપુણ કાર્યશાળા' યોજાઈ

પી.એમ. શ્રી કેન્દ્રીય વિદ્યાલય, આબુ પર્વત

અધ્યક્ષતા: શ્રી રાજેશ્વર સિંહ (સંકુલ પ્રભારી તથા પ્રાચાર્ય, કે.વી. ક્રમાંક-૧, પ્રતાપનગર, ઉદયપુર)

મુખ્ય ઉદ્દેશ્ય: પ્રાથમિક સ્તરે 'નિપુણ ભારત મિશન' અને 'એફ.એલ.એન.' (FLN) ના લક્ષ્યોને સુદ્રઢ કરવા તથા શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવો.

સહભાગિતા: ઉદયપુર સંકુલ હેઠળ આવતી ૧૦ કેન્દ્રીય વિદ્યાલયના પ્રાચાર્યો અને વરિષ્ઠ શિક્ષકોની વિશેષ ઉપસ્થિતિ.

વિગતવાર અહેવાલ:

શિક્ષણની ગુણવત્તામાં નિરંતર સુધારો લાવવા, પ્રાથમિક સ્તરે બાળકોની મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન (FLN - Foundational Literacy and Numeracy) ને વધુ મજબૂત કરવા તેમજ 'નિપુણ ભારત મિશન' ના લક્ષ્યોની અસરકારક અમલવારી માટે પી.એમ. શ્રી કેન્દ્રીય વિદ્યાલય, આબુ પર્વત ખાતે ઉદયપુર સંકુલ સ્તરીય એક દિવસીય ભવ્ય 'નિપુણ કાર્યશાળા' નું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો શુભારંભ અને સ્વાગત:

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રજ્વલન અને માં સરસ્વતીના ચરણોમાં પુષ્પાંજલિ અર્પણ કરી અર્ચના સાથે કરવામાં આવી હતી. કાર્યશાળામાં પધારેલા તમામ મહેમાનો અને સહભાગીઓનું સ્વાગત શાળાની નન્હી છાત્રા રિયાંશુ શુક્લા દ્વારા પ્રસ્તુત એક મનમોહક શાસ્ત્રીય નૃત્યથી કરવામાં આવ્યું હતું. વેન્યુ પ્રિન્સિપાલ શ્રી ઓમ પ્રકાશ જાખડ દ્વારા તમામ અતિથિઓને છોડ ભેટ આપીને પર્યાવરણ સંરક્ષણનો અનોખો સંદેશ આપતા 'હરિત સ્વાગત'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

વિશિષ્ટ ઉપસ્થિતિ:

કાર્યશાળાની અધ્યક્ષતા ઉદયપુર સંકુલ પ્રભારી તથા કે.વી. ક્રમાંક-૧, પ્રતાપનગરના પ્રાચાર્ય શ્રી રાજેશ્વર સિંહ દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યશાળામાં ઉદયપુર સંકુલના ૧૦ કેન્દ્રીય વિદ્યાલયોના પ્રાચાર્યોએ પોતાના વરિષ્ઠ શિક્ષકો સાથે ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેમાં નીચે મુજબના પ્રાચાર્યો ઉપસ્થિત રહ્યા હતા:

શ્રી અરુણ કુમાર (પ્રાચાર્ય, કે.વી. ક્રમાંક-૨ એકલિંગગઢ, ઉદયપુર)

શ્રી લક્ષ્મણ સિંહ (પ્રાચાર્ય, કે.વી. ડુંગરપુર)




શ્રી હેમંત પંડ્યા (પ્રાચાર્ય, કે.વી. બાંસવાડા)

શ્રી અમિત પાલીવાલ (પ્રાચાર્ય, કે.વી. ચિત્તોડગઢ)

શ્રી પ્રદીપ ચૌધરી (પ્રાચાર્ય, કે.વી. રાજસમંદ)

શ્રી દીપક જુનેજા (પ્રાચાર્ય, કે.વી. ભીમ)

શ્રી રવિ કુમાર મીણા (પ્રાચાર્ય, કે.વી. પ્રતાપગઢ)

શ્રી હુકમા રામ (પ્રાચાર્ય, કે.વી. સિરોહી)

શ્રી ઓમ પ્રકાશ જાખડ (પ્રાચાર્ય, કે.વી. માઉન્ટ આબુ)

કાર્યશાળાના મુખ્ય ચાર સત્રો અને ચર્ચા-વિચારણા:

આ કાર્યશાળાનો મુખ્ય ઉદ્દેશ્ય નિપુણ ભારત મિશન અને એફ.એલ.એન. ના લક્ષ્યોની પ્રગતિની સમીક્ષા કરવાનો હતો. આખો દિવસ ચાલતી આ કાર્યશાળામાં ચાર મહત્વપૂર્ણ સત્રો યોજાયા:

1. પ્રથમ સત્ર: એફ.એલ.એન. લક્ષ્યોની ઉપલબ્ધિઓ અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું.
2. દ્વિતીય સત્ર: એફ.એલ.એન. સાથે સંબંધિત શ્રેષ્ઠ કાર્ય-પદ્ધતિઓ (Best Practices) અને ઉપયોગી મોડ્યુલ્સનું આદાન-પ્રદાન થયું.
3. તૃતીય સત્ર: પ્રભાવી શૈક્ષણિક દ્રષ્ટિકોણ અને વર્ગખંડમાં નવીન શિક્ષણ પદ્ધતિઓ (Innovative Pedagogies) વિશે ઊંડાણપૂર્વક વિચાર-વિમર્શ કરાયો.
4. ચતુર્થ સત્ર: એફ.એલ.એન. અભિયાનને વધુ મજબૂત કરવા માટે સમયબદ્ધ, વ્યવહારિક અને પરિણામલક્ષી કાર્યય તૈયાર કરવા પર વિગતવાર ચર્ચા થઈ.

બધા જ સહભાગીઓએ બાળકોમાં પાયાની સાક્ષરતા અને ગણિતના પાયાને મજબૂત કરવા, શિક્ષણને વધુ આનંદદાયક બનાવવા તેમજ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેના પોતાના અનુભવો અને ઉત્તમ શૈક્ષણિક પ્રથાઓ એકબીજા સાથે વહેંચી હતી.

સમાપન અને વિશેષ સહયોગ:

કાર્યશાળાના સમાપન અવસરે વેન્યુ પ્રિન્સિપાલ શ્રી ઓમ પ્રકાશ જાખડ દ્વારા તમામ સહભાગીઓ, અતિથિઓ અને સ્ટાફગણનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું કે આવી સંકુલ સ્તરીય કાર્યશાળાઓ શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે પરસ્પર અનુભવો અને નવાચારોની આપ-લે કરવા માટે એક ખૂબ જ પ્રભાવી મંચ પૂરું પાડે છે. તેમણે અહીંથી પ્રાપ્ત સુચાવો અને શ્રેષ્ઠ પદ્ધતિઓને શાળાઓમાં અસરકારક રીતે લાગુ કરવા પર ભાર મૂક્યો હતો.

આ સંપૂર્ણ કાર્યશાળાના સફળ અને સુચારુ સંચાલનમાં શ્રીમતી સુમન સિંહ, શ્રીમતી લક્ષ્મી રાણી, શ્રી સંદીપ મીણા, શ્રીમતી સવિતા, શ્રી ગીતાંશુ જૈન અને શ્રી યશવંતનો સિંહફાળો અને ઉત્કૃષ્ટ યોગદાન રહ્યું હતું.

**કિશન દહિયા (પક્કો ગુજરાત ન્યૂઝ)**
**આબુ પર્વત**



### ડભોઇના ઐતિહાસિક તળાવમાં ખૂની ખેલ

# કેમિકલ ઝેરથી સેંકડો માછલીઓનો સંહાર!

## રાત્રિના અંધારામાં ચાલે છે મોટું કાવતરું, માછલી ચોરો બેફામ : પાલિકા તંત્રની ઘોર બેદરકારી સામે લોકરોષનો જવાળામુખી ફાટ્યો



**ડભોઇ**

ડભોઇ શહેરની મધ્યમાં ધબકતા અને નગરની ઓળખ સમાન ઐતિહાસિક અને સૌથી મોટા તળાવમાં હાલ એક અત્યંત ચોંકાવનારી અને કાળઝાળ ઘટના સામે આવી છે. છેલ્લા કેટલાક દિવસોથી આ તળાવમાં રોજેરોજ સેંકડોની સંખ્યામાં માછલીઓ રહસ્યમય સંજોગોમાં મૃત હાલતમાં મળી આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. તળાવના કિનારે મરેલી માછલીઓના અસંખ્ય ઢગલા અને પાણી પર તરતી લાશો જોઈને સ્થાનિક નાગરિકો અને પર્યાવરણપ્રેમીઓમાં તંત્ર સામે તીવ્ર રોષ ભભૂકી ઉઠ્યો છે. આટલી મોટી સંખ્યામાં માછલીઓના અચાનક મોત કોઈ કુદરતી હોનારત નહીં, પરંતુ કોઈ મોટું ગુનાહિત કાવતરું હોવાની પ્રબળ આશંકા વ્યક્ત થઈ રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ, આ ઐતિહાસિક તળાવમાં લાખો રૂપિયાની કિંમતની કિંમતી પ્રજાતિની માછલીઓ મોજૂદ છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, રાત્રિના અંધારાનો લાભ લઈને કેટલાક અસામાજિક તત્વો અને શિકારી ગેંગ તળાવના પાણીમાં ઘાતક રાસાયણિક ઝેર (કેમિકલ) ઓસરી રહ્યા છે. પાણીમાં ઝેર ભળતા જ શ્વાસ રૂંધાવાથી માછલીઓ બેભાન થઈને સપાટી પર આવી જાય છે. આ શિકારીઓ તેમાંથી તગડી અને કિંમતી માછલીઓ ભરીને રફૂચક્કર થઈ જાય છે, જ્યારે બાકીની સેંકડો નાની-મોટી માછલીઓ ઝેરની ઘાતક અસરથી તરફડી-તરફડીને મોતને ભેટે છે. સૂર્ય ઉગતાની સાથે જ તળાવ કિનારે મરેલી માછલીઓની દુર્ગંધ ફેલાય છે અને ગંભીર રોગચાળો ફેલાવાની દહેશત ઊભી થઈ છે.

શહેરના હાર્દસમા આ મુખ્ય તળાવની સુરક્ષા અને જાળવણી કરવાની જવાબદારી જે નગરપાલિકા તંત્રના શિરે છે, તેની ભૂમિકા હવે સવાલના કઠેરામાં આવી ગઈ છે.

સત્તાવાર ઈજારો કે ગેરકાયદે લૂંટ? શું પાલિકાએ આ તળાવમાં માછલી પકડવા માટે કોઈ અધિકૃત કોન્ટ્રાક્ટ આપ્યો છે? જો હા, તો તેની શરતો શું છે?

કોન્ટ્રાક્ટ વગર છૂટ કેમ? જો કોઈ સત્તાવાર કોન્ટ્રાક્ટ અપાયો નથી, તો પછી અસામાજિક તત્વો બિન્દાસપણે રાત્રે આવીને કેમિકલ નાખી લાખોની જળસંપત્તિની ચોરી કેવી રીતે કરી જાય છે?

તળાવની આસપાસ નાઈટ વિઝન કેમેરા, સુરક્ષા ગાર્ડ કે પોલીસ પેટ્રોલીંગની કોઈ વ્યવસ્થા કેમ કરવામાં નથી આવતી?

જો સમયસર આ ઘાતક ખેલ અટકાવવામાં નહીં આવે, તો તળાવની સમૃદ્ધ જળસંપત્તિ સંપૂર્ણપણે નાશ પામશે. આ ગંભીર પરિસ્થિતિને જોતા સ્થાનિક જનતા અને જાગૃત નાગરિકો દ્વારા તંત્ર સમક્ષ નીચે મુજબની કડક માંગણીઓ કરવામાં આવી છે.

# તુરખા ગામની સીમમાંથી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ઝડપાઇ

## બોટાદ LCB પોલીસે બે ઇસમોને ઝડપી રૂ.1.11 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો..





**બોટાદ, વિપુલ લુહાર**

બોટાદ જિલ્લામાંથી દારૂની બદી નાબૂદ કરવા માટે ભાવનગર રેન્જ આઈજી રાજેન્દ્ર અસારીની સૂચના તથા બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્માના માર્ગદર્શન હેઠળ પોલીસ દ્વારા સતત કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે બોટાદ LCB પોલીસને મળેલી બાતમીના આધારે પાળીયાદ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવતા તુરખા ગામની સીમમાં આવેલી વાડીમાં દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ઉપર દરોડો પાડવામાં આવ્યો હતો.બોટાદ LCBના PI જી. એમ. પાવરા તથા પોલીસ સ્ટાફના રામદેવસિંહ મોરી, પ્રધ્યુમનસિંહ વાળા, રસિકભાઈ ગળથરા સહિતના LCB પોલીસ સ્ટાફે તુરખા ગામની સીમમાં વાડીમાં દરોડો પાડતાં દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી સાથે બે ઈસમો મળી આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી દેશી દારૂ ગાળવાનો આથો 1,650 લીટર, કિંમત રૂ.41,250, તૈયાર દેશી દારૂ 350 લીટર, કિંમત રૂ.70,000 તેમજ દારૂની ભઠ્ઠીમાં ઉપયોગમાં લેવાતી સાધન સામગ્રી રૂ.140 મળી કુલ રૂ.1,11,390નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ કાર્યવાહી દરમિયાન પોલીસે અશોકભાઈ મધુભાઈ બોરસાણીયા, રહે. નડાળા અને વિજયભાઈ મનુભાઈ બોરસાણીયા, રહે. નડાળાને ઝડપી પાડ્યા હતા. બંને ઈસમો વિરુદ્ધ ધોરણસરની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.દારૂની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે બોટાદ જિલ્લા પોલીસ દ્વારા હાથ ધરાયેલી આ કાર્યવાહીને પગલે દારૂ બનાવતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

# કવાંટ પોલીસના વિદેશી દારૂના ગુનામાં બે વર્ષથી ફરાર આરોપી હળવદમાંથી ઝડપાયો

**છોટાઉદેપુર**

કવાંટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વિદેશી દારૂની હેરાફેરીના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો આરોપી છોટાઉદેપુર પેરોલ ફર્લો શાખાની ટીમે મોરબી જિલ્લાના હળવદમાંથી ઝડપી પાડ્યો છે. છોટાઉદેપુર જિલ્લા પોલીસ અધિક્ષક ઈમ્તીયાઝ શેખ દ્વારા જિલ્લામાં તેમજ જિલ્લા/ રાજ્ય બહાર ગુનાઓ આચરી ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે તમામ પોલીસ સ્ટેશનો અને શાખાઓને સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના અનુસંધાને પેરોલ ફર્લો સ્કવોડના પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી.કે. પંડયાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ અમરસીંગભાઈ શંકરભાઈને મળેલી માનવસૂત્ર આધારિત બાતમીના આધારે ટીમે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા મુજબ, કવાંટ પોલીસ સ્ટેશન C પાર્ટ ગુ.ર.નં. 657/2024, પ્રોહિબિશન એક્ટની કલમ 65(A)(E), 98(2), 81, 83 અને 116(B) હેઠળના ગુનામાં ફરાર આરોપી રાજુભાઈ હકાભાઈ ઉકડીયા (ઠાકોર), રહે. નાડીયાવાસ, હળવદ, તા. હળવદ, જી. મોરબી, ગુનો આચર્યા બાદ પોલીસ પકડથી દૂર હતો. બાતમીના આધારે પોલીસે આરોપીને હળવદ ખાતેથી ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ BNSS-2023ની કલમ 35(1)(J) મુજબ અટકાયત કરી વધુ કાર્યવાહી માટે કવાંટ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

### ગોઝારીયામાં બોગસ ડૉક્ટરનો ખેલ ખતમ

# ખોટા ઈન્જેક્શનથી 15 વર્ષીય દીકરી મોતની દાયરામાં, પરિવારે પશુઓ વેચી કરાવી સારવાર!

## ઊંટવૈધ વાસુભાઇ રબારીની ગંભીર બેદરકારી: દીકરીને ખેંચ આવવા લાગી છતાં હાથ અધ્ધર કરી દીધા : અગાઉ ગુનો નોંધાયેલો હોવા છતાં બેરોકટોક ધમધમતી હતી બોગસ તબીબની દુકાન, ક્યારે જાગશે તંત્ર?

**મહેસાણા/ગોઝારીયા**

ગુજરાતમાં નકલી અને બોગસ ડૉક્ટરોનો ત્રાસ અટકવાનું નામ નથી . મહેસાણા જિલ્લાના ગોઝારીયામાંથી એક અત્યંત હ્રદયદ્રાવક અને ખળભટ મચાવતો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં એક બોગસ તબીબની ઘોર બેદરકારીએ ૧૫ વર્ષીય નિદ દીકરીનો ભોગ લેતા-લેતા બચાવ્યો છે. ગરીબ પરિવારની દીકરીના જીવન સાથે રમત રમ આ નકલી ડૉક્ટરના કારનામાએ સમગ્ર પંથકમાં ભારે રોષ ફેલાવી દીધો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગોઝારીયામાં પ્રેક્ટિસ કરતા ઊંટવૈદ્ય ડૉક્ટર વાસુભાઈ રબારી નામના બોગસ તબીબ પાસે દેવીપૂજક સમાજની ૧૫ વર્ષીય દીકરીને સારવાર માટે લઈ જવામાં આવી હતી. આ બોગસ ડૉક્ટરે દીકરીને યોગ્ય તપાસ કર્યા વગર જ કોઈ ખોટું ઈન્જેક્શન અને દવા આપી દીધી, જેનું તુરંત જ રિએક્શન આવ્યું. દીકરીની તબિયત અચાનક અત્યંત કથળી ગઈ અને તેને સતત ખેંચ આવવા લાગી. દીકરીની હાલત ગંભીર બનતી જોઈને આ ડૉક્ટરની અસલિયત બહાર આવી ગઈ. તેણે દીકરીને પોતાના દવાખાનામાં દાખલ કરવાની સાફ ના પાડી દીધી અને તુરંત જ પોતાના હાથ અધ્ધર કરી દીધા.

ડૉક્ટર દ્વારા હાથ અધ્ધર કરી દેવાયા બાદ લાચાર અને હભરાયેલો પરિવાર દીકરીને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ લઈ ગયો, જ્યાંથી તેની ગંભીર હાલત જોઈને વધુ સારવાર માટે અન્યત્ર રિફર કરવામાં આવી. એક બાજુ દીકરી મોત સામે જંગ લડી રહી હતી અને બીજી બાજુ ગરીબ પરિવાર પાસે હોસ્પિટલનો ખર્ચ ચૂકવવાના પૈસા નહોતા. આખરે, માસૂમ દીકરીનો જીવ બચાવવા માટે લાચાર પરિવારે પોતાના ઘરના મૂગા પશુઓ (ઢોર-ઢાંખર) વેચી નાખવા પડ્યા અને તેમાંથી આવેલા પૈસાથી ખાનગી હોસ્પિટલમાં મોંઘી સારવાર કરાવીને માંડ દીકરીનો જી બચાવ્યો. એક પિતા માટે પોતાના ઘરની રોજી-રોટી સમાન પશુઓ વેચી દેવાની આ વેદનાએ સૌની આંખો કરી દીધી છે. સૌથી મોટો સવાલ એ ઉભો થાય છે કે તંત્ર શું કરી રહ્યું છે? તપાસમાં ખુલાસો થયો છે કે આ બોગસ તબીબ વાસુભાઈ રબારી સામે અગાઉ પણ લાંઘણજ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાઈ ચૂક્યો છે. કાયદો અને પોલીસની કાર્યવાહી હોવા છતાં આ શખ્સ બેખોફ બનીને પોતાની દુકાન ચલાવી રહ્યો હતો અને લોકોના જીવન સાથે ચેડાં કરી રહ્યો હતો.

# મુદત પૂરી, છતાં રોડ અધૂરા : શિનોર-માલસર અને સાધલી-પોર માર્ગે લોકોની હલાકી

## રૂ.5.14 કરોડના શિનોર-માલસર રોડની મુદતને 9 મહિના વીત્યા; રૂ.3.57 કરોડના સાધલી-પોર રોડના ખાતમુહૂર્તને પણ એક વર્ષ પૂર્ણ

**સાધલી, હસમુખ પટેલ**

વડોદરા જિલ્લાના સાધલી થી પોર ના રૂપિયા 57 કરોડના ખર્ચે મંજુર થયેલ રસ્તાનું ગત તારીખ 22 સપ્ટેમ્બર 2025 ના રોજ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેની મુદત પુરી થઇ છતાં પૂરો થતો નથી અને હજુ ક્યારે પૂરો થશે, તે કાંઈ નક્કી નથી. તેવી જ રીતના શિનોરથી માલસર રોડને પહોળો કરી મજબૂતી કરણ કરી 7 મીટર થી 10 મીટર કરવા રૂપિયા 5 કરોડ 14 લાખ ઉપરાંત થી મંજૂર થયેલ છે ,જેનું કામ તારીખ 1 સપ્ટેમ્બર 2025 થી શરૂ કરવાનું હતું અને તારીખ 31 ડિસેમ્બર 2025 ના રોજ પૂરું કરવાનું હતું . રુદ્રા ઈન્ફ્રા પ્રોજેક્ટ દ્વારા આ કામ રાખવામાં આવ્યું હતું અને જ્યારથી કામની



શરૂઆત કરેલ છે ,ત્યારથી આજ દિન સુધી કોઈ પણ કામ પૂરું કરેલ નથી. છતાં પણ કુંભકર્ણ ની નિંદ્રામાં પોઢેલ રાજ્ય સરકાર ના માર્ગ અને મકાનનું તંત્ર એરકન્ડિશન રૂમમાં બેસીને હજુ પણ બગાસા ખાવા માંથી ઊંચું આવતું નથી. ડામર વગરના આ બંને રસ્તાઓ ઉપર કોન્ટ્રાક્ટર દ્વારા કે તંત્ર દ્વારા પાણી છાંટવાની તસ્દી પણ લીધેલ નથી, જેના કારણે આજુબાજુની ખાણી-પીણીની દુકાનો અને ખેતરોમાં માટીના થર પાક ઉપર જામ્યા છે. ખેડૂતો સહિત લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે ,છતાં પણ એજન્સી ઉપર નજર રાખનારા નાયબ કાર્યપાલક ઈજનેર સબ ડિવિઝન ડભોઈ, નાયબ કાર્યપાલક ઈજનેર જિલ્લા વિભાગ વડોદરા, અને કાર્યપાલક ઈજનેર જિલ્લા માર્ગ મકાન વિભાગ વડોદરા દ્વારા જાહેર ખુલાસો કર્યા વગર એજન્સી નો બચાવ થઈ રહ્યો છે. કામ પૂરું કરવાની મુદત બંને રોડોની પૂરી થઈ ગયો હોવા છતાં તંત્ર દ્વારા કયા કારણસર રહેમ નજર રાખવામાં આવે છે અને બીજી તરફ લોકોને હેરાનગતિમાં મૂકવામાં આવે છે તેનું નક્કર કારણ સમજાતું નથી.

# શિનોર તાલુકાની 87 આંગણવાડીમાં 'આંગણ મિલન ઉત્સવ'નો પ્રારંભ થયો

## કુકસમાં ધારાસભ્ય અક્ષય પટેલે આંગણવાડી-3નું ઉદ્ઘાટન કરી બાળકો સાથે આંગણ ઉત્સવમાં ભાગ લીધો

**સાધલી, હસમુખ પટેલ**

શિનોર તાલુકાના કુકસ ગામે આંગણવાડી-1, કેન્દ્રનું મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ત્રિમંદિર ખાતેથી ઈ લોકાર્પણ કર્યું હતું. આજે તારીખ 28 સપ્ટેમ્બર ધારાસભ્ય અક્ષય પટેલે આંગણવાડી કેન્દ્ર- 3 નું રીબીન કાપીને ઉદ્ઘાટન કર્યું હતું. અને આંગણ ઉત્સવમાં ભાગ લીધો હતો. મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા ગુજરાત ભરમાં આંગણ મિલન ઉત્સવ નું આયોજન તારીખ 25 સપ્ટેમ્બર થી 3



ઓક્ટોબર સુધી કરવાનું નક્કી કરેલ છે. એ અંતર્ગત શિનોર તાલુકાના ઈન્ચાર્જ બાળ વિકાસ યોજના અધિકારી ચેતનાબેન પટેલ દ્વારા કાર્યક્રમ ગોઠવેલ છે. તારીખ 28 સપ્ટેમ્બર 2026 ના રોજ કુકસ મુકામે તૈયાર થયેલ આંગણવાડી-3, નું ઉદ્ઘાટન ધારાસભ્ય અક્ષય પટેલના હસ્તે કરવામાં આવ્યું. અને ત્રણેવ આંગણવાડીનો આંગન મિલન ઉત્સવ આંગણવાડી કેન્દ્ર-1 સામે કરવામાં આવ્યો.

તંદુરસ્ત બાળકોને ઈનામ આપવામાં આવ્યા, સગર્ભા, ધાત્રી કિશોરીઓને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ નો સંદેશ આપવામાં આવ્યો તથા ફ્રુટ અને લાડુ નું વિતરણ કરવામાં આવ્યું. તમામ કિશોરીઓ,આંગણવાડી વર્કરો, તેડાગરો અને આશા વર્કરોને પ્રમાણપત્રો આપવામાં આવ્યા. બાળકોના સર્વાંગી વિકાસના આ અભિયાન મુજબ સ્વસ્થ બાળક સમૃદ્ધ ભારત નું સૂત્ર સફળ થયું હતું . શિનોર તાલુકાની તમામ 87 આંગણવાડી કેન્દ્ર પર આ કાર્યક્રમ શરૂ થયેલ છે. આ કાર્યક્રમમાં ધારાસભ્ય અક્ષય પટેલ સાથે ભાજપ પ્રમુખ સંકેત પટેલ, સરપંચ કનુ વસાવા, ઉપસરપંચ શીતલબેન પટેલ, ઈન્ચાર્જ સીડીપીઓ ચેતનાબેન પટેલ ,સહિત ગ્રામજનો તથા આંગણવાડી, આશાઓ અને તેડાગરો હાજર રહ્યા હતા.

# સુરત મહાનગરપાલિકામાં ખળભળાટ : SMCનો સિક્યુરિટી ઓફિસર 25,000ની લાંચ લેતા ACBના હાથે રંગેહાથ ઝડપાયો!

**સુરત**

ડાયમંડ અને ટેક્સટાઈલ સિટી તરીકે વિશ્વભરમાં પ્રખ્યાત સુરત શહેરમાંથી આજે એક અત્યંત ચોંકાવનારા અને લાલબતી સમાન સમાચાર સામે આવી રહ્યા છે. સુરત મહાનગરપાલિકા (SMC) ની મુખ્ય કચેરીમાંથી જ વહીવટી તંત્રની પોલ ખોલતી એક મોટી ઘટના સામે આવી છે, જ્યાં એસ.એમ.સી. ના વોચ એન્ડ વોર્ડ વિભાગના સિક્યુરિટી ઓફિસરને લાંચ લેતા એસીબી (ACB) ની ટીમે રંગેહાથ દબોચી લીધો છે. સુરત મહાનગરપાલિકાના આ નામાંકિત અધિકારીની ધરપકડથી ભ્રષ્ટ બેડામાં ભારે નાસભાગ અને ફફડાટ મચી ગયો છે. મળતી માહિતી મુજબ, સુરત મહાનગરપાલિકાના વોચ એન્ડ વોર્ડ વિભાગમાં ફરજ બજાવતા



સિક્યુરિટી ઓફિસર શૈલેષ મણીલાલ પારેખને સુરત ગ્રામ્ય એસીબી (ACB) ની ટીમે 25,000 ની માતબર રકમની લાંચ લેતા તેની જ સરકારી ચેમ્બરમાંથી પકડી પાડ્યો હતો. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, પકડાયેલા લાંચિયા સિક્યુરિટી ઓફિસર શૈલેષ મણીલાલ પારેખ દ્વારા કર્મચારીઓને માનસિક રીતે હેરાન કરવાનું અને ગેરહાજર નહીં મૂકવાના અવેજ પેટે અવારનવાર ગેરકાયદે નાણાં પડાવવામાં આવતા હતા.

# ગીર સોમનાથમાં ખેડૂતોનો ઉગ્ર રોષ: સિમેન્ટ કંપનીના પાણી છોડવાના અન્યાય સામે 6 ગામના ખેડૂતો કલેક્ટર કચેરીએ ધસી આવ્યા!

## સિંગસર, ધામલેજ, થોરડી સહિત છ ગામના અન્નદાતાઓએ સૂત્રોચાર સાથે દેખાવો કરી હલ્લાબોલ મચાવ્યો

**ગીર સોમનાથ**

ગીર સોમનાથ જિલ્લાના સૂત્રાપાડા પંથકમાંથી ખેડૂતોની વેદના અને આક્રોશના મોટા સમાચાર સામે આવ્યા છે. સૂત્રાપાડા તાલુકાના સિંગસર ગામે આવેલી એક ખાનગી સિમેન્ટ કંપનીની માઈન્સ (ખાનણ) માંથી કંપની દ્વારા મનસ્વી રીતે પાણીના નિકાલ કરવાના મુદ્દે ખેડૂતો હવે આરપારની લડાઈના મૂડમાં આવી ગયા છે. કંપનીની આદતાઈ સામે અન્નદાતાઓમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે અને લાચાર બનવાને બદલે ખેડૂતો રસ્તા પર ઉતરીને ઉગ્ર વિરોધ પ્રદર્શિત કરી રહ્યા છે.

સિમેન્ટ કંપનીની મનમાનીથી ત્રાસી ગયેલા આસપાસના ગ્રામજનો અને ખેડૂતોએ ચૂપ બેસવાને બદલે સીધો મોરચો ખોલી દીધો છે. પ્રાપ્ત વિગતો અનુસાર: સિંગસર, ધામલેજ, થોરડી, રાખેજ, કણજોતર અને બરુલા સહિત કુલ છ ગામના સેંકડો ખેડૂતો એકત્રિત થયા હતા. આ તમામ ખેડૂતો વિશાળ સંખ્યામાં




જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચી ગયા હતા અને કંપની વિરુદ્ધ ઉગ્ર સૂત્રોચાર કરીને વાતાવરણ ગજવી મૂક્યું હતું. ખેડૂતોના આ અચાનક અને ઉગ્ર દેખાવોથી તંત્રમાં પણ દોડધામ મચી ગઈ છે. ખેડૂતોનો સીધો અને ગંભીર આક્ષેપ છે કે ખાનગી સિમેન્ટ કંપની દ્વારા પોતાની માઈન્સમાંથી જે પ્રકારે પાણીનો નિકાલ કરવામાં આવી રહ્યો છે, તેના કારણે આસપાસના ખેતરોમાં પાણી ભરાઈ રહ્યા છે અને ખેતીની ફળદ્રુપ જમીન નાશ પામી રહી છે. પાકને નુકસાન: કંપનીના આ બેજવાબદાર વલણને કારણે ખેડૂતોના ઊભા પાકને વ્યાપક નુકસાન પહોંચી રહ્યું છે. આજીવિકાનો પ્રશ્ન: વર્ષોથી મહેનત કરીને ખેતી કરતા ખેડૂતોની આજીવિકા પર હવે મોટું જોખમ તોળાઈ રહ્યું છે, છતાંય કંપની અને જવાબદાર તંત્ર આંખ આડા કાન કરી રહ્યા છે. કલેક્ટર કચેરીએ પહોંચેલા ખેડૂતોએ તંત્રને આવેદનપત્ર પાઠવીને તાત્કાલિક ધોરણે આ સમસ્યાનું નિરાકરણ લાવવાની કડક માંગ કરી છે.

# છોટાઉદેપુર જિલ્લામાં લેન્ડ રેકોર્ડ (જમીન દફતર) વર્ગ-3ના કર્મચારીઓ ગ્રેડ પે મુદ્દે અચોક્કસ મુદતની હડતાલ પર

**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

છોટાઉદેપુર જિલ્લામાં સરકારી કામકાજ પર મોટી અસર પડી છે. જમીન દફ્તર (લેન્ડ રેકોર્ડ) વિભાગના વર્ગ-૩ના કર્મચારીઓ પોતાની માંગણીઓને લઈને આક્રમક બન્યા છે અને તારીખ ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૬થી અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરી ગયા છે. છોટાઉદેપુર જિલ્લા યુનિટના લેન્ડ રેકોર્ડ (જમીન દફતર) વિભાગના વર્ગ-૩ના કર્મચારીઓએ પડતર પ્રશ્નો અને ખાસ કરીને ગ્રેડ પે સુધારાની માંગણી સાથે આજથી અચોક્કસ મુદતની હડતાલ શરૂ કરી છે. કર્મચારીઓનું સીધું અને સ્પષ્ટ કહેવું છે કે અન્ય સરકારી વિભાગોની સરખામણીમાં તેમના વિભાગમાં ગ્રેડ પે ઓછો આપવામાં આવી રહ્યો છે, જેને લઈને કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. હડતાલ પર ઉતરેલા કર્મચારીઓનો મુખ્ય આક્ષેપ છે કે સમાન લાયકાત અને કામગીરી હોવા છતાં બીજા વિભાગોના કર્મચારીઓની તુલનામાં લેન્ડ રેકોર્ડ વિભાગના વર્ગ-૩ના કર્મચારીઓને અન્યાય થઈ રહ્યો છે. 'બીજા વિભાગો કરતાં અમારા વિભાગમાં ગ્રેડ પે ઓછો કેમ?' તેવો સવાલ ઉઠાવીને કર્મચારીઓએ અગાઉ પણ અનેકવાર રજૂઆતો કરી હતી, પરંતુ તંત્ર દ્વારા યોગ્ય નિરાકરણ ન આવતા આખરે તેમણે આંદોલનનો રસ્તો અપનાવ્યો છે. આ અચોક્કસ મુદતની હડતાલના કારણે છોટાઉદેપુર જિલ્લામાં જમીનને લગતી અરજીઓ, નકશા, હદ માપણી અને રેકોર્ડને લગતી સરકારી કામગીરી ઠપ થઈ ગઈ છે, જેના કારણે દૂર-દૂરથી આવતા અરજદારોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.



### અભિનેત્રીએ પોતે જ ખોલ્યા અંગત જિંદગીના મોટા રાજ

# લગ્ન વગર જ માતા બનવા માંગતી હતી અભિનેત્રી સ્વરા ભાસ્કર!

મુંબઇ

બોલિવૂડ એક્ટ્રેસ સ્વરા ભાસ્કર હંમેશા પોતાના બેબાક અંદાજ અને અંગત જીવન વિશે ખુલીને વાત કરવા માટે જાણીતી છે. હાલમાં જ સ્વરાએ પોતાના અંગત જીવનને લઈને એક મોટો ખુલાસો કર્યો છે. સ્વરાએ જણાવ્યું કે, ફહાદ અહમદ સાથે લગ્ન કરતા પહેલા તેણે એ વાત સ્વીકારી લીધી હતી કે કદાચ તે ક્યારેય લગ્ન નહીં કરે. જોકે, એક વાત માટે તે મક્કમ હતી કે તેને માતા તો બનવું જ છે. 'રાઈઝ એન્ડ ફોલ સિઝન 2' નામના શોમાં અન્ય સ્પર્ધકો સાથે વાતચીત દરમિયાન સ્વરાએ કબૂલાત કરી હતી કે તેણે લગ્ન પહેલાં જ IVF દ્વારા માતા બનવાનો નિર્ણય કરી લીધો હતો.

લગ્ન વિના માતા બનવાના આ મોટા નિર્ણય અંગે જ્યારે સ્વરાએ તેના માતા-પિતા સાથે વાત કરી ત્યારે તેમનું રિએક્શન પણ જાણવા જેવું હતું. સ્વરાના કહેવા મુજબ, શરૂઆતમાં તો આ વાત સાંભળીને તેઓ ચોંકી ગયા હતા અને તેમને આ વાત સમજવામાં થોડો સમય લાગ્યો હતો. પરંતુ જ્યારે તેમણે જોયું કે તેમની દીકરી ખરેખર આ ઈચ્છે છે, ત્યારે તેઓ માની ગયા હતા. સ્વરાના માતા-પિતાએ તેને સમજાવી હતી કે આપણા દેશના સમાજમાં લગ્ન વિના સિંગલ મધર તરીકે બાળકનો ઉછેર કરવો ખૂબ જ પડકારજનક સાબિત થઈ શકે છે. છતાં પણ, દીકરીની ખુશી ખાતર તેમણે સહમતિ આપી દીધી હતી.

સ્વરાએ વધુમાં જણાવ્યું કે આ માત્ર કોઈ વિચાર કે ચર્ચા પૂરતું સીમિત નહોતું. તેણે માતા બનવા માટે ખરેખર પ્રયાસો પણ શરૂ કરી દીધા હતા. તેણે એક ડોનરની મદદથી IVF પ્રક્રિયા માટે બે વખત પ્રયાસ કર્યા હતા, પરંતુ કમનસીબે તેમાં તેને સફળતા મળી ન હતી. આમ, માતા બનવાની તેની ઈચ્છા અધૂરી રહી ગઈ હતી. આ સમયગાળા દરમિયાન તેણે સ્વીકારી લીધું હતું કે કદાચ તેનું સિંગલ મધર બનવાનું સપનું પૂરું નહીં થાય. જોકે, ત્યારપછી સ્વરાના જીવનમાં એક સુંદર વળાંક આવ્યો. જાન્યુઆરી 2020માં તેની મુલાકાત ફહાદ અહમદ સાથે થઈ. બંને વચ્ચે મિત્રતા થઈ જે ટૂંક સમયમાં જ પ્રેમમાં પરિણમી અને તેઓ એકબીજાની ખૂબ નજીક આવી ગયા. આખરે 16 ફેબ્રુઆરી 2023ના રોજ બંનેએ કોર્ટ મેરેજ કર્યા અને ત્યારબાદ પરિવાર અને મિત્રોની હાજરીમાં પરંપરાગત રીતે લગ્નગ્રંથિથી જોડાયા.

**23 સપ્ટેમ્બર 2023ના રોજ સ્વરાએ એક સુંદર દીકરીને જન્મ આપ્યો, જેથી તેનું માતા બનવાનું સપનું આખરે સાકાર થયું**

# પેરિસ ફેશન વીકમાં છવાઈ ઐશ્વર્યા રાય

## બ્લેક ગાઉન સાથે હેર કલરના કૉન્ટ્રાસ્ટને કારણે તેમનો સમગ્ર લુક અલગ દેખાતો હતો.



પેરિસ

પેરિસ ફેશન વીક 2026માં ઐશ્વર્યા રાય બચ્ચનનો ખાસ અંદાજ જોવા મળ્યો હતો. એફિલ ટાવરના બેકગ્રાઉન્ડમાં યોજાયેલા લૉરિયલ પેરિસના ફેશન શોમાં ઐશ્વર્યાએ રેમ્પ વોક કર્યું હતું. બ્લેક વેલ્વેટ ગાઉન, ક્રાઉન જેવા હેડપીસ અને બરગંડી વાળ સાથે અભિનેત્રીનો લુક ચર્ચામાં રહ્યો હતો.

બ્લેક વેલ્વેટ ગાઉનમાં ઐશ્વર્યાનો લુક

ઐશ્વર્યા રાયે લૉરિયલ પેરિસના 'લે ડેફિલે 2026'માં રેમ્પ પર વોક કર્યું હતું. આ દરમિયાન તેમણે ડિઝાઈનર યારા શૂમેકરના ફોલ/વિન્ટર 2026-27 કલેક્શનનો આઉટફિટ પહેર્યો હતો. આ બ્લેક ફીટેડ વેલ્વેટ ગાઉન પર 3D ફ્રિન્જ એમ્બ્રોઈડરી કરવામાં આવી હતી. આ સાથે ક્રિસ્ટલથી સજાવેલો કેપ આપવામાં આવ્યો હતો, જે આઉટફિટનું મુખ્ય આકર્ષણ બન્યો હતો. ક્રાઉન સ્ટાઈલ હેડપીસે ઐશ્વર્યાના લુકને વધુ શાહી ટચ આપ્યો હતો. આ લુકમાં ઐશ્વર્યાના બરગંડી કલરના વાળ પણ ખાસ ચર્ચામાં રહ્યા હતા. બ્લેક ગાઉન સાથે હેર કલરના કૉન્ટ્રાસ્ટને કારણે તેમનો સમગ્ર લુક અલગ દેખાતો હતો. ફેશન શોના વીડિયો અને તસવીરો સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર ઐશ્વર્યાના લુકની ચર્ચા શરૂ થઈ હતી. ખાસ કરીને તેમનો ક્રાઉન સ્ટાઈલ હેડપીસ અને બ્લેક ગાઉન લોકોના ધ્યાનનું કેન્દ્ર બન્યા હતા. પેરિસ ફેશન વીકના આ ઈવેન્ટમાં ઐશ્વર્યા ઉપરાંત અનેક જાણીતા આંતરરાષ્ટ્રીય સ્ટાર્સ પણ હાજર રહ્યા હતા. સિમોન એશ્લી, સેલિન ડિયોન, ઈવા લોન્ગોરિયા અને કેન્ડલ જેનર સહિતની હસ્તીઓએ પણ શોમાં ભાગ લીધો હતો. શોના એક વીડિયોમાં ઐશ્વર્યા અને સેલિન ડિયોન સાથે જોવા મળ્યા હતા. બંનેએ એકબીજાને ગળે લગાવ્યા હતા અને બાદમાં સાથે ડાન્સ પણ કર્યો હતો.

# 2 કરોડના ખર્ચે બનેલી 'હનુમાન અંશ' અધધ 400 કરોડ કમાણી

## 52મા દિવસે 'ધુરંધર'ની કમાણીનો રેકોર્ડ તોડ્યો, 2026ની ત્રીજી સૌથી મોટી ફિલ્મમાં સામેલ

હાનોઈ

માત્ર 2 કરોડના બજેટમાં બનેલી ફિલ્મ 'હનુમાન અંશ'એ 52 દિવસમાં વિશ્વભરમાં 400 કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. ફિલ્મે 52મા દિવસે એટલે કે રવિવારે રેકોર્ડ 9 કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ મામલે તેણે 'ધુરંધર' અને 'ધુરંધર 2' જેવી મોટી ફિલ્મોના પણ રેકોર્ડ તોડી નાખ્યા છે, જેમણે 52મા દિવસે માત્ર 1-2 કરોડની કમાણી કરી હતી. આ સાથે જ 'હનુમાન અંશ' ફિલ્મ 'મિર્ઝાપુરઃ ધ મૂવી' અને 'ભૂત બંગલા' જેવી ફિલ્મોને પાછળ છોડીને વર્ષની ત્રીજી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બનવાનો રેકોર્ડ પણ બનાવ્યો છે.

ફિલ્મ 'હનુમાન અંશ'એ શુક્રવાર, 25 સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં પોતાના 50 દિવસ પૂર્ણ કર્યા. સામાન્ય રીતે આટલા લાંબા સમય બાદ મોટાભાગની ફિલ્મોની કમાણી ધીમી પડવા લાગે છે, પરંતુ 'હનુમાન અંશ'ના કિસ્સામાં એવું થયું નથી. શનિવારે (26 સપ્ટેમ્બર) ફિલ્મે 6.50 કરોડ અને રવિવારે (27 સપ્ટેમ્બર) 9 કરોડનું કલેક્શન કર્યું. ફિલ્મનું વિશ્વવ્યાપી ગ્રોસ કલેક્શન હવે 401.20 કરોડ રૂપિયા થઈ ગયું છે. ફિલ્મે 52મા દિવસે સૌથી વધુ કમાણી કરવાનો રેકોર્ડ બનાવ્યો છે. આમાં ભારતમાંથી 362.70 કરોડ રૂપિયા અને વિદેશમાંથી 38.50 કરોડ રૂપિયાની કમાણી સામેલ છે. ફિલ્મની વિદેશોમાં રિલીઝ 11 સપ્ટેમ્બરે હોમ્બલે ફિલ્મ્સ દ્વારા શરૂ થઈ હતી, તેથી ત્યાં તેની સફર હજુ શરૂઆતના તબક્કામાં છે. આવનારા દિવસોમાં વિશ્વવ્યાપી કમાણી વધવાની અપેક્ષા છે. આ ફિલ્મના 49મા દિવસે એટલે કે 25 સપ્ટેમ્બરે સિદ્ધાર્થ મલ્હોત્રા-તમન્ના ભાટિયા સ્ટારર ફિલ્મ 'ધ-વનઃ ફોર્સ ઑફ ધ ફૉરેસ્ટ' સિનેમાઘરોમાં રિલીઝ થઈ. ફિલ્મે 8 કરોડ રૂપિયાનું બોક્સ ઑફિસ કલેક્શન કર્યું, જ્યારે આ દિવસે 'હનુમાન અંશ'એ 3.35 કરોડની કમાણી કરી. ફિલ્મ 'ધ વન'એ 33 કરોડ રૂપિયાનું બોક્સ ઑફિસ કલેક્શન કરી લીધું છે.





# રામાયણને લઈને રણબીરે કહ્યુ 'આ માત્ર ભૂમિકા નથી, જવાબદારી છે

## ફિલ્મના ઘણા ભાગોનું શૂટિંગ ગ્રીન સ્ક્રીન પર કરીને VFXની મદદથી તેને ભવ્ય ઈમારતમાં પરિવર્તિત કરવામાં આવ્યું છે

બરનાલા

28 સપ્ટેમ્બર 2026ના રોજ રણબીર કપૂરના 44મા જન્મદિવસના ખાસ અવસરે સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મ 'રામાયણ'નો પડદા પાછળનો વીડિયો જાહેર કરવામાં આવ્યો છે. ફિલ્મના ઘણા ભાગોનું શૂટિંગ ગ્રીન સ્ક્રીન પર કરીને VFXની મદદથી તેને ભવ્ય ઈમારતમાં પરિવર્તિત કરવામાં આવ્યું છે. આ દરમિયાન રણબીર કપૂરે ભગવાન રામની ભૂમિકા ભજવવાની જવાબદારી વિશે પણ વાત કરી છે. રણબીર કપૂરે ભગવાન રામનું પાત્ર ભજવવાની જવાબદારી અંગે કહ્યું છે કે, આ માત્ર ફિલ્મની ભૂમિકા નથી, પરંતુ એક જવાબદારી છે. તેણે કહ્યું, 'આ ભૂમિકા નથી. એવું નથી કે મને એક ફિલ્મની ઓફર થઈ અને આ ભૂમિકા રોમાંચક લાગી. આ એક જવાબદારી છે.' અરુણ ગોવિલની વાત રણબીરને યાદ રહી રણબીરે અરુણ ગોવિલના વખાણ કર્યા. તેણે કહ્યું કે, 'અરુણ સર આપણા સૌ માટે આઈકોનિક ભગવાન રામ છે. અરુણ ગોવિલની એક વાત મારા મનમાં રહી ગઈ. તેમણે કહ્યું, "ક્ષમા ધર્મ, ક્ષમા યજ્ઞ, ક્ષમા વેદ, સનાતન. ભગવાન રામની સૌથી મોટી શક્તિ તેમનું ધનુષ્ય નહોતું. તે તેમની ક્ષમા હતી. તેમની અંદર માફ કરવાની ક્ષમતા હતી.' રણબીરની કાસ્ટિંગ પર અરુણ ગોવિલે કહ્યું- 'હાલના સમયમાં જેટલા પણ સ્ટાર્સ છે, તેમાં રણબીર રામનું પાત્ર ભજવવા માટે સૌની સરખામણીમાં સૌથી નજીક છે.' રણબીર કપૂર અને સાઈ પલ્લવી સ્ટારર 'રામાયણ'ના પ્રમોશનને લઈને શનિવારે મુંબઈની ફિલ્મ સિટીમાં આવેલા પ્રાઈમ ફોકસ સ્ટુડિયોમાં એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો સમય પહેલા બપોરે 12 વાગ્યાનો જણાવવામાં આવ્યો હતો, જેને બાદમાં બપોરે 1 વાગ્યાનો કરવામાં આવ્યો. નક્કી કરાયેલા સમય મુજબ મીડિયા કાર્યક્રમના સ્થળે પહોંચી ગયું હતું.

# સૂરજ બડજાત્યાની 'યે પ્રેમ મોલ લિયા'માં નવરાત્રીનો રંગ, હિમેશ રેશમિયાનું પહેલું ગરબા ગીત 'જય અંબે બોલ' રિલીઝ

મુંબઈ

'યે પ્રેમ મોલ લિયા'ની ઉજવણી હવે વધુ ખાસ બની ગઈ છે. ફિલ્મના ટાઈટલ ટ્રેક બાદ રાજશ્રી પ્રોડક્શન્સે ફિલ્મનું નવું ગીત 'જય અંબે બોલ' રિલીઝ કર્યું છે. હિમેશ રેશમિયાનું આ જોશીલું ગરબા ગીત નવરાત્રીના રંગ અને ઉત્સાહને ફિલ્મના સંગીત સાથે જોડે છે. આયુષ્માન ખુરાના અને શર્વરી પર ફિલ્માવવામાં આવેલું 'જય અંબે બોલ' ગરબાના ઉત્સાહ અને ઉજવણીથી ભરપૂર છે. રંગબેરંગી માહોલ, શાનદાર ડાન્સ અને ઝડપી બીટ્સ સાથે આ ગીત નવરાત્રીનો માહોલ બનાવે છે. ગીતને હિમેશ રેશમિયાએ કમ્પોઝ કર્યું છે, શ્રેયા ઘોષાલે પોતાનો અવાજ આપ્યો છે અને તેના બોલ મયૂર પુરીએ લખ્યા છે. ફિલ્મનું ટાઈટલ ટ્રેક 'યે પ્રેમ મોલ લિયા'




પહેલેથી જ દર્શકોને ફિલ્મની ભાવનાત્મક દુનિયા સાથે જોડી ચૂક્યું છે. આયુષ્માન અને શર્વરીની જોડી સાથે આ ગીત પ્રેમ, સંબંધો અને પરિવારની સુંદર ઝલક રજૂ કરે છે. હવે 'જય અંબે બોલ' સાથે ફિલ્મના સંગીતમાં એક અલગ જ રંગ જોવા મળી રહ્યો છે. ખાસ વાત એ છે કે 'જય અંબે બોલ' હિમેશ રેશમિયાની લાંબી અને શાનદાર સંગીત સફરનું પહેલું ગરબા ગીત છે. 11 ઓક્ટોબરથી શરૂ થનારી નવરાત્રી પહેલા રિલીઝ થયેલું આ ગીત આ ખાસ તહેવાર માટે એકદમ યોગ્ય સમયે આવ્યું છે. ગીતની ધૂનથી લઈને તેના સંગીત સંયોજન સુધી, 'જય અંબે બોલ'માં ગરબાની એ જ એનર્જી જોવા મળે છે, જે લોકોને નવરાત્રી દરમિયાન ડાન્સ ફ્લોર પર ગરબા કરવા માટે ઉત્સાહિત કરે છે. શ્રેયા ઘોષાલનો દમદાર અવાજ ગીતમાં વધુ ઊર્જા ઉમેરે છે, જ્યારે હિમેશ રેશમિયાનું સંગીત તેને એક ખાસ ઉત્સવી અંદાજ આપે છે. 'યે પ્રેમ મોલ લિયા'ની વાર્તામાં પ્રેમ, પરિવાર અને સંબંધોની મહત્વની ભૂમિકા છે અને ફિલ્મનું સંગીત પણ આ જ લાગણીઓને આગળ વધારે છે. સૂરજ આર. બડજાત્યાની પારિવારિક અને દિલને સ્પર્શી જાય તેવી વાર્તા સાથે હિમેશ રેશમિયાનું સંગીત ફિલ્મની દુનિયાને વધુ સુંદર બનાવે છે. જ્યાં 'યે પ્રેમ મોલ લિયા'નું ટાઈટલ ટ્રેક પ્રેમ અને લાગણીઓની વાત કરે છે, ત્યાં 'જય અંબે બોલ' ફિલ્મમાં ઉજવણી અને ઉત્સાહનો રંગ ભરે છે. આ રીતે ફિલ્મનું સંગીત પ્રેમ, પરિવાર અને સાથે મળીને ખુશીઓ મનાવવાની ભાવનાને એકસાથે રજૂ કરે છે. રાજશ્રી પ્રોડક્શન્સ (પી) લિમિટેડ અને મહાવીર જૈન ફિલ્મ્સના સહયોગથી રજૂ થતી 'યે પ્રેમ મોલ લિયા'નું નિર્દેશન સૂરજ આર. બડજાત્યાએ કર્યું છે.

### 14 ટીમ, 12 વેન્યૂ અને 57 મેચ; નામીબિયા યજમાન હોવા છતાં ક્વોલિફાયર રમશે

# વન-ડે વર્લ્ડ કપ 2027નું શેડ્યૂલ 1 ઓક્ટોબરે જાહેર થશે

મુંબઇ

ICC વન-ડે વર્લ્ડ કપ 2027નું શેડ્યૂલ એક ઓક્ટોબરે જાહેર કરશે. આ જાહેરાત સાઉથ આફ્રિકાના કેપ ટાઉનમાં થશે. ટુર્નામેન્ટ સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયામાં રમાશે. વર્લ્ડ કપમાં પહેલીવાર 14 ટીમ 57 મેચમાં ભાગ લેશે. તેમાં 12 સ્થળો પણ સામેલ છે.




ટુર્નામેન્ટ 2 ઓક્ટોબર 2027થી 21 નવેમ્બર સુધી રમાય તેવી શક્યતા છે. અહેવાલો અનુસાર, 2 ઓક્ટોબરે ગાંધી જયંતીના દિવસે વર્લ્ડ કપ શરૂ કરવાની યોજના છે. વર્લ્ડ કપમાં 14 ટીમને સ્થાન મળશે. તેમાં સાઉથ આફ્રિકા અને ઝિમ્બાબ્વેને યજમાન હોવાને કારણે સીધું સ્થાન મળ્યું છે. બાકીના 8 સીધા સ્થાનો 30 સપ્ટેમ્બર 2026ની ICC વન-ડે રેન્કિંગના આધારે નક્કી થશે. ચાર સ્થાન ક્વોલિફાયરથી મળશે. 23 સપ્ટેમ્બરની ICC ODI રેન્કિંગમાં ભારત પ્રથમ સ્થાને છે. તેના પછી ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા, પાકિસ્તાન, ઈંગ્લેન્ડ, શ્રીલંકા, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ ટોચના 10માં છે. સાઉથ આફ્રિકાને યજમાન હોવાને કારણે અલગથી સ્થાન મળતાં, ત્યાર બાદ રેન્કિંગમાં રહેલી બિન-યજમાન ટીમ માટે માર્ગ ખુલશે. વર્તમાન સ્થિતિમાં ભારત, ન્યૂઝીલેન્ડ, પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, શ્રીલંકા, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ સીધા ક્વોલિફિકેશનની સ્થિતિમાં છે.

વેસ્ટ ઈન્ડીઝ હાલમાં 10મા સ્થાને છે અને તેને ક્વોલિફાયરના માર્ગે વર્લ્ડ કપમાં સ્થાન મેળવવું પડશે. ક્વોલિફિકેશનનું અંતિમ ચિત્ર 30 સપ્ટેમ્બરની કટઓફ બાદ જ સ્પષ્ટ થશે. નામિબિયા યજમાન છે, પરંતુ તેનું સ્થાન નિશ્ચિત નથી આ વર્લ્ડ કપમાં નામિબિયાનો મામલો અલગ છે. સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયા ત્રણેય યજમાન છે, પરંતુ યજમાન હોવા છતાં નામિબિયાને સીધી એન્ટ્રી મળી નથી. તેને ક્વોલિફિકેશન રૂટમાંથી પસાર થવું પડશે. એટલે કે પહેલી વાર એવું બની શકે છે કે કોઈ યજમાન દેશની ટીમ પોતાના જ દેશમાં યોજનારા સિનિયર મેન્સ વર્લ્ડ કપમાં ભાગ ન લે.

ક્વોલિફાયરમાં કુલ 10 ટીમ હશે. તેમાં વેસ્ટ ઈન્ડીઝ, આયર્લેન્ડ, ક્રિકેટ વર્લ્ડ કપ લીગ-2ની ટોચની 4 ટીમ અને ક્વોલિફાયર પ્લેઑફની ટોચની 4 ટીમ સામેલ હશે. આ 10 ટીમમાંથી ટોચની 4 ટીમ વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થશે. ICCએ 2027 વર્લ્ડ કપનું ફોર્મેટ પણ બદલી દીધું છે. ટુર્નામેન્ટની શરૂઆત સુપર સિરીઝથી થશે. તેમાં 14 ક્વોલિફાઈડ ટીમમાં રેન્કિંગના આધારે 12મા, 13મા અને 14મા સ્થાને રહેલી ત્રણ ટીમ રાઉન્ડ-રોબિન રમશે.

## પાકિસ્તાનની ટ્રાઇ-સિરીઝમાંથી બહાર જોસ બટલર

મુંબઇ

ઈંગ્લેન્ડના વિકેટકીપર-બેટર જોસ બટલર પાકિસ્તાનમાં યોજાનારી ટ્રાઈ-સિરીઝમાંથી બહાર થઈ ગયો છે. તેને હેમસ્ટ્રિંગમાં ઈજા થઈ છે. આ સિરીઝ ઓક્ટોબરમાં ઈંગ્લેન્ડ, પાકિસ્તાન અને શ્રીલંકા વચ્ચે રમાશે. બટલર રિકવરી માટે ઈંગ્લેન્ડમાં રહેશે. તેની ગેરહાજરીમાં જોર્ડન કૉક્સને વિકેટકીપિંગની જવાબદારી મળી શકે છે. શ્રીલંકા સામેની મેચમાં થઈ હતી ઈજા. બટલરને ગયા અઠવાડિયે હેડિંગ્લે ખાતે શ્રીલંકા સામેની વન-ડે દરમિયાન હેમસ્ટ્રિંગમાં તકલીફ થઈ હતી. દુખાવો હોવા છતાં તે બાદમાં બેટિંગ કરવા માટે મેદાન પર પાછો ફર્યો હતો. ઈંગ્લેન્ડના લિમિટેડ ઓવર્સના કોચ બ્રેન્ડન મેકુલમે બટલર પાકિસ્તાન નહીં જાય તેની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું કે બટલર જલદી કમબેક કરવા માટે શક્ય તમામ પ્રયાસ કરશે. જોકે, તેની વાપસીમાં કેટલો સમય લાગશે, તે હજુ સ્પષ્ટ નથી. મેકુલમે કહ્યું કે ટીમમાં બટલરનું ન હોવું નિરાશાજનક છે. સાથે જ, તેનાથી અન્ય ખેલાડીઓને પોતાની ક્ષમતા દર્શાવવાની તક મળશે. વ્હાઈટ-બોલ ક્રિકેટમાં 10 હજાર રન પૂરા કર્યા ઈજાગ્રસ્ત થતાં પહેલાં બટલરે મોટી સિદ્ધિ હાંસલ કરી હતી. તેણે આ જ મહિને વન-ડે અને T20 ઈન્ટરનેશનલને મળીને 10 હજાર વ્હાઈટ-બોલ રન પૂરા કર્યા હતા. તે આ સિદ્ધિ હાંસલ કરનાર ઈંગ્લેન્ડનો પહેલો બેટર બન્યો. કૉક્સને વિકેટકીપિંગની તક બટલરની ગેરહાજરીમાં જોર્ડન કૉક્સને વિકેટકીપિંગની જવાબદારી મળી શકે છે. તેણે ધ ઓવલ ખાતે શ્રીલંકા સામેની વન-ડેથી ઈંગ્લેન્ડની ટીમમાં કમબેક કર્યું હતું.

### 11 દિવસ પહેલાં જામીન મળ્યા હતા

## બળાત્કારના આરોપી અભિષેક પોરેલની બંગાળ ટીમમાં કમબેક

નવી દિલ્હી

રેપનો આરોપી IPL ક્રિકેટર અભિષેક પોરેલની બંગાળની સિનિયર ટીમમાં વાપસી થઈ છે. તેને કોર્ટમાંથી જામીન મળ્યાના 11 દિવસ બાદ આસામ સામેની પ્રેક્ટિસ મેચ માટે ટીમમાં પસંદ કર્યો છે.




બંગાળની ટીમ 2 ઓક્ટોબરથી ગુવાહાટીના બરસાપારા ક્રિકેટ સ્ટેડિયમમાં આસામ સામે પ્રેક્ટિસ મેચ રમશે. આ મેચ રણજી ટ્રોફીની તૈયારી માટે રાખ્યો છે.

30 જૂને એક મેડિકલ વિદ્યાર્થિનીએ પોરેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જોકે, પોરેલે પોતાના પર લાગેલા આરોપોને નકારી કાઢ્યા છે. કોર્ટે 18 સપ્ટેમ્બરે તેને જામીન આપ્યા હતા. અભિષેક પોરેલ 2026-27ની હોમ સીઝન માટે જાહેર કરાયેલી બંગાળની સિનિયર ટીમના સંભવિત ખેલાડીઓની યાદીમાં સામેલ નહોતો. બંગાળની ટીમ 30 સપ્ટેમ્બરે કોલકાતાથી ગુવાહાટી માટે રવાના થશે. બંગાળનું રણજી ટ્રોફી અભિયાન 11 ઓક્ટોબરથી શરૂ થશે. ટીમની પ્રથમ મેચ દિલ્હી સામે કલ્યાણીમાં રમાશે. જોકે, અભિષેકને પ્લેઈંગ-11માં સામેલ કરવામાં આવશે કે નહીં તે હજુ નક્કી નથી.

શું છે સમગ્ર મામલો અભિષેક પોરેલ પર એક કોલેજ વિદ્યાર્થિનીએ બળાત્કાર, લગ્નનું વચન આપીને યૌન સંબંધ બાંધવા અને ગુનાહિત ધમકી આપવાના આરોપો લગાવ્યા હતા. ધરપકડ બાદ તે લગભગ 36 દિવસ જેલમાં રહ્યો હતો. મામલો હજુ કોર્ટમાં વિચારાધીન છે. 11 ઑગસ્ટ: ધરપકડ બાદ પોરેલને કોર્ટમાં રજૂ કર્યો. કોર્ટે તેને 3 દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધો.

# એશિયન ગેમ્સ: ભારતને છઠ્ઠો ગોલ્ડ મળ્યો

### 4X400M વુમન્સ રિલેમાં ભારતે ગોલ્ડ જીત્યો

મુંબઇ

ભારતીય મહિલા ટીમે 4x400 મીટર રિલેમાં 3 મિનિટ 29.69 સેકન્ડના સમય સાથે ગોલ્ડ મેડલ જીત્યો છે. એશિયન ગેમ્સમાં ભારતનો આ છઠ્ઠો ગોલ્ડ મેડલ છે. આ સાથે જ ભારતે સતત છઠ્ઠી વાર 50 મેડલ જીતવાની સિદ્ધિ મેળવી છે. ટીમે 2006 પછીથી દરેક એશિયન ગેમ્સમાં 50 કે તેથી વધુ મેડલ જીત્યા છે. આ પહેલાં મંગળવારે એથ્લીટ ગુલવીર સિંહે 5,000 મીટર રેસ 13 મિનિટ 42.75 સેકન્ડમાં પૂરી કરી બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ સાથે જ તે એશિયન ગેમ્સના એક જ સંસ્કરણમાં ત્રણ મેડલ (મેડલ હેટ્રિક) જીતનારા સૌપ્રથમ ભારતીય પુરુષ રનર બન્યો છે. તેણે આ અગાઉ 10,000 મીટર




અને 1,500 મીટર સ્પર્ધામાં સિલ્વર મેડલ જીત્યા હતા. બીજી તરફ, નિશાનેબાજ નીરૂ ઢાંડાએ વુમન્સ ટ્રેપ શૂટિંગમાં ગોલ્ડ મેડલ જીતીને નવો ઈતિહાસ રચ્યો છે. સ્પર્ધાના માત્ર 10 દિવસ પહેલાં જ ફ્લૂના કારણે હોસ્પિટલમાં દાખલ રહેલા નીરૂ આ ઈવેન્ટમાં ગોલ્ડ મેળવનારા પ્રથમ ભારતીય મહિલા બન્યાં છે. આ ઉપરાંત, ભારતે 4x100 મીટર મિક્સ્ડ રિલે સ્પર્ધામાં 41.06 સેકન્ડના સમય સાથે બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો. નીરૂ 10 દિવસ પહેલાં ભોપાલની હોસ્પિટલમાં દાખલ હતી. તેને સખત તાવ હતો. તે 5 દિવસ સુધી કંઈ પણ ખાવા-પીવાની સ્થિતિમાં નહોતી. ત્યારે તેના કોચ મનશેર સિંહે તેને બીમારી ભૂલીને પોતાનું સર્વસ્વ લગાવી દેવા માટે પ્રેરિત કર્યા હતા. આ ભારતનો એશિયન ગેમ્સ 2026માં પાંચમો ગોલ્ડ છે. આ વ્યક્તિગત સ્પર્ધાનો પહેલો ગોલ્ડ છે. શૂટર્સે ભારતને બીજો ગોલ્ડ મેડલ અપાવ્યો છે. પહેલો ગોલ્ડ પિસ્તોલ શૂટિંગના મિક્સ્ડ ઈવેન્ટમાં આવ્યો. આ પહેલા 8 સિલ્વર અને 4 બ્રોન્ઝ મેડલ અપાવી ચૂક્યા છે. શૂટિંગમાં અત્યાર સુધી 14 મેડલ આવી ચૂક્યા છે.

## બિઝનેસ

### ટાટા ટ્રસ્ટે વ્યૂહાત્મક પુનર્ગઠનનો પ્રસ્તાવ મૂક્યો

# રૂ.1.05 લાખ કરોડની આવકવાળી 2 કંપનીઓ ટાટા સન્સમાં ભેળવવાની તૈયારી

મુંબઇ

ટાટા સન્સને RBIના લિસ્ટિંગ નિયમોમાંથી બહાર રાખવા ટાટા ટ્રસ્ટે વ્યૂહાત્મક પુનર્ગઠનનો પ્રસ્તાવ મૂક્યો છે. આ અંતર્ગત, ટાટા ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ્સ સોલ્યુશન્સ (TESS) અને ટાટા કન્સલ્ટિંગ એન્જિનિયર્સ (TCE)ને ટાટા સન્સમાં ભેળવવાની દરખાસ્ત છે. આ મર્જરથી ટાટા સન્સની ઓપરેટિંગ આવક 1.05 લાખ કરોડ થશે, જે તેને NBFC વર્ગીકરણમાંથી મુક્ત કરશે. ટ્રસ્ટ્સ પાસે ટાટા સન્સમાં 66% હિસ્સો છે. ટાટા ગ્રૂપની હોલ્ડિંગ કંપની ટાટા સન્સને લઈને




ફરી એક મોટો કોર્પોરેટ ફેરફાર સામે આવ્યો છે. ટાટા ટ્રસ્ટ્સે ટાટા સન્સને ભારતીય રિઝર્વ બૅન્ક(RBI)ના એવા નિયમોના દાયરામાંથી બહાર લાવવા માટે વ્યૂહાત્મક રીસ્ટ્રક્ચરિંગનો પ્રસ્તાવ મૂક્યો છે, જેના કારણે કંપનીના શેરબજારમાં લિસ્ટિંગની સ્થિતિ ઊભી થઈ છે. પ્રસ્તાવ હેઠળ ટાટા ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ્સ સોલ્યુશન્સ(TESS) અને ટાટા કન્સલ્ટિંગ એન્જિનિયર્સ(TCE)ને ટાટા સન્સમાં મર્જ કરવાની વાત છે.

ટાટા ટ્રસ્ટ્સ પાસે ટાટા સન્સમાં આશરે 66 ટકા હિસ્સો છે. ટ્રસ્ટે આ પ્રસ્તાવ ટાટા સન્સના બોર્ડ સમક્ષ મૂક્યો છે. તેને આગળ વધારવા માટે પહેલા ટાટા સન્સના બોર્ડની મંજૂરી જરૂરી રહેશે અને ત્યારબાદ RBI સહિત સંબંધિત મંજૂરીની પ્રક્રિયા હાથ ધરવી પડશે. આ પ્રસ્તાવ એવા સમયે આવ્યો છે જ્યારે ટાટા ટ્રસ્ટ્સ અને ટાટા સન્સના બોર્ડ વચ્ચે કંપનીના ભવિષ્યના માળખા અને લિસ્ટિંગને લઈને મતભેદ સામે આવ્યા છે. ટાટા ટ્રસ્ટ્સે ટાટા સન્સને સ્ટોક માર્કેટમાં લિસ્ટ કરવાની દિશામાં આગળ વધવાના નિર્ણયનો વિરોધ કર્યો છે.

### નાયરા પંપો પર એક વાહનને માત્ર 200L ડીઝલ મળશે

# રિલાયન્સ અને નાયરાએ પેટ્રોલ-ડીઝલનું વેચાણ મર્યાદિત કર્યું

મુંબઇ

મોંઘા ક્રૂડ ઓઈલ અને સ્થિર રિટેલ કિંમતોને કારણે રિલાયન્સ-બીપી અને નાયરા એનર્જી જેવી ખાનગી કંપનીઓએ પેટ્રોલ-ડીઝલનું વેચાણ મર્યાદિત કરી દીધું છે. બ્લૂમબર્ગના અહેવાલમાં આ દાવો કરવામાં આવ્યો છે.

આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં ઓઈલની કિંમત 107 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગઈ છે, પરંતુ મે મહિનાથી પેટ્રોલ પંપો પર કિંમતોમાં કોઈ ફેરફાર થયો નથી. આ કારણે કંપનીઓને નુકસાન થઈ રહ્યું છે. અહેવાલ મુજબ, કંપની આવું કરીને એવા સંગ્રહખોરોને રોકવા માંગે છે, જેઓ ડ્રમમાં ઈંધણ ભરીને ઊંચા




ભાવે વેચે છે. નાયરા એનર્જીના આઉટલેટ્સ પર હવે એક વાહનમાં મહત્તમ 200 લિટર ડીઝલ અને 30 લિટર પેટ્રોલ જ આપવામાં આવી રહ્યું છે. બીજી તરફ, રિલાયન્સે વેચાણ પર કેટલાક પ્રતિબંધો લગાવ્યા છે તે સ્પષ્ટ નથી. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવ અને રશિયા-યુક્રેન યુદ્ધને કારણે સમગ્ર વિશ્વમાં પેટ્રોલ-ડીઝલની સપ્લાય પર ખરાબ અસર પડી છે. આ સપ્લાય સંકટને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે કિંમતોમાં ઘણો વધારો થયો છે. ગ્લોબલ માર્કેટમાં કિંમતો વધુ હોવાને કારણે ભારતીય રિફાઈનરીઓ માટે દેશમાં સસ્તું ઓઈલ વેચવા કરતાં વિદેશમાં નિકાસ કરવી વધુ ફાયદાકારક બની ગઈ છે. રેટિંગ એજન્સી ICRAના જણાવ્યા મુજબ, 9 સપ્ટેમ્બર સુધી ખાનગી કંપનીઓને પેટ્રોલ પર આશરે 5 પ્રતિ લિટર અને ડીઝલ પર 23 પ્રતિ લિટરનું નુકસાન થઈ રહ્યું હતું. હવે ક્રૂડ ઓઈલ 107 ડોલરને પાર જતાં આ નુકસાન વધ્યું છે.

### સોના-ચાંદીના ભાવમાં ઘટાડો

# સોના-ચાંદીમાં 'મોટું ગાબડું':2 દિવસમાં જ સોનું ₹5 હજાર અને ચાંદી ₹11 હજાર સસ્તી થઇ

**એક કિલો ચાંદી 1,373 રૂપિયા સસ્તી થઈને 2.22 લાખ રૂપિયા પર આવી ગઈ છે. બે દિવસમાં જ સોનાની કિંમતમાં આશરે 5 હજાર રૂપિયા અને ચાંદીની કિંમતમાં 11 હજાર રૂપિયાનો ઘટાડો થયો છે.**

મુંબઇ

સોનું-ચાંદી આજે એટલે કે 29 સપ્ટેમ્બરે સસ્તાં થયાં છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન એટલે કે IBJA મુજબ 10 ગ્રામ 24 કેરેટ સોનું 580 રૂપિયા ઘટીને 1.47 લાખ રૂપિયા પર આવી ગયું છે. એક કિલો ચાંદી 1,373 રૂપિયા સસ્તી થઈને 2.22 લાખ રૂપિયા પર આવી ગઈ છે. બે દિવસમાં જ સોનાની કિંમતમાં આશરે 5 હજાર રૂપિયા અને ચાંદીની કિંમતમાં 11 હજાર રૂપિયાનો ઘટાડો થયો છે. સપ્ટેમ્બરમાં અત્યાર સુધીના 28 દિવસમાં સોનું 9 હજાર અને ચાંદી 15 હજાર રૂપિયા સસ્તી થઈ છે. 31 ઓગસ્ટે સોનું 1.56 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતું, જે હવે ઘટીને 1.47 લાખ રૂપિયા પર આવી ગયું છે. તેવી જ રીતે, 1 કિલો



ચાંદીની કિંમત 2.37 લાખ રૂપિયાથી ઘટીને 2.22 લાખ રૂપિયા પર આવી ગઈ છે. શું આ ઘટાડો લાંબો સમય ચાલશે? નિષ્ણાતોનું માનવું છે કે હાલ સોના-ચાંદીના ભાવમાં ઉતાર-ચઢાવ ચાલુ રહી શકે છે: અમેરિકાની કેન્દ્રીય બેંક 'ફેડરલ રિઝર્વ'એ 3 વર્ષમાં પ્રથમ વખત વ્યાજદરમાં વધારો કર્યો છે. તેના કારણે સોનાના ભાવમાં ઘટાડો થયો છે. અમેરિકા-ઈરાન યુદ્ધ અને આર્થિક અનિશ્ચિતતાને કારણે સોનાને ટેકો મળી શકે છે. રોકાણકારો ફરીથી સોનાને સુરક્ષિત રોકાણ તરીકે પસંદ કરી શકે છે. રોકાણકારોએ સાવચેત રહેવું જોઈએ, કારણ કે બજારમાં હજુ પણ નબળાઈના સંકેતો દેખાઈ રહ્યા છે. કોઈપણ મોટા ઘટાડા દરમિયાન ખરીદીની તક પણ ઊભી થઈ શકે છે. જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો માત્ર પ્રમાણિત સોનું જ ખરીદો: હંમેશા બ્યુરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું જ ખરીદો. આ નંબર અલ્ફાન્યૂમેરિક એટલે કે કંઈક આ પ્રકારનો હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી સોનું કેટલા કેરેટનું છે તે જાણી શકાય છે. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમત અનેક સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે અલગ-અલગ હોય છે. અસલી ચાંદી ઓળખવાની 4 રીતો મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે.

# સેન્સેક્સમાં 200 અંકનો ઘટાડો, 72,500 પર ટ્રેડિંગ

- **નિફ્ટીમાં પણ 50 અંકનો ઘટાડો, સતત આઠમા અઠવાડિયે ઘટાડો યથાવત**

મુંબઇ

શેરબજારમાં આજે એટલે કે 29 સપ્ટેમ્બરે ઘટાડો છે. સેન્સેક્સ 200થી વધુ પોઈન્ટના ઘટાડા સાથે 72,500ના સ્તરે કારોબાર કરી રહ્યો છે. નિફ્ટીમાં પણ આશરે 50 પોઈન્ટનો ઘટાડો છે, તે 22,750 પર આવી ગયો છે. ઓટો, મેટલ અને મીડિયા શેરોમાં આજે વધુ વેચવાલી છે. આ પહેલાં ગઈકાલે એટલે કે 28 સપ્ટેમ્બરે પણ શેરબજારમાં ઘટાડો થયો હતો. સેન્સેક્સ 1124 પોઈન્ટના ઘટાડા સાથે 72,772 પર બંધ થયો હતો. નિફ્ટીમાં 360 પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો અને તે 22,780 પર બંધ થયો હતો. નિફ્ટીના 50 શેરોમાંથી, 42 શેરો લાલ નિશાનમાં ટ્રેડ થઈ રહ્યા હતા, જ્યારે આઠ શેરો વધી રહ્યા હતા. ટાટા મોટર્સ પીવી અને એચડીએફસી લાઈફ ટોચના નુકસાનકર્તાઓમાં સામેલ છે, જે 2.5% અને 2.7% ની વચ્ચે ઘટીને. ડૉ. રેડ્ડીઝ અને સિપ્લા લગભગ 1% વધ્યા છે. બપોરે 3.30 કલાકે સેન્સેક્સ અને નિફ્ટી બંને લાલ નિશાનમાં બંધ થયા. સેન્સેક્સ 242.65 પોઈન્ટના ઘટાડા સાથે 72,529 અંકે બંધ થયો. જ્યારે નિફ્ટી 64.05 પોઈન્ટના ઘટાડા સાથે 22,716.20 ક્ષેત્રીય કામગીરી પર નજર કરીએ તો, મીડિયા, આઈટી અને બેંકિંગ ક્ષેત્રોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી રહી છે.

### ગુજરાતના રાજકારણમાં મોટો ભૂકંપ

# વોટચોરીના મુદ્દે અમદાવાદમાં કોંગ્રેસનો મહા-વિરોધ અને ઉગ્ર આક્રોશ!

## "મતદાર યાદી સાથે ચેડાં એટલે લોકશાહીની હત્યા" - અમિત ચાવડા અને ડૉ. તુષાર ચૌધરીની આગેવાનીમાં ચૂંટણી પંચ સામે આરપારની લડાઈ!






અમદાવાદ

ગુજરાતની રાજનીતિમાંથી આજે એક અત્યંત સનસનાટીભર્યા અને પ્રચંડ વિરોધના સમાચાર સામે આવી રહ્યા છે. દેશભરમાં ચર્ચાનો વિષય બનેલા 'વોટચોરી' અને ચૂંટણી પ્રક્રિયામાં ગેરરીતિના ગંભીર આક્ષેપો વચ્ચે આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા અમદાવાદની ધરતી પરથી સરકાર અને ચૂંટણી પંચ સામે ઉગ્ર આંદોલનનું રણશિંગુ ફૂંકી દેવામાં આવ્યું છે. સેંકડોની સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરોએ કાળા કપડાં ધારણ કરીને રોષે ભરાઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું. પતંગ હોટલથી શરૂ થયેલી આ વિશાળ પદયાત્રા સરદાર બાગ સુધી પહોંચી હતી, જ્યાં કડકડતી સવાર કે ઉગ્ર માહોલ વચ્ચે કોંગ્રેસના આગેવાનોએ ધરણા-પ્રદર્શન યોજ્યા હતા. આંદોલનના અંતે ચૂંટણી કમિશનરનું પૂતળું દહન કરીને કોંગ્રેસે પોતાનો રોષ ખૂલ્લેઆમ વ્યક્ત કર્યો હતો. આ વિરોધ પ્રદર્શન દરમિયાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિત ચાવડાએ સરકાર અને ચૂંટણી પંચ પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે, વોટચોરી એ સીધી રીતે જનતાના મતાધિકાર સાથેની ગદ્દારી છે. સાચા મતદારનું નામ યાદીમાંથી કાપી નાખવું એટલે તેના લોકશાહી અધિકાર પર સીધો અને ઘાતકી હુમલો કરવા સમાન છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી પંચ જેવી સ્વાયત્ત અને તટસ્થ બંધારણીય સંસ્થા આજે વર્તમાન મોદી સરકારની માત્ર કઠપૂતળી બનીને રહી ગઈ છે. અમિત ચાવડાએ વધુમાં આક્રમક અંદાજમાં કહ્યું હતું કે, 'મોદી સરકાર અને જ્ઞાનેશકુમારની મિલીભગતથી ચાલતું આ વોટચોરીનું મોટું ષડયંત્ર હવે દેશી-દુનિયા સામે ખુલ્લું પડી ગયું છે. દેશના લોકો સાથે દ્રોહ કરનાર જ્ઞાનેશકુમારને તાત્કાલિક તેમના પદ પરથી હટાવવા જોઈએ અને તેમની સામે કાનૂની કાર્યવાહી કરી સીધા જેલ ભેગા કરવા જોઈએ.' તેમણે કટાક્ષ કર્યો હતો કે મોદી સરકારના શાસનમાં પેપર ચોરી, ચંદા ચોરી અને વોટ ચોરી બાદ હવે તો સીધી ચૂંટણી પંચની જ ચોરી થઈ રહી છે! વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીએ પણ આ પ્રસંગે સરકારને ઘેરતા કહ્યું હતું કે, ચૂંટણી પંચની એસ.આઈ.આર. (SIR) પ્રક્રિયાના નામે આજે દેશનો સામાન્ય મતદાર સીધો ભોગ બની રહ્યો છે. ખાસ કરીને આદિવાસી વિસ્તારો, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, બક્ષીપંચ તેમજ ગરીબ અને વંચિત વર્ગોના એક-એક મતને ટાર્ગેટ કરીને જે રીતે કાપવામાં આવી રહ્યા છે તે જરાય ચલાવી લેવામાં નહીં આવે.

## વિરમગામની સરકારી શાળાના આચાર્યના 'રંગરેલિયા'

### પત્નીએ જ પ્રેમિકા સાથે રંગેહાથ ઝડપી પાડતા શાળા પરિસરમાં મચી ગયો રાડારાડ!

અમદાવાદ

ગુજરાતના શિક્ષણ જગતને શર્મસાર કરી દેતી અને ચકત કરી દેતી એક અત્યંત સનસનાટીભર્યા સમાચાર અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકામાંથી સામે આવી રહ્યા છે. ભવિષ્ય ઘડવાની પવિત્ર જવાબદારી જેના શિરે છે તેવા એક સરકારી શાળાના આચાર્યની અનીતિ અને રંગરેલિયાનો પર્દાફાશ ખુદ તેમની પત્નીએ જ કર્યો છે. વાંસવા પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા પ્રિન્સિપાલે પોતાની જ શાળા કે વિસ્તારમાં ચલાવી રહેલી ગુપ્ત પ્રેમલીલાનો ભાંડો ફૂટી જતાં સમગ્ર પંથકમાં ભારે ચર્ચા અને આક્રોશનો માહોલ છવાઈ ગયો છે. મળતી વિશ્વસનીય વિગતો મુજબ, વિરમગામ તાલુકાની વાંસવા પ્રાથમિક શાળાના આચાર્ય લાંબા સમયથી પોતાની પવિત્ર ફરજ ભૂલીને અન્ય મહિલા સાથે પ્રેમસંબંધી રંગરેલિયા મનાવી રહ્યા હોવાની ગંધ તેમની પત્નીને આવી ગઈ હતી. પત્નીને જ્યારે આ અફેર અંગે પાક્કી બાતમી મળી, ત્યારે તેણે એક પાયલોટ પ્લાન બનાવીને અચાનક જ સ્થળ પર દરોડો પાડી દીધો હતો. આચાર્ય પોતાની પ્રેમિકા સાથે રંગેહાથ ઝડપાઈ જતા સ્થળ પર જ વાતાવરણ એકદમ તંગ બની ગયું હતું. પત્નીએ આચાર્યની આ ઘૃણાસ્પદ કરતૂતોનો વિરોધ કરતા સ્થળ પર જ જોરદાર હોબાળો મચાવી દીધો હતો. અચાનક થયેલા આ નાટક અને હોબાળાના કારણે આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા અને સરકારી શાળાના આચાર્યના આ કાળા કારનામા જોઈને સૌ કોઈ દંગ રહી ગયા હતા. સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે જ્યાં નાના-નાના માસૂમ બાળકો શિક્ષણ મેળવવા માટે આવે છે અને શિક્ષકને ગુરુ તથા ભગવાન સમાન ગણે છે, તે જ જગ્યાએ બેજવાબદાર આચાર્ય દ્વારા આ પ્રકારે શાળાની ગરિમા અને મર્યાદાને ઠેસ પહોંચાડવામાં આવે તે કેટલું યોગ્ય છે? આ ઘટના વાયરલ થતાં જ વિરમગામ પંથક અને અમદાવાદ જિલ્લાના શિક્ષણ વિભાગમાં હડકંપ મચી ગયો છે. સ્થાનિક વાલીઓ અને જાગૃત નાગરિકોમાં આચાર્ય સામે ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. લોકો હવે માંગ કરી રહ્યા છે કે આવા અનૈતિક પ્રવૃત્તિઓ કરનાર અને સરકારી નોકરીના નિયમોના ધજાગરા ઉડાવનાર આચાર્ય સામે જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) દ્વારા સત્વરે સસ્પેન્શન અને ખાતાકીય કડક કાર્યવાહી કરવામાં આવે, જેથી અન્ય કોઈ શિક્ષક આવું કૃત્ય કરવાની હિંમત ન કરે.

## સંક્ષીપ્ત સમાચાર

### અમદાવાદના વટવાના ઉત્સવ ફ્લેટમાં અસામાજિક તત્વોનો આતંક: મુખ્ય આરોપી અરુણ આહિર જેસૂર ભેગો!

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાડતી વધુ એક હચમચાવી નાખતી ઘટના વટવા વિસ્તારમાંથી સામે આવી છે. વટવા ખાતે આવેલા ધમધમતા ઉત્સવ ફ્લેટ પરિસરમાં મોડી રાત્રે અસામાજિક તત્વોએ મચાવેલા આતંકના કારણે આસપાસના રહીશોમાં ભારે ફફડાટ અને રોષની લાગણી ફેલાઈ ગઈ છે. સામાન્ય અને નિર્દોષ નાગરિકો દ્વારા પોતાની મહેનતના પૈસાથી વસાવવામાં આવેલા વાહનોને ટાર્ગેટ કરીને જે પ્રકારે ખૂની ખેલ જેવું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે, તેણે ફરી એકવાર સાબિત કરી દીધું છે કે શહેરમાં માથાભારે તત્વોને પોલીસનો કોઈ જ ડર રહ્યો નથી. પ્રાપ્ત વિગતો અનુસાર, આ સમગ્ર લોહિયાળ અને તોડફોડની ઘટના પાછળ રોનક પંચાલ નામના શખ્સની અંગત અદાવત જવાબદાર છે. રોનક પંચાલે પોતાની કોઈ જૂની કે નવી અદાવતનો બદલો લેવા માટે પોતાના કેટલાક ગુનાહિત માનસિકતા ધરાવતા મિત્રોને સાથે લીધા અને ઉત્સવ ફ્લેટના કંપાઉન્ડમાં ઘૂસી આવ્યા હતા. કોઈ પણ પ્રકારના ડર વગર આ ટોળકીએ ફ્લેટના પાર્કિંગમાં ઊભેલી ગાડીઓ અને મોટરસાઈકલોને નિશાન બનાવીને લોખંડી લાકડીઓ અને ધોકાઓ વડે ભારે તોડફોડ શરૂ કરી દીધી હતી.

### કૃષ્ણનગરના ચિત્રકૂટ ઔડા ફ્લેટમાં ખૂની ખેલ જેવો માહોલ: અસામાજિક તત્વો વચ્ચે રાક્ષસી મારામારીથી સ્થાનિકોમાં સન્નાટો!

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને લઈને ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે. કૃષ્ણનગર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા સંવેદનશીલ ચિત્રકૂટ ઔડા ફ્લેટ પરિસરમાં મારામારીની એક અત્યંત ઉશ્કેરાટજનક અને હચમચાવી નાખતી ઘટના સામે આવી છે. સામાન્ય દિવસોની જેમ ધમધમતા આ રહેણાંક વિસ્તારમાં અચાનક જ હિંસાનો વિસ્ફોટ થતાં આસપાસના રહીશોમાં ભારે ફફડાટ અને ચકચાર મચી ગઈ છે. લોકોના ઘરના દરવાજા સુધી પહોંચેલી આ હિંસાએ સાબિત કરી દીધું છે કે શહેરમાં ગુનેગારોને પોલીસ કે કાયદાનો કોઈ જ ડર રહ્યો નથી. પ્રાપ્ત વિગતો અનુસાર, ચિત્રકૂટ ઔડા ફ્લેટની અંદર અચાનક જ બે જૂથો કે અસામાજિક તત્વો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મામલો એટલો બગડ્યો કે લોહિયાળ મારામારી શરૂ થઈ ગઈ હતી. ફ્લેટના કંપાઉન્ડમાં ખુલ્લેઆમ ચાલેલા આ રાડા-રાડી અને મારામારીના દ્રશ્યો જોઈને સામાન્ય પરિવારો અને મહિલાઓ તથા બાળકો ડરીને ઘરની અંદર પુરાઈ જવા મજબૂર બન્યા હતા.

### બાવળાના કેરાળા ગ્રામ પંચાયતના સરપંચ રંજનબહેન મેર સસ્પેન્ડ, દારૂબંધીના કેસમાં સંડોવણી

અમદાવાદના બાવળા તાલુકાના કેરાળા ગામના સરપંચ રંજનબહેન મનસુખ મેર સામે પ્રોહિબિશન કેસમાં સંડોવણી બદલ અમદાવાદ DDO વિદેહ ખરેએ કાર્યવાહી કરી છે. 12,000 રૂપિયાનો 60 લીટર દેશી દારૂ ઝડપાયા બાદ તેમની અટકાયત થઈ હતી. 4 વખત તક આપવા છતાં યોગ્ય ખુલાસો ન આપી શકતા, તેમને તાત્કાલિક અસરથી સરપંચ પદેથી સસ્પેન્ડ કરાયા છે. અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના કેરાળા ગામના સરપંચ રંજનબહેન મનસુખ મેર સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. પ્રોહિબિશન (દારૂબંધી) કેસમાં સંડોવણી બદલ અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી (DDO) વિદેહ ખરે દ્વારા તેને તાત્કાલિક અસરથી સરપંચ પદેથી મોકૂફ (સસ્પેન્ડ) કરવાનો સત્તાવાર હુકમ કરવામાં આવ્યો છે. મળતી માહિતી અનુસાર, કેરાળા GIDC પોલીસ સ્ટેશન દ્વારા પાડવામાં આવેલી રેડ દરમિયાન 12,000 રૂપિયાની કિંમતનો 60 લીટર દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આ કેસમાં સરપંચ રંજનબેન મેર સામે ગુનો નોંધાયા બાદ પોલીસ દ્વારા તેમની અટકાયત કરવામાં આવી હતી. જનપ્રતિનિધિ તરીકે દારૂ જેવા ગેરકાયદે કૃત્યમાં સંડોવણી સામે આવતાં સમગ્ર પંથકમાં ભારે ચર્ચા જાગી હતી.

### નારોલમાં શાળાએથી ઘરે પરત ફરેલા બાળકનું ગળું લિફ્ટ વચ્ચે ફસાઈ ગયું, 12 વર્ષના માસૂમનું કરૂણ મોત!

અમદાવાદના નારોલ સ્થિત શાંતિ શુક્ર સોસાયટીમાં લિફ્ટ દુર્ઘટના બની. 12 વર્ષનો બાળક શાળાએથી પરત ફરતી વખતે લિફ્ટમાં ફસાયો. ટેકનિકલ ખામીને લીધે લિફ્ટ ધડાકાભેર પછડાતા બાળકનું ગળું ફસાયું. ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળે જ તેનું કરુણ મૃત્યુ થયું. આ ઘટનાએ સોસાયટીમાં શોકનો માહોલ સર્જ્યો. લિફ્ટના યોગ્ય મેન્ટેનન્સ અને બાળકોની સુરક્ષા અંગે ચિંતા ઉભી થઈ. શહેરના નારોલ વિસ્તારમાં આવેલી શાંતિ શુક્ર સોસાયટીમાં લિફ્ટ દુર્ઘટનામાં 12 વર્ષના માસૂમ બાળકને જીવ ખોવાનો વારો આવ્યો છે. શાળાએથી અભ્યાસ પૂરો કરીને ઘરે પરત ફરી રહેલા આ બાળકે ઉપરના માળે જવા માટે લિફ્ટનો ઉપયોગ કર્યો હતો. તે દરમિયાન અચાનક જ ટેકનિકલ ખામી સર્જાતાં લિફ્ટ ધડાકાભેર નીચે પછડાઈ હતી, જેમાં બાળકનું ગળું લિફ્ટ વચ્ચે ફસાઈ ગયું હતું. લિફ્ટમાં ગળું ફસાઈ જવાને કારણે ગંભીર ઈજાઓ પહોંચતાં માસૂમ બાળકે ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. અચાનક બનેલી આ ઘટનાથી સોસાયટીમાં અફરાતફરી અને આક્રંદનો માહોલ સર્જાયો હતો.

### અમદાવાદમાં હવે રોડ કે ફૂટપાથ પર લારી ફેરવવી પડશે ભારે

# AMCના એસ્ટેટ વિભાગનો સપાટો, શાકભાજી-ફ્રૂટ વેચનારાઓ પર કડક પ્રતિબંધ!



અમદાવાદ

અમદાવાદ શહેરમાં દિનપ્રતિદિન વધતી જતી ટ્રાફિકની સમસ્યા અને રસ્તાઓ પરના અસહ્ય દબાણોને ડામવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગે અત્યંત કડક અને મોટો નિર્ણય લીધો છે. હવેથી અમદાવાદ શહેરમાં કોઈપણ જાહેર રોડ અથવા ફૂટપાથ પર શાકભાજી અને ફ્રૂટ વેચવા પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. રોજબરોજ સવાર-સાંજ શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિકના લીધે વાહનચાલકોને થતી હાલાકીને ધ્યાનમાં રાખીને તંત્ર હવે એક્શન મોડમાં આવ્યું છે, જેના કારણે સામાન્ય લારીવાળા અને નાના વેપારીઓમાં હડકંપ મચી ગયો છે.

AMCના નવા નિયમ મુજબ, હવે શાકભાજી અને ફ્રૂટના વેપારીઓ રસ્તા વચ્ચે કે ફૂટપાથ ઘેરીને ગમે ત્યાં ધંધો નહીં કરી શકે. વેપારીઓએ માત્ર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ખાસ બનાવાયેલા અધિકૃત વેજીટેબલ માર્કેટ અથવા તો તંત્ર દ્વારા નિયત કરવામાં આવેલા ચોક્કસ સ્થળોએ જ જઈને પોતાનું વેચાણ કરવાનું રહેશે. રોડ-રસ્તાઓ પર અડચણરૂપ બનતા લારી-ગલ્લા ધારકો સામે તંત્ર દ્વારા હવે કોઈપણ પ્રકારની રહેમરાહ ન વર્તવાની ચેતવણી આપવામાં આવી છે.

તંત્ર દ્વારા સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યા છે કે જો હવે પછી કોઈ પણ વેપારી જાહેર રોડ કે ફૂટપાથ પર લારી ઊભી રાખીને કે પાથરણું પાથરીને વેચાણ કરતા ઝડપાશે, તો એસ્ટેટ વિભાગ તેની સામે ઘાતક કાર્યવાહી કરશે. નિયમ તોડનારાઓની લારીઓ અને લાખો રૂપિયાનો માલસામાન જપ્ત કરી લેવામાં આવશે, એટલું જ નહીં પરંતુ ભારે ભરખમ દંડ પણ વસૂલવામાં આવશે. અગાઉ અનેકવાર નોટિસો આપવા છતાં રસ્તાઓ ખાલી ન થતા હવે AMCએ સીધી જ જપ્તી અને દંડની નીતિ અપનાવી છે.

### અમદાવાદ પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતનો માસ્ટરસ્ટ્રોક

# ક્રાઈમ બ્રાન્ચની તાકાત વધારવા શહેરમાં 4 નવા યુનિટ્સ મેદાને!!



અમદાવાદ

અમદાવાદ શહેરમાં સતત વધી રહેલી વસ્તી, ઔદ્યોગિક વિસ્તારો અને વ્યાવસાયિક ગતિવિધિઓને ધ્યાનમાં રાખીને શહેર પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોત દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને ક્રાંતિકારી નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચની ફિલ્ડ પ્રેઝન્સ (ક્ષેત્રીય ઉપસ્થિતિ)ને વધુ ધારદાર અને લોખંડી બનાવવા માટે શહેરમાં ૪ નવી યુનિટ શરૂ કરવાનો ભીષણ સપાટો બોલાવવામાં આવ્યો છે. આ મહત્વાકાંક્ષી યોજના અંતર્ગત તાજેતરમાં જ યુનિટ-૧ અને યુનિટ-૨ નું વિધિવત ઉદ્ઘાટન કરી તેમને ધમધમતા કરી દેવામાં આવ્યા છે, જ્યારે બાકીના બે યુનિટ પણ ટૂંક સમયમાં મેદાનમાં ઉતરી જશે.

ક્રાઈમ બ્રાન્ચના આ નવા યુનિટ્સનું વિભાજન અત્યંત ઝીણવટપૂર્વક કરવામાં આવ્યું છે, જેથી ગુનેગારોને છુપાવવા માટે ક્યાંય આશરો ન મળે. પીઆઈ (PI) શ્રી જેબલિયા અને તેમની ટીમની કુશળ આગેવાની હેઠળ વટવા, ઈસનપુર, નારોલ, જીઆઈડીસી વટવા, રામોલ અને ખોખરા વિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે. પીઆઈ (PI) શ્રી ધાખડા અને ટીમ દ્વારા ઓઢવ, નિકોલ, નરોડા, કૃષ્ણનગર, સરદારનગર, બાપુનગર, રખિયાલ, અમરાઈવાડી અને ગોમતીપુર જેવા સંવેદનશીલ વિસ્તારોની કડક જવાબદારી સંભાળવામાં આવી છે. આ યુનિટ દ્વારા ચાંદખેડા, મોટેરા, સાબરમતી, રાણીપ, નારણપુરા, વાડજ અને એરપોર્ટ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની કમાન સંભાળવામાં આવશે.

### સિંધુભવન રોડ પર નાઈટ ચેકિંગમાં મોટો પર્દાફાશ

# ઈલેક્ટ્રિક વાહનની ડેકીમાંથી નીકળ્યો હાઈબ્રિડ ગાંજાનો જથ્થો!

### તાજ હોટેલ પાસે પાર્લર સંચાલક રાજેશકુમાર દેવાસીને પહોંચાડવાનો હતો માલ : કૃણાલ પ્રવીણભાઈ પટેલ સહિત ચાર શખ્સો સામે સરખેજ પોલીસે NDPS એક્ટ હેઠળ ગાળિયો કસ્યો

અમદાવાદ

અમદાવાદના પોશ અને ધમધમતા એવા સિંધુભવન રોડ પર રાત્રિના સુમારે પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલા સઘન વાહન ચેકિંગ દરમિયાન એક ચોંકાવનારો કાળો કારોબાર પકડાઈ ગયો છે. પોલીસની નજર શંકાસ્પદ લાગતા રોકવામાં આવેલા એક ઈલેક્ટ્રિક વાહનની ડેકી ખોલવામાં આવી, અને અંદરથી જે પેકેટ બહાર આવ્યું તેણે ખાખી વર્દી અને સમગ્ર વિસ્તારને હચમચાવી દીધો છે. વાહનની ડેકીમાંથી લાખોની કિંમતનો હાઈબ્રિડ ગાંજો મળી આવતા ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સિંધુભવન રોડ પર રાત્રિના અંધારામાં પોલીસની ટીમ પોતાના નિયમિત વાહન ચેકિંગની ડ્યુટી પર હતી. તે વેળાએ એક ઈલેક્ટ્રિક વાહનને રોકીને પોલીસે તલાશી લીધી હતી.

જ્યારે પોલીસે વાહનની ડેકી ખોલી ત્યારે અંદરથી એક શંકાસ્પદ પેકેટ મળી આવ્યું. ઝીણવટભરી તપાસ કરતાં તેમાંથી 31 ગ્રામ અને 610 મિલિગ્રામ હાઈબ્રિડ ગાંજો મળી આવ્યો હતો. પોલીસ દ્વારા જણાવવામાં આવ્યું છે કે જપ્ત કરાયેલા આ હાઈબ્રિડ નશીલા પદાર્થની બજાર કિંમત અંદાજિત 15 હજાર 805 રૂપિયા થાય છે.

પોલીસે આ કેસમાં ઊંડાણપૂર્વક તપાસના ચક્રો ગતિમાન કરતા જ એક પછી એક કડીઓ ખુલવા લાગી હતી.

પોલીસ તપાસમાં સાફ થઈ ગયું છે કે આ ઘાતક નશીલા પદાર્થનો જથ્થો મુખ્યત્વે કૃણાલ પ્રવીણભાઈ પટેલ પાસેથી લાવવામાં આવ્યો હતો.

કોને પહોંચાડવાનો હતો? આ માલ સિંધુભવન રોડ પર આવેલી જાણીતી તાજ હોટેલ પાસે આવેલા 'રિચીરિચ પાન પાર્લર' પર આપવાનો હતો, જેનો સ્વીકાર રાજેશકુમાર દેવાસી નામના શખ્સ દ્વારા કરવાનો હતો.

### અમદાવાદ પૂર્વમાં દારૂડિયા પતિનો આતંક; ત્રણ માસૂમ બાળકો ભૂખ્યા રહેવા મજબૂર

અમદાવાદ

અમદાવાદ પૂર્વ વિસ્તારમાંથી એક અત્યંત સંવેદનશીલ અને ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં ઘર સંભાળવાની જવાબદારી નિભાવવાને બદલે એક દારૂડિયા પતિએ પોતાના જ પરિવારને બરબાદીના આરે લાણી દીધાનું બહાર આવ્યું છે. પતિના અતિશય દારૂના નશા અને દૈનિક ત્રાસથી કંટાળીને આખરે પીડિત મહિલાએ મદદ માટે '181 અભયમ મહિલા હેલ્પલાઈન' નો સહારો લીધો હતો. અભયમની ટીમને ઘટનાસ્થળે રૂબરૂ મળતા પીડિતાએ પોતાની આપવીતી વર્ણવતા જણાવ્યું હતું કે, તેનો પતિ અવારનવાર દારૂના નશામાં ચૂર થઈને ઘરમાં ક્લેશ મચાવે છે અને તેની સાથે મારપીટ પણ કરે છે. પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ હતી કે ઘરમાં રસોઈ પણ બનતી નહોતી, જેના કારણે ત્રણ નાનાં-નાનાં માસૂમ બાળકોને ભૂખ્યા સૂવાનો વારો આવતો હતો. પિતાની આ હાયવોય અને અમાનવીય વર્તનને કારણે આબોહવા માસૂમ બાળકોના માનસિક સ્વાસ્થ્ય પર પણ ઘેરી અસર કરી રહી હતી.

### અમદાવાદમાં ખાખીની દાદાગીરી

# ઠક્કરનગર ખાતે નો-એન્ટ્રીમાં ઘૂસેલી ટ્રકને રોકવા પોલીસ કોન્સ્ટેબલે ચાલુ વાહને ઈંટોથી કર્યો પથ્થરમારો!

અમદાવાદ

ગુજરાતના પાટનગર અને સંસ્કારી નગરી ગણાતા અમદાવાદ શહેરમાંથી ખાખી વર્દીની લાપરવાહી અને અસહ્ય દાદાગીરીનો એક અત્યંત ચોંકાવનારો અને ખતરનાક મામલો સામે આવી રહ્યો છે. શહેરના વ્યસ્ત વિસ્તાર ગણાતા ઠક્કરનગર ખાતે ટ્રાફિક પોલીસે કાયદાના રક્ષક બનવાને બદલે ખુલ્લેઆમ કાયદો હાથમાં લીધો હોવાની ઘટના બની છે.

નો-એન્ટ્રીના નિયમનો ભંગ કરીને ટ્રક હંકારી રહેલા ડ્રાઈવરને રોકવા માટે એક ટ્રાફિક કોન્સ્ટેબલે હદ વટાવી દીધી અને સીધી ઈંટ લઈને ચાલતી ટ્રક પર પથ્થરમારો કરી દીધો હતો! આ ભયાનક દ્રશ્યો જોઈને આસપાસના સ્થાનિક નાગરિકો પણ સ્તબ્ધ થઈ ગયા હતા. મળતી વિગતો મુજબ, અમદાવાદના ઠક્કરનગર વિસ્તારમાં એક ભારે વાહન (ટ્રક) ના ડ્રાઈવરે નો-એન્ટ્રી ઝોનમાં ટ્રક ઘુસાડી દીધી હતી. ડ્રાઈવર દ્વારા ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન બાબતે ત્યાં ફરજ પર હાજર રહેલા ટ્રાફિક પોલીસ કર્મીએ તેને તુરંત રોકવાનો પ્રયાસ કર્યો હતો.

પરંતુ ડ્રાઈવરે પોલીસની સૂચનાને અવગણીને ટ્રક ત્યાંથી ભગાડી મૂકવાની કોશિશ કરી હતી. બસ, આટલી વાતથી ઉશ્કેરાઈ ગયેલા ટ્રાફિક કોન્સ્ટેબલે ગુસ્સામાં આવીને કાયદાકીય મર્યાદાઓ નેતાવે મૂકી દીધી અને રસ્તા પર પડેલી ઈંટ હાથમાં લઈને પૂરઝડપે જઈ રહેલી ટ્રક પર જોરદાર પથ્થરમારો કરી દીધો હતો. ચાલુ વાહને પોલીસ દ્વારા કરાયેલા આ પથ્થરમારાના કારણે ટ્રક ચાલકનો કાબૂ ગુમાવવાનું જોખમ તો સર્જાયું જ હતું, પરંતુ આસપાસ પસાર થઈ રહેલા નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓના જીવ પણ જોખમમાં મૂકાયા હતા. આ ચકચારી ઘટનાને પગલે ઘટનાસ્થળે લોકટોળાં એકત્ર થઈ ગયા હતા અને ટ્રાફિક પોલીસની આ વસ્તી-વિરોધી અને જોખમી કામગીરી સામે આક્રોશ ફાટી નીકળ્યો હતો. સ્થાનિક લોકોમાં ભારે ચર્ચા જાગી હતી કે આ કૃત્ય કરનાર કોન્સ્ટેબલ 'આઈ ડિવિઝન ટ્રાફિક પોલીસ' હેઠળ ફરજ બજાવતો કર્મચારી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI